શ્રી બાળાકૃત માધવમાળા.

પદ ૧૧૪.

જુદા જુદા રાગનાં.

રચી પ્રસિદ્ધ કરનાર,

બાઇ અંબાબાઇ.

(મેહેતા ભાઇચંદભાઇ શામજીભાઇ

સીહોરકરનાં દીકરી.)

શીહોર. (કાઠીઆવાડ.)

આવૃત્તિ ૧ લી.   પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૯.   સને ૧૯૧૩.

"શ્રી સત્યનારાયણ પ્રિન્ટિંગ પ્રેસ"માં પટેલ મોતીલાલ
કાળીદાસે છાપી. ડીસ્ટ્રીકટ કોર્ટ પાસે; અમદાવાદ.

કીંમત અમૂલ્ય.

શુદ્ધિપત્ર.

પાનું.	લીંટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૯	૧૨	સમજતા.	સજતા.
,,	૧૪	છીએ,	છીએ ?
૧૭	૪	પછી તો	પછીનું
૧૯	૧૮	કરે	હરે
૨૬	૧૪	જન્મ	જમ
૨૯	૬	ફટકાની	પટકાની
૪૦	૮	પાપીની	પાપની
૪૨	૧૯	યમ પાશ	યમ પાશથી
૪૫	૬	જાઇએ	જોઇએ
૪૮	૬	અભિલાષ	અભિલાષી
૪૯	૯	ઉતાર્યા.	ઉતારી
૫૨	૨૦	ધ્રાલ્યુ ઝાઝું,	ધ્રાલ્યુ
૫૩	૧૦	હતી	અતી
,,	૧૧	માયામાં દોડી;	માયામાં હું દોડી;
૫૮	૧૩	આવે	આવી
૬૧	૧૭	જતા	જાતા
૬૨	૧	તાર	તારો
૬૩	૧૪	દારીદ્ર પળાય.	દારીદ્ર દુર પળાય
૬૫	૩	પૌઢ	પ્રૌઢ
૬૭	૧૦	સ્હાયત	સ્હાયતા
૬૯	૯	મેનાજ	મનોજ
૭૦	૧	ધ્રને	ધ્રૂને

પાનું.	લીંટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૭૨	૫	ઉગારી	ઉગાર
૭૯	૨	થકી	રમી
૮૦	૮	જબ્બર	જબ્બરો
૮૧	૯	ક છું	કહું છું
૯૦	૫	ધાત	વાત
૯૨	૬	વાણીકર	વણકરને.
૯૭	૬	દ્રૌપદિ	દ્રૌપદિની.
,,	૨૦	ભાર	માર.
૧૦૮	૧૬	શુભ પથે સહુ પરવરો.	શુભ પંથે પરવરો
૧૧૦	૯	બતાવી દીધી	બતાવી ને દીધી
૧૧૫	૯	કાળાનો	કાળનો
૧૧૬	૨૦	થઈ છું હું હુલાસ	થઇ છું હુલાસ
૧૨૭	૨૦	આવે ગે'શે	આવી એશે

॥ श्री हरि ॥

પ્રસ્તાવના.

લઘુ ગ્રંથની પ્રસ્તાવના પણ લઘુજ શોભે. લેખકે પોતાનું નામ પણ બાળા રાખ્યું છે. સૌ પુજ્ય પ્રભુના બાળક છીયે પોરબંદર સંસ્થાનમાં આવેલ માધવપુર ગામમાં બીરાજતા માધવરાય ત્રીકમરાય પર તેણીનું મન મોહ્યું, ને તેના પરિણામમા આ પદો બન્યાં; જે વિશે તેણીયે ગ્રંથમાંજ કહ્યું છે.

વાંચનારાઓના ધ્યાન પર એટલુંજ આણવાનું કે પ્રજાહીન વૈધવ્ય પ્રાપ્ત થયેલ અબળાને પીતાના પ્રતાપે પ્રભુનો આધાર મળવાથી તે કેવી ઠેકાણે પડી ગઇ તેનો આ નમુનો છે. તેણીના પીતા ભાવનગર રાજ્યના વંશપરંપરાના કાર્યભારી ને પોતે પણ પ્રતિષ્ઠીત પેન્શનર કપોળ જ્ઞાતિના વણિક ગૃહસ્થ રા. રા. ભાઇચંદભાઇ શામજી મહેતા વૈશ્નવ છે. એટલે છેવટ તેણીને શ્રીનાથ–માધવનું સેવનજ ગમ્યું તે તેણીને પ્રાપ્ત થયું છે ને તેજ તેના આ ભક્તિભાવની વૃદ્ધિ કરશે. માત્ર ગુજરાતી લખવા વાંચવા શિવાય વધુ કાંઇ ન જાણનાર એકદમ આટલાં પદ લખી કાઢે એ શ્રી હરીની જ કૃપા છે. તેના જેવી બીજી બ્હેનોને પણ તે

દુઃખમાં દીલાસાભૂત ને જીવનના આધારરૂપ થયાં છે ને થતાં જાય છે. ભગવાન તેમાં વૃદ્ધિ કરે, એજ આશીર્વાદ.

બીજા આષાઢ શુદ ૧૦
સંવત ૧૯૬૮ મંગળ.
તા. ૨૩-૭-૧૯૧૨.
મુ. શીહોર.

લી.
અનંતપ્રસાદ.

અર્પણ પત્રિકા.

હેય પ્રત્યનીક અનેકાનેક કલ્યાણ ગુણગણાલંકૃત
પરમપૂજ્ય ભગવાન શ્રી માધવપ્રભુ.

આપની અનુકંપાથી ઉદ્ભવેલી માળા આપનેજ અર્પવી તે જો કે દેખીતું બાળક્રિડા જેવું મ્હારૂં મુગ્ધ ચેષ્ટિત હાસ્યાસ્પદ થશે, પરંતુ દીર્ઘદૃષ્ટિથી વિચાર કરતાં જ્યારે આખું જગત્ પણ આપમય છે, ત્યારે પછી મ્હારો દેહ પણ આપનીજ વસ્તુ ઠરે છે. પછી એમાં મ્હારૂં ત્હારૂં રહેતું નથી. તથાપિ ભાવના એજ ભવનિવારક છે એટલે જૂદી જૂદી કલ્પનાનુસાર જૂદી જૂદી વ્યક્તિઓ અનેકરૂપે આપને કલ્પિ દેવા લેવાનો વ્યવહાર કરે છે. તેમ જોતાં ભક્તકુળ પરંપરાના નિયમાનુસાર હું પણ આમ વાસ્તવિક જોતાં આપની વસ્તુ આપને અર્પણ કરૂં છું. તથાપિ પારકું પોતાનું કરી બથાવી પડનારાંઓના કરતાં આ વિચાર કંઈક ઉંચી કોટીનો હોવાથી આપ મ્હારા પ્રતિ વાત્સલ્યવાન થશો અને શુદ્ધ ભક્તિના પોષક બનશો એવી અભિલાષાથી આ માધવમાળા આપનાં ત્રિલોકપાવન ચરણ કમળમાં નિવેદન કરી કૃતાર્થ થાઉં છું.

લી.
આપની ચરણરજ સેવીકા,
અંબાના દંડવત્ પ્રણામ.

ઉપોદ્‌ઘાત.

જગતમાં પ્રાણીમાત્ર સૂખને ચાહે છે અને દુઃખને ધિઃકારે છે; છતાં કોઇને સૂખ મળતું નથી અને દુઃખ ટળતું નથી. આમ હોવાથી ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવા માટેજ અવનવા ધર્મો, મતો, પંથો, મંડળો, અને સમાજો સ્થપાયાં છે. સ્વાર્થી જીવ અધિરો થઇ સૂખ આમાં હશે કે આમાં એમ મુંઝાઇ એક માર્ગ લઇ અધિરો થઇ બીજો તજે છે. એમને એમ કેટલાક ધૈર્ય રહીત જીવોને ભટકતાં ભટકતાં મનની શાન્તિ થતી નથી, અને પોતાના દેહની-જીવનની ઘડીયો પૂર્ણ થઇ રેહેતાં પોતેજ સંશયમાં અને સંશયમાં અવસાને દેહ છોડી ચાલ્યો જાય છે. પછી વળી પણ પ્રારબ્ધ કર્મ રચીત બીજી દેહને સંપાદન કરે છે. આમ નામ, જન્મ, મરણ પુનઃ પુનઃ પ્રાપ્ત કરતો જીવ કેહેવાતી ચોરાશીલક્ષ યોનીમાં ભટકયા કરે છે. પણ ખરા સૂખને કદી મેળવી શકતો નથી. કદાચિત્ દેખીતાં રમ્ય લાગતાં સાંસારિક સૂખને મેળવી પોતાને કૃતાર્થ માને છે, પણ તે સૂખ કેવું વિષરૂપ છે તે તેના ભોગકાળે તે જીવને ખ્યાલ પણ આવતો નથી, અને એમજ માને છે કે જાણે હું હજારો વર્ષ જીવી અજર, અમરજ રહેવાનો છું, એટલે સદા આવી સ્થિતિમાંથી ભ્રષ્ટ થવાનો નથી.

પરંતુ કાળની બળવત્તર ગતિના પ્રવાહનો અચાનક ઝપાટો લાગતાં તે બધી આશાઓ નીરાશાના રૂપમાં પલટાઈ જતાં એક જન્મમાંજ જ્યારે બીજા જન્મનો તેને અનુભવ થાય છે, એટલે આંખ ઉઘડે છે અને માયાના મોહથી સ્હેજ જાગી પાછો સૂખાભાસનો દેખાવ થતાં તે સ્થિતિમાં પણ આનંદજ માને છે.

કદાચ ક્ષણુભર જગતનું મીથ્યાપણું જણાતાં છતાં તે સ્મશાન વૈરાગ્ય જેવુંજ થાય છે. જેમકે સ્મશાનમાં જતાં માણસોનાં પીગળેલાં હૃદયમાં એવું થાય છે કે ખરેખર આ બધું ખોટું છે, એક દિવસ સર્વસ્વ છોડી અતિ પ્રીય દેહ કે જેના સૂખને માટે આપણે આટલુ આટલું કરીએ છઇએ તે ક્ષણભંગુર છે, અંતે કૃમી, વિષ્ટા, કે ભસ્મ રૂપે થવાની છે, એ નિશ્ચય છેઃ ઇત્યાદિ ઇત્યાદિ વિચારો અંતરમાં આવે છે. જેને આપણે સ્મશાન વૈરાગ્ય નામ આપીએ છઇએ, તે પણ ખરી રીતે વીચારતાં આ જમાનામાં કોઇકને જ થતો હશે; બાકી વજ્રમય છાતીવાળા, વિષયને જ ઇચ્છનારા જીવોને તો મરવું, જનમવું એ સ્વભાવ જ છે. એવી માન્યતા હોવાથી તેવા તેવા જનોના લાગણીશૂન્ય અંતઃકરણમાં ઉપર લખ્યા સ્મશાન વૈરાગ્યને પણ અવકાશ મળતો નથી. તેવાઓ તો દિવસરાત્રી પરાયાં સૂખ જોઇ બળે છે અને પોતાને એવું સૂખ

મળે તેના માટે અનેક યોજનાઓ ઘડવી એમાંજ તેનો અમુલ્ય સમય વ્યતિત થાય છે.

સૂખી કોને કહેવો ? એ વિષય ઉપર વિચાર કરતાં મહાત્માઓ માયાના અકળ પ્રપંચમાં એક પણ નિશ્ચય ઉપર નથી આવ્યા કે અમુક લોક, સ્રી, ધન કે યોની જેને હોય તે સૂખી છે. આ બ્રહ્માંડમાં રંકથી રાજા સૂધીનાને પૂછો તો કોઇ કેહેશે નહી કે અમે સૂખી છઇએ. જગતનો વ્યવહાર બહુધાદૃષ્ટિએ એવો આવે છે કે બીજાનું જોઈ પોતાનું હલકું માનવું અને બીજાના જેવું મેળવવા મથવું. તે પ્રાપ્ત કરવા શક્તિ હોય અને પ્રારબ્ધવશાત્ તેવું કે તેનાથી શ્રેષ્ઠ મળ્યું એટલે તેનાથી વળી અધીક સૂખવાળા સામું જોઇ પોતાને હલકો માની તેવું મેળવવા આશાઓ બાંધવી. વળી તેમ કરવા પણ મંડવું અને અંતે ઇચ્છા પાર ન પડી તો સમયના ભોગરૂપી પેહેલી હાની અને પાછળના સંતાપરૂપી બીજી હાની થાય છે, એટલે બેવડું દુઃખ થવું એમજ જન્મ પૂરો કરી કોઇ અનિવાર્ય મરણ શક્તિને સ્વાધિન થવું અને પુનઃ વળી ભવાબ્ધિના પ્રવાહમાં તણાવું; એ આપણી માયાવશ જીવોની પરિસ્થિતિ શાસ્રાથી અને અનુભવથી સમજાય છે.

આ ઉપરથી એક એવો નિયમ જણાય છે, કે પોતાથી ઉંચી સ્થિતિવાળા સામે જોતાં સાર્વભૌમ રાજા પણ દરિદ્રીજ

થાય છે, અને પોતાથી નીચી સ્થિતિવાળા સામે જોતાં એક ભિખારી પણ સંપત્તીવાન ગણાય છે. આવું સમજતાં જીવોનો પણ સ્વભાવજ એવો ઘડાયો છે કે તેની દ્રષ્ટી ઉચીજ છે. એટલે આપણે દુઃખી થવાનું કારણ પણ એજ છે. કારણ કે માર્ગે ચાલતો વટેમાર્ગુ જો ઉચુ જોઈ ચાલશે તો ઠેશ ખાશે. પણ નીચું જોઈ ચાલશે તો તેને કેવી શાન્તિથી પોતાનો માર્ગ કપાશે તે આપણે પોતાનેજ અનુભવાયલું છે

હમેશાં ફળ તરફ દ્રષ્ટી રાખવામાં દુઃખ છે, અને કૃતિ તરફ દ્રષ્ટી રાખવામાં સૂખ છે. આપણે કેરી તરફ જોશું ને મેળવવા ઇચ્છશું; તેના કરતાં આંબા તરફ જોઈ તેને ઉછેરવામાં ધ્યાન આપશું તો કૃતી પછી ફળ તો તૈયાર જ છે કદાચ ધન હોવાથી આપણે કેરી વેચાતી લઈ ખાશું તો તે ક્ષણીક અને પરતંત્ર સૂખ છે પણ આંબો ઉછેરવાથી કાયમનું અને સ્વતંત્ર આમ્ર ભોજનનું સૂખ મળશે એ નક્કી છે. એમ છતાં જમાનો જ એવો છે કે કર્મ કરવાના કરતાં ફળ તરફ દ્રષ્ટી નાખનારો સમુહ વધારે છે તો દુઃખી થવાનું કારણ પણ તેજ છે, કે કર્મ કરવું નહીં અને પરબારૂં ફળનાં ભોગી થવું તે વર્તમાન કાળના દેહધારીઓનો સ્વભાવ થયો છે. વિચારો કે અન્ન ખાવું ખરૂં, પણ પેદા કરવું તેનો વિચાર જો છોડાતો જશે તો પરિણામે બધાને અન્નના અભાવે ભૂખે મરી જવાનો સમય પ્રાપ્ત થશે. એ અનુમાનની પેઠે અત્ર

પણ સૂખ શું ? અને તે શેનાથી પેદા થાય છે ? તત્સંબંધી કોઇ વિચાર કરતું નથી. અને દુઃખ શું ? અને તે કેમ જાય ? તેનો પણ વિચાર કર્યા વીના માત્ર સૂખ અને દુઃખ એ બે સ્થિતિ અનુક્રમે ચહાવું અને તજવું એટલું સમજે છે. એટલે સૂખ મેળવવા જતાં દુઃખ થાય છે, અને દુઃખ તજવા જતાં તેથી વધુ દુઃખમાં સપડાવું પડે છે.

કોઇપણ વસ્તુનું મૂળ કારણ જાણ્યા વિના તે વસ્તુ પ્રાપ્ત કરવી, અને સતત્ આપણને રહે એમ ઇચ્છવું: એના જેવી બીજી મુર્ખાઇ નથી. જગત્‌જનોનાં મનાએલાં સૂખનો ઉત્પાદક હેતુ પૂણ્ય છે, અને દુઃખનો ઉત્પાદક હેતુ પાપ છે; એમ શાસ્ત્રો પોકારીને કહે છે. પણ આપણે જ્યારે પાપને તજતા નથી અને પૂણ્યને સમજતા નથી, ત્યારે કહો દુઃખ કેમ ટળે ? અને સૂખ કેમ મળે ? કયારેય પણ આપણે પૂણ્ય તરફ વળીએ છીએ, અને પાપ કરતાં પાછું વાળી જોઇએ છીએ ? કહો, જયારે બીજનો જ નાશ કરવા તત્પર થઇશું અને વૃક્ષ કે ફળની આશા રાખીશું એ શું આપણે આપણી ભુલ કબુલ કરવી ન જોઇએ ? જે ડાળે બેઠા તેને કાપીએ એટલે શું થાય ? તે આપણે સારૂં સમજતા હોઇએ તો બીજનો નાશ નહિં કરશું, તોજ ફળની આશા રખાશે એમ સમજવું.

સજ્જનો ! સમજવું એક વાત છે, અને વર્તનમાં મૂકવું બીજી વાત છે. વાત કરવી સ્હેલ છે અને પાળવી અઘરી

છે. તે ઘણીવાર આપણેજ ઉચ્ચારીએ છીએ, તથાપિ તેમાંનું કંઇપણ જ્યારે આપણે વર્તનમાં ન મૂકીએ ત્યારે આપણે આત્મઘાતીજ થઇએ છીએ, અને સૂખને નથી ઈચ્છતા પણ વાસ્તવિક દુઃખના જ ઉપાસક છીએ એટલે સૂખ દુઃખના માટે હર્ષ શોક કરવો અને સૂખ મેળવવા તથા દુઃખ તજવા ઇચ્છવું તે ખરેખર હવામાં કિલ્લા બાંધવા જેવું જ છે.

સૂખ દુઃખનો વાસ્તવિક વિચાર કરતાં એ પણ એક સંજ્ઞાજ છે. એટલે નામ છે અને તે નામ હોવાથી ઉપનીષદ્‌ના વિચાર પ્રમાણે મિથ્યા છે, મનની માન્યતા જ છે. ખરા વિચારથી જોતાં તો સૂખ દુઃખ કોઇ વસ્તુ નથી, પણ મનોમય ચક્રના એક તરફના ફેરને સૂખ કહે છે અને તેથી ઉલટી તરફના ફેરને દુઃખ કહે છે. ખરી વસ્તુ સૂખ દુઃખથી પર છે એટલે આપણી સૂખી દુઃખી વૃત્તીને તજવા જ્યાં સૂધી કમરબંધ થઈશું નહીં ત્યાં સૂધી શાન્તિનો કદી અનુભવ કરી શકવાના જ નથી. સૂખ દુઃખ એ જો મિથ્યા ન હોય, અને મનોમય ભાવના ન હોય અને શારિરીક, વ્યવહારીક સ્થિતિ ઉપર જ તેનો ખરો આધાર હોય તો પછી યોદ્ધાના શરીર ઉપર પડેલા વજ્રમય પ્રહારો છતાં તેનો આનંદ અને શૌર્યહિન કાયરના શરીર ઉપર થયેલી એક ફોડલી તેનો શોક એ સ્થિતિ વિચારતાં આપણે શારિરીક શાન્તિ અશાન્તિમાં સૂખને માનવા જતાં મુંઝાવું પડશે. તેમ જ સાર્વભોમ રાજા કે જે

હિરાજડીત્ર સૂવર્ણમય સિંહાસન ઉપર બિરાજતાં છતાં મા-યાની હજુ વધુ તૃષ્ણામય સ્થિતિ, અને બીજી તરફ એક વૃક્ષ નીચે બેઠેલા દિવસોના દિવસોથી ભૂખ્યા માહાત્માની સં-તોષમય વૃત્તી તરફ દ્રષ્ટી નાખતાં, સંપત્તીમાંજ સૂખ છે એ વિચાર પણ આપણો નષ્ટ થશે. આમ સૂખ દુઃખનો ખરો વિચાર કરતાં તત્સબંધે લખતાં ગ્રંથોના ગ્રંથો ભરાયા છે તો એક અલ્પ મતિવાળી હું બાળા તે સબંધમાં શું લખી શકીશ ? એમ માની એટલેથી જ અટકી મ્હને કયાં સૂખ અને શાન્તિનું દર્શન થયું છે તે મ્હારા અનુભવના પ્રસ્તુત વિષય ઉપર આવું છું.

આપણું વેદાંત શાસ્ત્ર કથે છે, કે સૂખ દુઃખનો હેતુ આપણું મન જ છે. જો તે વિષયમાં આસક્ત રહે તો દુઃખી, અને વિષયથી વિરક્ત રહે તો સૂખી. માટે હવે એવી સૂખી અવસ્થા કે જે કદી જનારી જ નથી તે કેમ મળે, એના માટે આગળ પાછળનો વિચાર કરવાનો રહે છે.

હું જ્યારે આ સ્થિતિમાં આવી નહોતી અને જ્યારે મને પ્રારબ્ધવશાત્ વૈધવ્ય પ્રાપ્ત થયું, ત્યારે મને એટલો સંતાપ થયો હતો કે જેનું વર્ણન ગ્રંથની પ્રસ્તાવનામાં મારાથી લખી શકાશે નહીં, એમ નહીં પણ તે વેદના માત્ર મારા હૃદય શિવાય અન્યને સમજાવવા મ્હારી શક્તિ નથી. વિધવા થયા પછી એવી શોકમય સ્થિતિનો કેટલાક મહિ-

નાઓ અનુભવ કરતાં ક્યાંય શાન્તિ થતી નહોતી, ત્યારે હું મ્હારા અને મ્હારા સ્વર્ગસ્થ પતિના પરમ સદ્ગુરૂ શ્રી જ્યોતીર્મઠાધિશ્વર શંકરાચાર્ય મધુસુદનાનંદ માહારાજનાં દર્શનાર્થે શ્રી વૈરાટ ક્ષેત્ર ગઇ ત્યાં શ્રી સદ્ગુરૂએ મને માયાની મોહજાળ તોડાવા ઉપર લખ્યો બોધ આપવા ઉપરાંત પોતાની જ્ઞાનમય વાણીથી ચમત્કારીક પ્રસાદી આપી કે ત્યારથી મને શોકની શાન્તિ વળી ગઇ, અને પછી પ્રભુ સેવામાં લગાડવા તેમના તરફથી મને જે મૂર્તિમાં ભાવ થાય તેની સેવા કરવા આજ્ઞા થતાં સાકાર મૂર્તિમાં મને પ્રેમ થયો અને સેવાનો વિધિ જાણતાં ન જાણતાં પણ માત્ર પ્રેમવશ થઇ કરવાનો મેં નિશ્ચય કર્યો. તદનંતર થોડા સમયમાં મ્હારા તીર્થરૂપ પીતાશ્રી મેહેતા ભાઇચંદભાઇ શામજીભાઇની શીતળ છાયામાં વસતાં મને પોરબંદરમાં પધારેલા શ્રી વૈષ્ણવ માહાત્મા અનંતપ્રસાદજીના સત્સંગ માટે સાથે તેડી ગયા તે વખતમાં તેમના ઉપદેશને લઇ મારી ભાવના ભગવત ભજન અને શેવામાં વધતી ગઇ અને ત્યાં રાજમાતુ એટલે માહારાજા તખતસીંહજીનાં સૂશીલ પુત્રી રામબા સાહેબના જે સદ્ગુણો ભક્તિ ધર્મ વિગેરેની કિર્તિ મેં સાંભળી હતી તે પ્રત્યક્ષ દર્શનનો લાભ મને મળ્યો અને તેમણે મારા તરફ ભગિની ભાવથી એટલી બધી કૃપા બતાવી અને પ્રસંગોપાત સદુપદેશનાં વાક્યો જણાવી શ્રી માધવરાયજીનાં દર્શન કરવા

માધવપુર જવા આજ્ઞા આપી અને તે પ્રમાણે હું માધવપુર ગઇ. સાર એ કે આપણા શાસ્ત્રકારો ગાઇ ગએલા છે કે પ્રતાપીનાં વચનનું પરિણામ સારૂં આવે છે તે પ્રમાણે મને આપેલા આશીર્વાદનું પરિણામ નિચે જણાવીશ તે પ્રમાણે સારૂં આવવાથી તેમનો પણ આ જગ્યોએ મહાન્ ઉપકાર માનું છું. માધવપુર જઇ ત્યાં તે માધવ પ્રભુની મૂર્તિનાં દર્શન કરતાં જ મ્હારૂં મન એવું તો તેમના તરફ ભાવવાળું થયું કે હવે મને વિચાર થઇ પડયો કે આ ભગવાનની કેવા શબ્દોમાં મારે સ્તુતી કરવી. ઘડીભર મુંઝાણી અને મનમાં ને મનમાં ઉંડા વિચારમાં પડી. એટલીવારમાં શ્રીમદ્ ભાગવતનું ધ્રુવજીનું આખ્યાન મને યાદ આવ્યું કે ધ્રુવજી પાંચ વરસના હતા ત્યારે ભગવાન પ્રસન્ન થયા પછી ધ્રુવને મનમાં સ્તુતિ કરવા ઘણી હોંશ છતાં પોતે બાળક હોવાથી એક અક્ષર પણ બોલાઇ શકાયો નહીં, ત્યારે પ્રભુએ કૃપા કરી તેને ગાલ ઉપર વેદમય શંખ ફેરવી વાચા આપી એટલે તુરત તેમણે અદ્‌ભુત સ્તુતિ કરી જે અદ્યાપી આપણે શ્રીમદ્ ભાગવતમાંથી સાંભળીએ છઇએ. એ વિચારથી પછી મેં પણ પ્રભુની મનમાં પ્રાર્થના કરી એટલે તુરત મને અનાયાસે એક પદ અંતઃકરણમાં સ્ફુર્યું અને તત્કાળ બનાવી ગાવા લાગી. પ્રભુએ ભક્તનું બીરદ રાખ્યું એથી મને અધિક શ્રદ્ધા અને ભાવ પ્રકટયાં, અને હું માત્ર જુના જમાનાની રીતિ પ્રમાણે કકા

બારાક્ષરીની જ જાણનાર બાળાને ઉતરોત્તર પદો કરવામાં ભાવના જોડાણી તે વાત મારા પુ. પિતાશ્રીને જણાવતાં તેઓએ અતિ હર્ષ જણાવી એ કામમાં જ મચ્યા રેહેવા મને આજ્ઞા થઇ એટલે પછી તે માધવરાય પ્રભુના સન્મુખજ મેં “ માધવ-કીર્તન માળા ” કરવા નિશ્ચય કર્યો, તે શ્રી માધવરાયે પ્રેરણા કરી નિર્વિઘ્ન પાર પાડયો; એટલે મ્હેં મ્હારા પ્રભુ પાસે ગાઇ આનંદ લેવા માંડયો. કેટલીક ભાવીક બ્હેનોના તરફથી પદો છપાવવા મને સૂચના થઇ પણ મ્હારે કંઇ છપાવી નામ રાખવા કે વિદ્વાન ગણાવા ઇચ્છા ન હોવાથી મેં તે વાતને ગણકારી નહીં, પણ જ્યારે મારા પુજ્ય એવા મહાપુરૂષોએ જ્યારે મને એવા કારણ સાથે સમજાવી કે આ પદો છપાવવાથી લોકોમાં આપણે એટલું દેખાડી શકીશું, કે ‘ मुकं करोति वाचालं ’ એ વ્યાસ વચન કેટલું સત્ય છે તેની આ કળી કાળમાં નિશાની છે. એવું જ્યારે મ્હને બહુજ સમજાવવામાં આવ્યું ત્યારે મને આમ કરવામાં પરોપકાર જણાવતાં અણમણતે મને છપાવવા હા પાડવા ફરજ પડી અને તેના પરિણામ રૂપે આપ વાચકની દ્રષ્ટી આગળ આ લઘુ ગ્રંથ મુકુંછું.

આ ગ્રંથમાં પદોમાં છંદો કે રાગો બરાબર તાલ–સુરમાં ગોઠવાયા નથી તેનું કારણ મ્હારૂં તાન કેવળ ભક્તિ અને શરણાગતી ઉપરજ છે અને એ આવેશમાં તેમજ છંદ શાસ્ત્રના અજ્ઞાનને લઈને મારાથી તાળ માનનો કંઇ વિચાર થઇ

શકયો નથી. કેહેવત છે કે "જ્યાં આવે પ્રેમની રોડી ત્યાં નહિ કેદારો કે ગોડી". તેમજ આમાં પણ પ્રેમને વશ થઇ નવા નવા રાગો જેમ જેમ સાંભળતી ગઇ તેમ તેમ બંધબેસ્તું કરીને પરમાત્માના ગુણ ગાવાનુંજ તાન છે. અને આ છપાવવામાં પણ બીજાઓ એવા પ્રેમી અને ભાવીક બને અને પરમેશ્વર એને પણ સહાયક થાય અને તેમની શ્રદ્ધા વધે એજ હેતુ છે. શાસ્ત્ર કહે છે કે જ્યારે સત્યયુગ હતો ત્યારે માણસો ધ્યાનથી મોક્ષ મેળવતા. પછી ત્રેતામાં યજ્ઞ યાગાદિક તેના સાધન થયાં. દ્વાપર આવતાં શેવાનેજ મૂખ્ય પદ મળ્યું હતું. અને હવે કલીયુગ આવતાં "कलौ केशव किर्तनात्" એટલે કલીયુગમાં કેવળ કેશવ કિર્તનથીજ મોક્ષ છે એટલે પરમાત્માની શેવા કે ધ્યાન ન કરવાં એવો હેતુ નથી, પણ પૂર્વ પૂર્વનું કરતાં છતાં પણ આજનો સમય જ વિચીત્ર છે, કે ધ્યાન કરશું તો મનની સ્થિરતા નહીં રહે, યજ્ઞ યાગાદિ કરશું તો યોગ્ય સામગ્રી નહીં મળે, એટલે રળવાને બદલે ખોવાનો ધંધો થશે; કારણ વિધી પ્રમાણે થાય તો ફળ અને ભુલ થતાં અફળ. અને વળી પાપ થાય તે વધારાનું. તેમ શેવા વિધી પણ હાલ કરવા જતાં અન્ન, જળ કે દેશની જોઇએ તેટલી શુદ્ધી રેહેશે નહીં. માટેજ પછી શેવા કરવી ખરી પણ ભુલને માટે પરમાત્માનીજ પ્રાર્થના અને શરણાંગતી વિના બીજો ઉપાય નથી. એટલે શરણ થઇ કાલું-

ધેલું ગાવું અને બનતું કરવું. સામાન્ય ધર્મ. દયા, દાન, વ્રત, તપ, અહિંસા, અસ્તેયાદિક પાળવા એટલેજ કલ્યાણ છે. બાકી સ્વબળથી તો આજ તરી શકાશે નહીં એટલે જ પરબળની આવશ્યકતા છે. પરમાત્મા પણ એ વાટજ જુવે છે કે કોઇ શરણુ લેનાર છે? કારણુ કે જેમ 'માગનાર વિના દાતારપણું રહેતુંજ નથી', 'પાણી વિના નદી કે સમૂદ્રપણું રેહેતુંજ નથી' તેમ શરણુ લેનાર વિના પ્રભુનું પણ શરણાંગત વત્સલપણાનું વ્રત મિથ્યા થાય છે. માટે તે તો તૈયાર છે, માગનારની વાર છે. પ્રાચીન સમયમાં અર્જુન, અંબરીષ, શિવરી, વિભીષણ, જેણે જેણે માગ્યું તેને આપ્યું છે. એટલુંજ નહીં પણ અર્વાચિન સમયમાં નરસિંહ મેહેતા, મિરાંબાઇ, આદિ ભકતોના દાખલા મોજુદ છે.

માટે હે સજ્જનો ! જો તમો સૂખનેજ ચાહતા હો, અને દુઃખને તજવા ઇચ્છતા હો તો પરમાત્માના શરણુ સિવાય ક્યાંઇ નિત્ય સૂખની આશા રાખવા જેવી નથી. માટે નિશ્ચે માનજો કે માયામાં આપણને કદિ કોટી વર્ષે પણ સૂખ મળવાનું ાથી. માટે શરણ ગ્રહો એજ બાળાની નમ્ર પ્રાર્થના અને ગા પ્રયાસ છે.

આ બધું નિર્વિધ્ન પાર પડ્યું તેમાં મને માનસિક ાળ તો શ્રી માધવ પ્રભુનું જ છે. એ વાત મેં ઉપર ઘણા ાંસ્તારથી બતાવી છે. પરંતુ શારિરીક અનુકુળતાઓમાં મને

શ્રી માધવપુરથી અત્રે શીહોર આવતાં મ્હારાં પરમ પુજ્ય તિર્થ-રૂપ માતા પિતા તથા મ્હારા સૂશિલ ભાઈઓ તથા તેમનાં પત્નિઓ તથા કુટુંબો કે જેમણે મને કેવળ મારા વૈધવ્ય પછી તો શું કર્તવ્ય છે તે બરાબર સમજી મને ભગવત ભજન કરવા ઉત્તેજન આપ્યું, અને મેં પણ સ્ત્રી કદી સ્વતંત્ર નથી હોતી એ મનુ વચન અનુસાર તે બધાંઓની છાયામાં રહી તેમ કરવા માંડયું; અને હજુ કરે જાઉં છું. જે અનુકુળતા-થી આ લઘુ ગ્રંથ લખવામાં મને સહાયક છે તેને માટે પરમ કૃપાળુ પરમાત્મા કે જેણે મને આ માવીતરોને ત્યાં જન્મ આપ્યો તેને માટે પણ એ દિન દયાળ પરમાત્માનો ઉપકાર માનું છું.

આ ગ્રંથ લખવામાં તેમ સૂધારવામાં મને જેમણે જે-મણે મદદ કરી છે તે તે સજ્જનોનો અત્ર ઉપકાર માનું છું, અને વાચકવૃંદો આગળ પણ નમ્ર વિનંતી કરૂં છું, કે આ ગ્રંથ કેવળ પ્રભુ પ્રાર્થનાનો હોવાથી છંદ શાસ્ત્રના ગુણ-દોષ સામી દ્રષ્ટી ન કરતાં, તે સબંધી ભુલોની મને માફી આપી તમો પરમાત્માનું ખરા અંત:કરણથી શરણ જ લેશો તો ઇચ્છશો તે તે, પરમ દયાળુ માધવ પ્રભુ તમને આપશે અને અંતે તારશે. સાંસારિક સાથે પારલૌકીક સૂખ મેળવશો અને સૂખી થશો. ઉપનિષદ પણ કહે છે કે જે તે પ્રભુને વરે છે તેને તે પોતાનું શરીર વરાવે છે. તે ઉક્તિને ધ્યાનમાં લઈ

પ્રભુને વરો અને તરો એમ હું પુનઃ પુનઃ પ્રાર્થના કરૂં છું, અને આમ તમો પણ આથી કંઇક બોધ લેશો તો મ્હારો શ્રમ સફળ થયો માનીશ.

આ માધવ કિર્તનમાળા પુરી થઇ છપાવવા નિશ્ચય થયો ત્યાર પછી માહાત્મા અનંતપ્રસાદજી અત્રે પધારી અને તપાસે તેવી મ્હારા મનમાં ઉત્કંઠા હતી. તેઓ પણ શીહોર પધાર્યા અને બધાં પદો તપાસ્યાં, અને સંતોષ જણાવી જે અભિપ્રાય આપ્યો તે તેનાજ શબ્દોમાં આ સાથે સામેલ રાખું છું અને તેને માટે કરેલી દયા બાબત ઉપકાર માનું છું. છેવટ વિનંતી કરી વિરામ લઉં છું. इति शिवम्.

મુ. શીહોર.

લી.
નમ્ર દિન બાળા,
બ્હેન અંબા.
(મેહેતા ભાઇચંદભાઈ શામજીભાઇની પુત્રી.)

॥ ॐ ॥

(૧)

ગણુપતિ સ્તવન.

વસંતતિલકા.

પ્રારંભ કૃત્ય કરતાં જનને સહાયે,
દેવાદિ દેવ ગણુનાથ સદા સ્મરાયે;
તે શુભ કૃત્ય નિર્વિઘ્નપણે ગણાવા,
લંબોદરાય નમું આકૃતિ પૂર્ણ થાવા. ૧
શોભે સદાય સંગે સિદ્ધિ બુદ્ધિ નારી,
છે લક્ષ લાભ સુત ભક્તના હિતકારી;
પ્રીતિ થકી પ્રભુ તણા ગુણ નિત્ય ગાવા,
લંબોદરાય નમું આકૃતિ પૂર્ણ થાવા. ૨
વિધિ સુતા પ્રતિ કરૂં વિનતી ઘણેરી,
વાણી દીઓ રસવતિ મમ ચિત્ત પ્રેરી;
નિર્દોષ કાવ્ય મમ સુજનને જણાવા,
લંબોદરાય નમું આકૃતિ પૂર્ણ થાવા. ૩
શ્રી કૃષ્ણ માધવ સ્વરૂપની કીર્તિ માળા,
ધારી કરે હર્ષ ગાય સદાય બાળા;
આપો સહાય મમ ઉત્તમ કાવ્ય થાવા,
લંબોદરાય નમું આકૃતિ પૂર્ણ થાવા. ૪

---

(૨)

ગુરૂ સ્તુતિ.

હરિગીત છંદ.

ભૂલા પડેલ ભવસાગરે અજ્ઞાની જીવ અનેક છે,
તે રંકને ઉગારવા દયાવંત સદ્‌ગુરૂ એક છે;
સમદ્રષ્ટિથી સદ્‌બોધ આપી કષ્ટ કાપે સર્વદા,
મધુસુદન શ્રી ગુરૂરાજને પ્રીતિ થકી નમીએ સદા. ૧
શ્રુતિ સ્મૃતિ વેદાંતના મહા વાકયને પ્રકટ કરી,
સમજાવી સ્વાત્મ સ્વરૂપ જીવનાં કષ્ટ સઘળાં લે હરી;
નિષ્કામ કર્મો ચિત્ત શુદ્ધિ કાજ નિત્ય કરાવતા,
મધુસુદન શ્રી ગુરૂરાજને પ્રીતિ થકી નમીએ સદા. ૨
સગુણ બ્રહ્મની ભક્તિ નિશદીન શિષ્યને બતલાવતા,
માયા વિશિષ્ટ પરિબ્રહ્મના સ્વરૂપને સમજાવતા;
યમ નિયમ સાધન સંપત્તિ નિજ શિષ્યને સોંપી સદા,
મધુસુદન શ્રી ગુરૂરાજને પ્રીતિ થકી નમીએ સદા. ૩
અખંડ આત્મસ્વરૂપ સદ્‌ચિત્ત આનંદે અતિ ઓપતા,
બળવંત માયા જ્વાળથી વ્યતિરેક રહીને શોભતા;
દયાવંત દિલ ઉદારથી બાળા બચાવી સર્વદા,
મધુસુદન શ્રી ગુરૂરાજને પ્રીતિ થકી નમીએ સદા. ૪

(૩)

આશાગોડી.

શરણે રાખો શ્રી મોરારી માધવ પ્રભુ;
વિનતી કરૂં છું વારંવારી માધવ પ્રભુ. ટેક.
આપ કૃપાથી પામી હું દરશન, હવે થઇ સુખીયારી. મા. ૧
તન મન ધન હવે સોંપું છું તમને, આપ ઇચ્છાએ રહેનારી. મા. ૨
મન કર્મ વચને કરીશ હું સેવા, અન્ય આશાને વિસારી. મા. ૩
શરણાંગત વત્સલ પ્રભુ પ્યારા, બાળા બાળક છે તમારી. મા. ૪

---

(૪)

પ્રભાતિ.

(સમરને શ્રી હરી મેલ મમતા પરી) એ રાગ.

જીવ તું જાગીને આળસ સહુ ત્યાગીને,
રૂક્મણી નાથને ભજ ભાવે;
મે'ર કરશે ઘણી દ્વારકાનો ધણી,
પાપ સર્વે હણી સદ્ય નિભાવે. જીવ તું૦ ૧
દોષના કોષ જે તાહરા દિલ વિષે,
દૂર કરશે હરી દિન જાણી;
યમની યાતના દૂર સર્વે કરી,
આપે ઉગારશે સારંગપાણી. જીવ તું૦ ૨

ભક્તિ જે ભાવની, ભવસિંધુ તારણી,
મોક્ષપદ કારણી કરી લે પ્રાણી;
અખંડ સુખદાયની, અંતના સ્હાયની,
જગતના નાથની જુગતે જાણી. જીવ તું૦ ૩
મોહ મદ મેલીને, કામ ક્રોધ ઠેલીને,
અંતના બેલીને સમર ચિત્તે;
બાળાના સ્વામીને બળવંત બહુ નામીને,
વૈકુંઠ પદ ધામીને પૂરણ પ્રીતે. જીવ તું૦ ૪

---

(૫)

પ્રભાતિ.

રાગ ઉપરનો

ચિત્તમાં ચેતીને ચાલ તું પ્રાણીયા,
જાણજે જાવું છે નાથ પાસે;
કાળની ઝપટમાં કોઇ ઉગર્યું નથી,
કર્મ શુભ અશુભ તે તારી સાથે. ચિત્તમાં૦ ૧
જગતના તાતને જવાબ શું આપશે,
જન્મ લીધા પે'લા કોલ કરીયા;
માયાના મદમાં ફર્યો જૂઠા ફંદમાં,
જમના માર તેં માથે ધરીયા. ચિત્તમાં૦ ૨

દુરિજન સંગથી દુષ્ટ બુદ્ધિ થઈ,
કામ ને ક્રોધમાં આયુષ્ય ગાળી;
લોભનો થોભ કાંઈ રહ્યો નહીં મનમાં,
રાંકના પેટ પર મૂકી પાળી. ચિત્તમાં૦ ૩

સુખને કારણે કૈક સંતાપીયા,
પારકા દ્રવ્યની કરી કમાણી;
દિનના દુઃખને ટાળવા દિલમાં,
દયા નહિ લાવીયો દિન જાણી. ચિત્તમાં૦ ૪

પૂર્વ પુન્યે કરી અધિક ધન મેળવ્યું,
ધર્મના મારગે ધરી ન પાઈ;
ધતીંગ સહુ તાહરૂં ધરણીમાં ચાલીયું,
ત્યાં નથી રાજ કાંઈ પોપાબાઈ. ચિત્તમાં૦ ૫

જો સુખ પામવું હોય તારા દેહને,
ધર્મ નીતિ દયા દિલ ધારી;
બાળાનું કહ્યું કરી ભજને માધવ હરી,
સુધરે જીંદગી સઘળી તારી. ચિત્તમાં૦ ૬

---

(૬)

રાગ બિભાસ.

ભજ મન ભાવ ધરી માધવ મોરારી,
માધવ મોરારી સદાય સુખકારી. ભજ. ટેક.

મથુરાં જન્મ ધરી, પધાર્યા ગોકુળ હરી;
ગ્વાલ સંગ લીલા કરી, વ્રજમાં પધારી. ભજ. ૧
ઇન્દ્રનકો ગર્વ હર્યો, ગીરીરાજ કર ધર્યો;
કાળી નાગ વશ કર્યો, યમુના સુધારી. ભજ. ૨
બિન્દ્રાબીન રાશ રમ્યા, ગોપીઓને મન ગમ્યા;
દનુજ સકળ દમ્યાં, ગ્વાલને ઉગારી. ભજ. ૩
બાળા કહે માન તજી, ભાવેથી માધવ ભજી;
ભક્તિતણો સાજ સજી, ગ્રહ્યું શરણુ સુખકારી. ભજ. ૪

---

(૭)

રાગ પ્રભાતિ.

જીભલડીરે તને માધવ ભજતાં, આવડું આળસ શાથી રે;
મિથ્યા લવરી શીદ કરે છે, વારી વલોવે ઘૃત કયાંથી રે. જી. ૧
નારદ તું બુરૂ ગાન કરે નિત્ય, વિશ્વપતિને ચ્હાતા રે;
શિવ બ્રહ્માદિક ધ્યાન ધરે છે, શેષ સહસ્ત્ર મુખે ગાતા રે. જી. ૨
અદ્ભુત સૃષ્ટિ અંત વિનાની, નિત્યે ચડતી ને ચડતી રે;
જો વિશ્વાસ કરે જગતનો, અંતે આવે નડતી રે. જી. ૩
માયા સ્વાદમાં તું લપટાણી, જીવિત પળમાં જાશે રે;
સ્વાધિનતા ક્ષણમાં હરાશે, પરાધિનતા દરસાશે રે. જી. ૪
અણધાર્યા ઉત્પાતજ નડશે, ત્યારે ધિરજ કેમ ધરશે રે;
ઇચ્છા સૌ અંતરમાં રહેશે, કૌતુક હરિ એવું કરશે રે. જી. ૫

મનુષ્યા જન્મ મળ્યો અમુલખ, હીરો હાથે શું ગુમાવે રે;
સુખનું સાધન ભક્તિ માધવની, નિશ્ચે કર તું ભાવે રે. જી. ૬
નિદ્રા આળસ ગર્વ તજીને, રહે તું નિશદિન જાગી રે;
કાળ અચાનક આવી પકડશે, કયાં જઇશ તું ભાગી રે. જી. ૭
નિર્ભય થાવા ભજ માધવને, તો ત્હારૂં કલ્યાણ થાશે રે;
ગઇ પળ પાછી નહિ મળશે, અવસર એળે જાશે રે. જી. ૮
રૂક્ષ્મણીના નાથને પ્રીતે, બાળા ભજે નિત્ય ભાવે રે;
વારંવાર શિશ નમાવી, ઉરમાં આનંદ આવે રે. જી. ૯

---

(૮)

રાગ પ્રભાતિ.

(કોઈ રે સમાના કામની)

પ્રભાતે જાગીને રે પ્રાણીયા, નિત્ય ભજો માધવરાયા,
માધવ ભજતાં પ્રીતથી, કલ્યાણ થાએ તારી કાયા. પ્રભાતે. ૧
દેવ મુની જેનું ધ્યાન ધરે, ગુણ નારદે ગાયા;
શિવ સનકાદિક સ્નેહથી, સમરે જદુપતિ રાયા. પ્રભાતે. ૨
શેષ સહસ્ત્ર મુખે ઉચરે, યોગી ધ્યાનમાં ધારે;
બ્રહ્મા ચરણને સેવતા, શારદ સ્તુતિ ઉચારે. પ્રભાતે. ૩
ભક્તજનો નિત્ય ભાવથી, સેવા કરે સ્નેહ આણી,
બાળાના પ્રભુને પૂજતાં, ભવ તરશો રે પ્રાણી. પ્રભાતે. ૪

---

(૯)

લાવણી.

ધરી સ્નેહ (૨) ભજો નરનારી તો સુધરે જીંદગી સારી;
જુઓ તમે ચિત્તમાં વિચારી, બાળાની વિનતી સ્વિકારી. ટેક.
છે જીવિત નિશ્ચે જવાનું, જન્મ્યા તેને મરવાનું,
કાયમ નહિ કોઈ રે'વાનું, ધરી મન હામ,
કરો શુભ કામ, તરશો તમામ, થશો સુખકારી.
બાળાની વિનતી સ્વિકારી. ધરી સ્નેહ. (૨). ૧
ધન ધામ વિષે જે મોહ્યા, દ્રષ્ટિએ દુખિયા જોયા,
અંતે સૌ તેમાં રોયા, સાથે ગયું નહિ કાંઈ,
રહ્યું ત્યાંનું ત્યાંય, જીવ એકલો જાય, જુવોને વિચારી,
બાળાની વિનતી સ્વિકારી, ધરી સ્નેહ (૨). ૨
જીવ ચોરાશીમાં ફરીયો, સ્થિરવાસ થકી નવ ઠરીઓ,
જન્મભયથી નિત્ય ડરીઓ, પ્રભુ તણો ઉપકાર,
મનુષ્ય અવતાર, તરવા ભવપાર, પ્રભુસંગ યારી,
બાળાની વિનતિ સ્વિકારી, ધરી સ્નેહ (૨). ૩
ભજો માધવપ્રભુને ભાવે, ગર્ભવાસના દુખથી મુકાવે,
તન કષ્ટ કદિ નવ આવે, છે દયાળુ દેવ,
કરો નિત્ય સેવ, ભજનની ટેવ, ભક્તિ કરો સારી,
બાળાની વિનતિ સ્વિકારી, ધરી સ્નેહ (૨). ૪

---

(૧૦)

રાગ ધનાશ્રી.

ભજન નિત્ય કરાવ, માધવરાય તારૂં ભજન નિત્ય કરાવ;
ચરણુમાં ચિત્ત રખાવ, માધવરાય તારૂં ભજન નિત્ય કરાવ.
અનાદિ કાળનો જીવ અભાગિ, ભટકે છે ભવમાંય. માધવરાય.
ક્રોધ, લોભ, મદ દૂર કરીને, સત્ય ધર્મમાં વરતાવ. માધવરાય.
રાત દિવસ તારૂં સ્મરણુ કરવા, અન્ય ઉપાધિ તજાવ. માધવરાય.
રસિક સુંદર તારી છબી છે પ્યારી, નિરખું હું દાસી સદાય. માધવ.
શંખ ચક્ર ગદા પદ્મ બિરાજે, બંસિ ધરી કર મ્હાંય. માધવરાય.
બલભદ્ર બાંધવ સાથ બિરાજે, બિરાજે રેવતી માય. માધવરાય.
સનક સનકાદિક મોટા મુનિઓ, બિરાજે શંકર જ્યાંય. માધવ.
ગોપાળલાલ ને રૂક્ષ્મણિમાતા, ઝુલે પારણીયા માંય. માધવ.
ડાબી બાજુએ જુગદંબા બિરાજે, ગરૂડ બિરાજે સેવા માંય. માધવ.
અરજ બાળાની ઉર ધરી મન, ચરણુ સેવામાં રખાવ. માંવવ

---

(૧૧)

માધવરાયના શૃંગારનું પદ.

રાગ ગરબી.

છબી લાગે છે મને પ્યારી,
માધવ તમારી છબી લાગે છે મને પ્યારી;

ત્રિકમરાયની બલિહારી,
માધવ તમારી છબી લાગે છે મને પ્યારી.
શિર પર પાઘ વાંકી બિરાજે,
જડિત્ર કલંકી પર વારી. માધવ તમારી.
મોતીના તોરા પાઘમાં ધર્યા છે,
છોટી ધરી છે રૂપાળી. માધવ તમારી.
હિરા માણેકનાં વ્હાલે કુંડળ ધર્યા છે,
ફરતી મોતીની હાર છે રૂપાળી. માધવ તમારી.
લલાટમાં વ્હાલે તિલક કર્યું છે,
ચંદનની આડ છે રૂપાળી. માધવ તમારી.
રત્ન જડીત ચીબુક બિરાજે,
નાસિકા ઉપર જાઉં વારી. માધવ તમારી.
હડપચી ઉપર હીરલો ધર્યો છે,
વ્હાલાના મુખડા ઉપર બલિહારી. માધવ તમારી.
કંઠ ઉપર વ્હાલે ગોપ ધર્યો છે,
દુગદુગી રત્ને જડાવી. માધવ તમારી.
મોતીના હાર ઉપર હમેલ ધરી છે,
તોરણુ માળા છે રૂપાળી. માધવ તમારી.
ફુલ તુળશીની વ્હાલે માળા ધરી છે,
ગુંજાની માળ અતિ પ્યારી માધવ તમારી.

બાંહ્યે બાજુબંધ કડાં બિરાજે,
 પ્હોંચી તો હીરલાવાળી. માધવ તમારી.
વ્હાલાજીના નખ જાણે હિરા ઝળકે છે,
 મુદ્રિકા ઉપર બલિહારી. માધવ તમારી.
કેશરી પિતામ્બર જરકશી વાઘા,
 ફટકાની શોભા છે ન્યારી. માધવ તમારી.
કમર ઉપર કટી મેખલા બિરાજે,
 ફરતી ઘુઘરીઓ રસાળી. માધવ તમારી.
ચરણ કમળમાં વ્હાલે ઝાંઝર ધર્યાં છે,
 નેપુર ધર્યાની હોંશ ભારી. માધવ તમારી.
સાવરે સોનાનાં વ્હાલે પગપાન ધર્યાં છે,
 ચટકતી ચાખડી રૂપાળી. માધવ તમારી.
સોનાની છડી વ્હાલાને હસ્તમાં બિરાજે,
 બંસિ મધુરી બજાવી. માધવ તમારી.
નખશિખ સુંદર છબી મારા નાથની,
 અંતરમાં રાખું ઉતારી. માધવ તમારી.
અલૌકિક મુર્તિ માધવ ત્રિકમની,
 બાળાને મેલોમાં વિસારી. માધવ તમારી.

(૧૨)

માધવરાયનાં છ દર્શનનું પદ.

રાગ શંકરના મહિનાનો.

ચાલો સખી માધવપુર જઈએ,
સૌ દર્શન કરી પાવન થઈએ. ચાલો સખી.
માધવપુર ગામ અતિ સારૂં,
વ્હાલાજીને ત્યાં હું તો નિહાળું. ચાલો સખી.
મંદિર જાતાં હરખ અતિ થાએ,
પાપો સર્વે દૂર તો ત્યાં થાએ. ચાલો સખી.
નિજ મંદિર લાગે છે પ્યારૂં,
જુગલ જોડી ઉપર હું વારૂં. ચાલો સખી.
મંગળામાં વ્હાલે બાળ સ્વરૂપ ધરીયાં,
વૈષ્ણવોનાં મન અતિ ઠરીયાં. ચાલો સખી.
શૃંગારમાં છબી અતિ પ્યારી,
તે તો રાખું ઉરમાં ઉતારી. ચાલો સખી.
રાજભોગે મન મોહ્યું મારૂં,
માધવ વિના કાંઈ નથી પ્યારૂં. ચાલો સખી.
બંસિમાં વ્હાલે કામણુ અતિ કીધાં,
ચિતડાં મ્હારાં ચોરી તો લીધાં. ચાલો સખી.
ઉત્થાપનમાં આનંદ અતિ ભારે,
ત્રિવિધિના તાપ વ્હાલો ટાળે. ચાલો સખી.

આરતિનાં દર્શન રસિક લાગે,
ગર્ભવાસનાં કષ્ટ નિશ્ચે કાપે. ચાલો સખી.
સંધ્યામાં સ્વરૂપ અતિ સારૂં,
પોઢો પ્રભુજી હું તો બલિહારૂં. ચાલો સખી.
દર્શનનો લાભ વ્હાલે દીધો,
બાળાપર અનુગ્રહ માધવે કીધો. ચાલો સખી.

---

(૧૩)

પદ.

તૃષા લાગી' માબાપ તૃષા લાગી—એ રાગ.

કષ્ટ કાપો માબાપ કષ્ટ કાપો, પ્યારા માધવરાય મહારાજ.
માબાપ કષ્ટ કાપો. માબાપ.
મહાસાગરથી પાર ઉતારો, વ્હાલા શરણાંગતિને હવે તારો;
નથી ઉગર્યાનો એકે આરો, માબાપ કષ્ટ કાપો.
કષ્ટ કાપો માબાપ કષ્ટ કાપો, પ્યારા માધવરાય મહારાજ માબાપ.
ગર્ભવાસેથી આપે મૂકાવી, મહા કુબુદ્ધિનો કર સાહી,
હવે જન્મમરણથી ઉગારો, માબાપ કષ્ટ કાપો, કષ્ટ કાપો;
માબાપ કષ્ટ કાપો, પ્યારા માધવરાય મહારાજ. માબાપ.
નીતિ ધર્મ ન જાણું લગારે, જ્ઞાન વૈરાગ્ય કયાંથી અમારે;
કામ ક્રોધ લોભ દમે છે ભારે. માબાપ કષ્ટ કાપો.
કષ્ટ કાપો માબાપ કષ્ટ કાપો, પ્યારા માધવરાય મહારાજ. માબાપ.

તિર્થ ધર્મ વ્રત કાંઇ ન કીધાં, યોગ સાધન કાંઇ નવ શોધ્યાં,
ચારે જુગ તો એની પેર વિત્યા, માબાપ કષ્ટ કાપો;
કષ્ટ કાપો, માબાપ કષ્ટ કાપો, પ્યારા માધવરાય મહારાજ.
માબાપ કષ્ટ કાપો.

કરવા મુકેલ રૂડી કમાણી, ઉલટી ગાંડની મૂડી ગુમાવી,
હું તો થઈ છું લુણુહરામી, માબાપ કષ્ટ કાપો;
કષ્ટ કાપો, માબાપ કષ્ટ કાપો, પ્યારા માધવરાય મહારાજ,
માબાપ કષ્ટ કાપો.

કોલકરાર કરાવ્યો જ્યારે, ગર્ભમાંથી મુકાવી ત્યારે,
નથી આપ વિના કાંઇ આ વારે, માબાપ કષ્ટ કાપો;
કષ્ટ કાપો, માબાપ કષ્ટ કાપો, પ્યારા માધવરાય મહારાજ,
માબાપ કષ્ટ કાપો.

ત્રીવિધિના તાપે તપું છું, મહાસાગરમાં ડુબી મરૂંછું,
ત્રાહિત્રાહિ હવે તો ઉગારો, માબાપ કષ્ટ કાપો;
કષ્ટ કાપો, માબાપ કષ્ટ કાપો, પ્યારા માધવરાય મહારાજ,
માબાપ કષ્ટ કાપો.

મારા નયણે આંસુડાની ધારા, રોમરોમ પ્રકટી છે મને જ્વાળા,
સુખશાંતિ આપો દિન દયાળા, માબાપ કષ્ટ કાપો;
કષ્ટ કાપો, માબાપ કષ્ટ કાપો, પ્યારા માધવરાય મહારાજ,
માબાપ કષ્ટ કાપો.

વ્હાલે અનેક ભકતો ઉધાર્યા, તેના પરચા પ્રત્યક્ષ બતાવ્યા,
મારા નાથ વૈકુંઠથી પધાર્યા, માબાપ કષ્ટ કાપો;
કષ્ટ કાપો, માબાપ કષ્ટ કાપો, પ્યારા માધવરાય મહારાજ,
માબાપ કષ્ટ કાપો.

શરણે આવી છે બાળા તમારે, મારો નાથ તો બાનાની પત રાખે,
એવો નિશ્ચે વિશ્વાસ છે મારે, માબાપ કષ્ટ કાપો;
કષ્ટ કાપો, માબાપ કષ્ટ કાપો, પ્યારા માધવરાય માહારાજ,
માબાપ કષ્ટ કાપો.

---

(૧૪)

પદ.

(આધવ નદનો છોરો તે નમેરો થયો જો.) એ રાગ.

બેની માધવ ત્રિકમને શરણે ગયે જો,
પ્રેમે પ્રભુજીના થઇને રહે જો. ટેક.
તેના થયા તેને પ્રભુજીએ તારીયા જો,
વિમુખ થયા તે તો માર્યા ગયા જો. બેની.
મિરાંબાઈનાં દુઃખ વ્હાલે કાપીયાં જો,
ઝેર બદલે અમૃત કરી આપીયાં જો. બેની.
પ્રભુ અજબ કુંવરને વશ થયા જો,
ગોકુળ મેલી મેવાડમાં જઇ વસ્યા જો. બેની.

ચંદ્રહાસ તણાં દુઃખ નિવારીયાં જો,
વિષ ફેડીને વિષયાને વર્યા જો. બેની.
શવરીબાઈનાં બોર આરોગીયા જો,
તેના જન્મ મરણના ફેરા ટળ્યા જો. બેની.
રાજા રાવણને રણમાં રોળીયો જો,
રાજ્ય વિભિષણને આપી ન્યાય તોળીયો જો. બેની.
સુદામાનાં દારીદ્ર વ્હાલે કાપીયાં જો,
મહેલ કંચનના તેને કરી આપીયા જો. બેની.
અંબરિશને દુર્વાસાએ દુભિયા જો,
ચક્ર મેલ્યું દુર્વાસા જઈ નમ્યા જો. બેની.
વિશ્વામિત્રે હરિશ્ચંદ્રને તાવીયા જો,
સત્ય ચુકયા નહિ તેને પ્રભુજી મળ્યા જો. બેની.
ગજરાજને ગ્રુડે જ્યારે ગ્રહ્યા જો,
સ્તુતિ સાંભળી માધવ વ્હારે ચડયા જો. બેની.
તેમ બાળા બિચારી ગણી આપની જો,
વ્હાર લેજો વ્હાલા ઘણા વ્હાલથી જો. બેની.

---

(૧૫)

રાગ ગરબીનો.

નામની નોબત વાગી, માધવ તમારા નામની નોબત વાગી.
ભક્તોની ભીડ તમે ભાંગી, માધવ તમારા નામની નોબત વાગી.

નોબત વાગીને હું તો ઝબકીને જાગી,
તમારા ભકતોના ગુણ ગાવા લાગી. માધવ.
નૃસિંહ મહેતાની વ્હાલે હુંડી સ્વિકારી,
દ્વારકામાં પેઢી ચલાવી. માધવ.
નૃસિંહને માંડળિકે કેદ કર્યા ત્યારે,
હાર હાથોહાથ આપી. માધવ.
દામા ભક્તને જ્યારે ભિડ પડી ત્યારે,
માર થયા વનમાળી. માધવ.
નવી મ્હોરૂં મારે વ્હાલે બનાવી,
રાજાની ભ્રાંતિ ભાંગી. માધવ.
ધના ભકતનાં વ્હાલે રખવાળાં કીધાં,
ઘઊની ગાડીઉં ઘેર આણી. માધવ.
નામદેવનું વ્હાલે છાપરૂ ચાળ્યું,
ભીંતો સ્વહસ્તે બનાવી. માધવ.
જનુંબાઈનાં વ્હાલે દળણું દળાવ્યાં,
પોતાની કરીને સ્થાપિ. માધવ.
નામદેવને જ્યારે તૃષા લાગી ત્યારે,
જળની નિકો ચલાવી. માધવ.
જેમલ રાજાની વ્હાલે ટેકજ જોઈને,
વેરીને નાંખ્યા વિદારી. માધવ.
કરમાબાઈની વ્હાલો ખીચડી આરોગ્યા,

છપન ભોગ મેલ્યા ત્યાગી. માધવ.
દુર્યોધનના મેવા તજીને,
ભાજી વિદુર ઘેર ખાધી. માધવ.
પંચાળીનાં જ્યારે પટકુળ તાણ્યાં,
ચીર પુરીને લજ્યા રાખી. માધવ.
સુધન્વાની વ્હાલે વિનતી સુણીને,
તેલ કડા કરી ટાઢી. માધવ.
માતાને મે'ણે ધ્રુવ વન ગયા ત્યારે,
અવિચળ પદવી આપી. માધવ.
પ્રહ્‌લાદને જ્યારે પિતાએ પીડયા,
નૃસિંહે નાખ્યો વિદારી. માધવ.
અનેક ભક્તોની વ્હાલે ભીડજ ભાગી,
હવે બાળાનો કર લો ઝાલી. માધવ.

---

(૧૬)

રાગ ચાબખાનો.

માધવ તને પ્રસન્ન તે કેમ થાય, તારા દિલનું કપટ નવ જાય.
કામ ન જીત્યો ક્રોધ ન જીત્યો, લોભમાં રહ્યો ચકચૂર;
દગા કરી તેં દિવસ કહાડયા, પાપની બાંધી પાળ. માધવ.
હરિ ભજ્યા નહિ લુણહરામી, કોણ કરશે ઉદ્ધાર;
લક્ષચોરાશી ફરી વળ્યો પણ, સમજ્યો નહિ ગમાર. માધવ.

ઉત્તમ મનુષ્યા દેહ મળી પણ, હરી ન સમર્યા ઘડી;
અમૃત પ્યાલો પડ્યો મૂકીને, ઝેરમાં વૃત્તિ અડી. માધવ.
ચેત ચેત તું જીવ અભાગી, તજી દે તું અભિમાન;
આગળ આવશે વસમી વાટું, ભૂલીશ સાન ને ભાન. માધવ.
ધન દોલત તારાં પડ્યાં રહેશે, કોડી ન આવશે કામ;
પ્રભુ અર્થે દીધું હશે તે, આવશે સાથ તમામ. માધવ.
જમના પાસથી છુટવું હોય તો, પ્રભુ ભજી લે આંહી;
તન મન ધન સહુ અર્પણ કરીને, જા તું ચરણુની માંહી. માધવ.
વારે વારે સમજાવું જીવડા, ચેતી લે આવાર;
દિનબન્ધુએ દયા કરીને, આપ્યો ઉત્તમ અવતાર. માધવ.
ભવસાગરમાં ભટકી ભટકી, પામ્યો મનુષ્યનું નાવ;
ભવતારક હવે તારી લ્યોને, ભજનમાં રાખું ભાવ. માધવ.
કાલી ઘેલી બાળા તમારી, મેહેર કરો મોરાર;
બેઉ કર જોડી શિષ નમાવું, ચરણુ વિષે આવાર. માધવ.

---

(૧૭)

(મો'લે પધારો મહારાજ) એ રાગ.

વહેલા પધારો મહારાજ, માધવરાય વહેલા પધારો,
કુંદનપુરની માંય, માધવરાય વહેલા પધારો;
દાસી તલપે છે આંહી, માધવરાય વહેલા પધારો.
ઘણા દિવસની પ્રીત છે, તોડો ના કિરતાર;

તલપ તલપ જીવ થાય છે, મારે નયણે આંસુની ધાર. માધવરાય.
દેશ દેશથી આવીયા, મોટા મોટા ભૂપ;
લગ્ન તણી વિધિ કરે, શિશુપાળને પરણાવે મુજ વિર. માધવરાય.
જો નહિ પધારો નાથજી, જીવજ મારો જાય;
વેગે પધારો વાલમા, નાથ આવી કરોને સહાય. માધવરાય.
અંબિકાના પૂજનની રીત અમારે ત્યાંય;
સહસ્ર સખીના સાથમાં હું તો પૂજવાને જઇશ માય. માધવરાય.
ગરૂડે ચડીને પધારજો, વહેલા કરજો વાર;
જો નહિ પધારો વાલમા, તો તો આત્મહત્યા થાય. માધવરાય.
વહેલા પધારો વાડીમાં, વિલંબ ન કરો લગાર;
પાણીગ્રહણ પ્રભુ માહરૂં, આવીને કરજો તતકાળ. માધવરાય.
પત્ર વાંચીને વાલમે, તરત કર્યો વિચાર;
ગરૂડે ચડીને પધારીયા, પ્રભુ પધાર્યા કુંદનપર માંય. માધવરાય.
વિપ્રે આપી વધામણી, પ્રભુ પધાર્યા આંય:
વધામણીમાં શું દઊં, હું તો લાગું વિપ્રને પાય. માધવરાય.
વિધવિધનાં ફળફૂલ છે, ચંદન સુગંધી સાર;
વસ્ત્ર આભુષણ અતિ ઘણાં, તે તો લીધા માતાજીને કાજ. માધવરાય.
સહસ્ર સખીના સાથમાં, પૂજે અંબા માત;
પૂજીને પાછાં વળ્યાં, શ્રીકૃષ્ણે ગ્રહ્યો તેનો હાથ. માધવરાય.
સેવક સરવે સંચર્યા, કરે રાયને જાણ;
રૂક્ષ્મણીને હરી ગયા, તે તો કૃષ્ણ માધવના કામ. માધવરાય.

ખબર સુણીને તે સમે, રોમરોમ પ્રકટી જ્વાળ;
ધનુષ લઇને ચાલીયો, તે તો દોડયો પ્રભુની પાસ. માધવરાય.
ચક્ર મૂકીને છેદીયાં, દાઢી મૂછજ ત્યાંય;
બંધનથી ત્યાં બાંધીયો, તે તો અનુકૂળ શિક્ષા થાય. માધવરાય.
માધવપૂરમાં પધારીયા, લગ્નજ કીધાં ત્યાંય;
રત્નજડિત મંડપ વિષે, ચારે મંગળ ત્યાં વરતાય. માધવરાય.
ભક્તોને ઉદ્ધારવા, માધવપુર કીધો વાસ;
અહોનિશ ગુણ ગાવા તમતણા, બાળા ઉર ધરે છે ઉલ્લાસ. માધવરાય.

---

(૧૮)

રાગ ચાબખાનો.

જીવ તું કરી લેને વિચાર, આગળ જવું છે વસમી વાટ.
લક્ષ ચોરાશી ફરી વળ્યો પણ, તોએ નાવ્યો પાર;
દિનબંધુએ દયા કરીને, આપ્યો મનુષ્ય અવતાર. જીવ તું.
જનની કેરા ઉદર માંહે, લટકાવ્યો જે વાર;
ત્યારે તારી વાર કરીને, કોણે કરી રક્ષાય. જીવ તું.
મળ મુતર ને વિષ્ટામાંહિ, પડયો હતો જે વાર;
તે વેળાએ શું હતું તા'રૂં, તેનો કર વિચાર. જીવ તું.
સહન થયાં નહિ દુઃખ ગર્ભનાં, સમર્યા પછી ગિરધાર;
બંધનથી છોડાવ્યો તુજને, કર્યો તેં કોલકરાર. જીવ તું.
વૈભવ જોઇ ને છળી ગયો તું, ભૂલ્યો શું ભગવાન;

સુખ સહુ છે પ્રભુનાં આપ્યાં, શીદ કરે ગુમાન. જીવ તું.
મોટા મોટા સૌ મેલી ગયા ને, સાથે ન લઇ ગયા ભાર;
રાવણુ સરીખા રોળાઇ ગયા છે, રહ્યું ન નામ નિશાન. જીવ તું.
જમડા લેવા આવશે ત્યારે, કલેષ થશે અપાર;
કરોડ વીંછીની વેદના થાશે, અંગે પ્રકટશે જ્વાળ. જીવ તું.
સગાં સ્વારથીયાં સર્વે મળીને, લુંટી લેશે તત્કાળ;
ધર્મરાજા પૂછશે તેનો, શો કર્યો છે ખ્યાલ. જીવ તું.
આવ્યો હતો ઘણો હરિને ભજવા, પાપીની બાંધી પાળ;
ધિઃક્‌ધિઃક્ તુજને લુણુહરામી, પડીશ નરકની માંહિ. જીવ તું.
બાળો કહે ચેત તન મન ધન તે, સાથે ન આવે કાંઇ;
માલ મિલકત ને ધન ખજાના, પડયાં રહેશે સૌ આંહી. જીવ તું.

---

(૧૯)

રાગ ધનાશ્રી

ઉતારો ભવ પાર, રાધાના સ્વામિ ઉતારો ભવ પાર;
વિનવું હું વારંવાર, રાધાના સ્વામિ ઉતારો ભવ પાર.
સુખ સંપત્તિ આપેલી મુજને, તોય ન પામી પાર. રાધાના.
મોજમજાને મહા સુખ ગણીને, થઈ તેમાં ખુવાર. રાધાના.
વસ્ત્રાભુષણુ વિવિધ તરેહનાં, મોહ પામી હું અપાર. રાધાના.
ક્રોધ લોભ મદ મોહ ભરેલી, દુખી રહી સંસાર. રાધાના.
એ મદ મોહ બધો છે મરાયો, પામી તેનાથી પાર. રાધાના.

સર્વે સૃષ્ટિના સ્હાયક નાયક, હવે કરોને ઉદ્ધાર. રાધાના.
આશ અવર નહિ ધારૂં પ્રભુજી, એકજ આપ આધાર. રાધાના.
બાળા, બાળા જાણી તમારી, તારો તારણહાર. રાધાના.

---

(૨૦)

(ઝાલર વાગે ગોપી હરિરસ ગાય) એ રાગ.

સમજાવુંછું માતા વારંવાર,
માધવત્રિકમ મ્હારી કરે છે આળ;
રેઢાં મંદિર મારા કાને ઉઘાડયાં,
મહિરે માંખણનો ઠ્હાલે વાળ્યો છે દાટ. માધવ.
પોતે પીધું બીજાં માંકડાંને પાયું,
ઘરમાં આવું ત્યાં તો ફોડયાં છે માટ. માધવ.
વાછરૂ છોડીને મારી ગૌને ધવરાવે,
સુતાં જગાડે છે મારાં રે બાળ. માધવ.
જમનાજી જાઉ ત્યાં તો પછવાડે આવે,
વસ્ત્ર હરીને ચડયો કદમને ઝાડ. માધવ.
આવડો લાડકવાયો કાન તમારો,
અમારાં ઘરમાં કરે છે રંજાડ. માધવ.
જુઠી ગોપી માતા આળ ચડાવે,
હું તો રમુંછું મારા મંદિરની માંય. માધવ.

મારો બાળો કાન પારણીયે ઝુલે,
શીદ ચડાવો ગોપી જૂઠાં રે આળ. માધવ.
મારે આગણીએ નવ લક્ષ ગાય છે,
શિદ આવે ગોપી તમારે દ્વાર. માધવ.
જુઠી ગોપી જાઓ તમારે ઘેર,
મારા કુંવર સાથે આવડાં શા વેર. માધવ.
રીસ ચડીને ગોપી મંદીર ચાલ્યાં,
ફરી આવજે કાના મારે રે દ્વાર. માધવ.
બાળાના સ્વામિ પ્રભુ રસીક શિરોમણી,
લગની લાગી છે તારા મુખડાની માંહિ. માધવ.

---

(૨૧)

હરિગીત છંદ

માધવ તણી ઇચ્છા વિના, તું કલ્પના ખોટી કરી,
ફોકટ ફર્યો સંસારમાં, તું ધાર્યું કાંઇ નવ સરે;
મેડી ઝરૂખા માળ વૈભવ, જોઇ તું ધાયો ઘણો,
તું માન મેળવવા ફર્યો, અંગે થઇ સોહામણો. ૧
વાડી બગીચા ગાડી મેલી, સુખીઓ તુને કર્યો,
ભૂલી ગયો ભગવાનને, યમ પાશ તું નવ ડર્યો;
આ સાર વિણ સંસારમાં, કાંઈ અર્થ તારો નવ સર્યો,
આ રત્નરૂપી દેહને, તેં ભારરૂપ ખરે ધર્યો. ૨

શું શાસ્ત્ર ગુરૂ સત સંગતે, નવ લેશ જાણ્યું ઉર વિષે,
જેથી કરી ભવસાગરે, તું ભટકતો ઠાલી દિષે;
બાળા કહે છે બાંહ્ય ગ્રહવા, ઈશિને ભાવે ભજું,
ક્રોધાદિ શત્રુ સહુ તજીને, સંપત્તિ સહુ હું સજું. ૩

---

(૨૨)

પદ.

ચોપાઈ છંદ.

જીવ કરી લે મન વિચાર, જાવું પડશે જમને દ્વાર;
ફાલ્યો ફૂલ્યો શિદને ફરે, સાથે નથી કાંઇ આખરે.
વિકટ છે બહુ ત્યાંની વાટ, દાન દયા કર તારે માટ;
વૈતરણીનો ત્યાં છે ઘાટ, ઉતરવો છે શિરને સાટ.
તેં કીધાં છે અતિશય પાપ, રાખ્યું નહિ તેનું તેં માપ;
સગાં હતાં જે તારાં ખાસ, આવ્યાં નહિ તે તારી પાસ.
ધન વૈભવ સુખ રહેશે અંહી, પુન્ય પાપ તે આવે ત્યાંહી;
માટે ભજ ભજ તું કિરતાર, બાળા કહે છે વારંવાર.

---

(૨૩)

પદ.

(હરી ભજન થકી છોટા હોય તે સૌથી મોટા થાય છે) એ રાગ.

હે માધવરાય, રાત દિવસ મને રે'જો રટણુ તમારૂં,
હું તો એ માગું, સંસારતણું સુખ સરવે લાગે ખારૂં.

તમે અધમ ઉદ્ધારણ છો સ્વામિ, હું તો ગુણહરામી ને કામી;
હવે હૃદય વસો અંતરજામી, ઓ માધવરાય. હું તો એ.
નવ તિર્થ વ્રત કાંઈ દાન કર્યું, નથી આપ ચરણમાં ચિત્ત ધર્યું,
મારૂં ચાકની પેઠે ચિત્ત ફર્યું, ઓ માધવરાય, હું તો એ.
છળ પ્રપંચ તો હરિ નવ છૂટે, મને કામ ક્રોધ આવે પૂંઠે;
તે આપ કૃપાવિના નહિ છૂટે, ઓ માધવરાય, હું તો એ.
તમે જગત તણા છો મુગટમણી, મારા દોષ ન રાખો આપ ગણી;
પ્રભુ ક્ષમા કરો આ દાસી ગણી, ઓ માધવરાય, હું તો એ.
બાળાના છો પ્રભુ આપ ધણી, હવે કૃપા કરો પ્રભુ રંક ગણી;
સદા ભક્તિ માગું આપ તણી, ઓ માધવરાય, હું તો એ.

---

(૨૪)

પદ.

રાગ ગરબી

ચાલો સજનીરે માધવ દરશન કરીએ,
ત્રિકમ નીરખી મન ઠરીએ રે. ચાલો.
છે માધવપુરના વાસી રે, રહ્યા ઘટઘટમાં પ્રકાશી રે;
રહું નિત્ય દરશન અભિલાષિ રે. ચાલો.
ઘનશ્યામ સ્વરૂપે બિરાજે રે, કૌસ્તુભ મણિ કંઠ છાજે રે;
તીહાં કોટી સૂર્ય લાજે રે. ચાલો.
ભક્તિને વશ છે અવિનાશી રે, કરે રક્ષા પોતે પ્રકાશી રે;
રહ્યા ભક્તો ઉપર રાચી રે. ચાલો.

પ્રાણુ પાલક સુખના જ્ઞાતા રે, કૃપામૃત સરોવર દાતા રે;
કરે ભક્તોને નિત્ય શાતા રે. ચાલો.
સુણો નમ્ર વિનંતી અમારી રે, પ્રભુ ચાહું કૃપા તમારી રે;
કરૂં ભક્તિ સકળ ગુણુ તારી રે. ચાલો.
સ્તુતિ પ્રાર્થના નિત્ય ગાયે રે, અમૃત અધિકારી થાઇએ રે;
તવ ચરણુ સમિપે જોઇએ રે. ચાલો.
આશિષ અમોને આપો રે, તો થાય નિકંદન પાપો રે;
શુદ્ધ હૃદય કરી ભક્તિ સ્થાપો રે. ચાલો.
અહો વિશ્વપતિ જગદિશ રે, માગે બાળા નમાવી શિષ રે;
રાખો ચરણુ વિષે અહોનિશ રે. ચાલો.

---

(૨૫)

શ્રી માધવપુરવાસી માધવરાય પ્રત્યે પત્રદ્વારાએ બાળાની વિનંતી.

પદ.

લલીતાના કાગળનો રાગ

સ્વસ્તિશ્રી માધવપુર સ્થાન શોભે સારૂં રે;
જ્યાં વસે શ્રી માધવરાય, ચોર્યું ચિત્ત મારૂં રે. ૧
ત્રિગુણાલય વિશ્વ વિરામ, વિચિત્ર વિલાસી રે;
પ્રિય પૂજન કરવા યોગ્ય, પરમ સુખ રાશી રે. ૨

મનમોહન નીતિની કુંજ, હૃદય દુઃખ હારી રે;
આપ દરશનની અભિલાષ, અતિશય ભારી રે. ૩
લખે કાગળ બાળા એક, પ્રભુને પ્રીતે રે;
વાંચો આગળ દિનદયાળ, નયન દઇ નિત્યે રે. ૪
છું હું અજ્ઞાનિ ને અબુજ, જાણું નહિ જાતે રે;
લખવાની હશે શી રીત, સૌ ભલી ભાતે રે. ૫
શબ્દ વ્યાકરણ પીંગળ પાઠ, શાસ્ત્ર ન જાણું રે;
એક પ્રીતિ માધવ તમ સાથ, ઉર અન્ય ન આણું રે. ૬
લખવામાં પડે કાંઈ ચૂક, દોષ ન જોશો રે;
ત્રિગુણાતિત પરમ પવિત્ર, સુધારી લેશો રે. ૭
શરણાંગત પાળક એક, દિનના બંધુ રે;
ઘટઘટમાં વ્યાપક પૂર્ણ, કૃપામૃત સિંધુ રે. ૮
ભૂલી હોઉં કદિ ભગવાન, ક્ષમા કરી મળજો રે;
વિશ્વનાથ હવે હદ થાય, વા'રે ઝટ વળજો રે. ૯
આપ છોડી દેશો કદિ છેક, કેમ હું છોડું રે;
તમ ચરણકમળમાં સ્નેહ, સદા ચિત્ત ચોડું રે. ૧૦
આપ શરણ વિના કદિ ક્યાંહી, ગતિ નથી મારી રે;
મોહન મુરતિ અંતરમાં સદાય, રમે છે તમારી રે. ૧૧
અકળાય છે માધવ મન, મળવા મારૂં રે;
દિન બાળક તલસે આજ, દરશન દો તમારૂં રે. ૧૨

આપ વિરહ વેદના જ્વાળ, જગત શુન્ય લાગે રે;
થાય અંતરમાં પરિતાપ, ઘણું દુઃખ લાગે રે. ૧૩
મારાં કર્મ કઠણ છે નાથ, કહો ક્યાં ભેટું રે;
પ્રિય પ્રભુને મળવા હોંશ, પડ્યું ઘણું છેટું રે. ૧૪
પૂર્વ જન્મ તણા સંસ્કાર, ઉદય જો થાયે રે;
દયા કરી શ્રી માધવરાય, મળે તો દુઃખ જાએ રે. ૧૫
દિનબંધુ દિનના દયાળ, નયનના તારા રે;
પ્રાણ પાળક સુખના ધામ, શિરછત્ર છો મારા રે. ૧૬
મારાં શુભ અને અશુભ, કર્મ ન જોશો રે;
હવે કરૂણા કરી ઘનશ્યામ, શરણમાં લેશો રે. ૧૭
કરૂં વિનંતી શ્રી કર જોડ, ભાદ્રપદ માસે રે;
તિથિ અષ્ટમી ને ભૃગુવાર, હૃદયથી ઉલ્લાસે રે. ૧૮
ભૂલ ચૂક પડી હોય કાંઈ, ક્ષમા ઉર ધારી રે;
પ્રીતે મળજો શ્રી માધવરાય, બાળા છું તમારી રે. ૧૯

---

(૨૬)

પદ.

આશ્રય એક તમારો ધારૂં રે. શ્રી માધવ મોરારી.
વિનંતી શ્રવણે સુણજો મારી રે. શ્રી માધવ મોરારી.
દિનબંધુ દિનના દાતા રે. શ્રી માધવ મોરારી.
કરો ભવસાગર સુખશાતા રે. શ્રી માધવ મોરારી.

નાથ શિદ રહ્યા છો છાના રે. શ્રી માધવ મોરારી.
પ્રત્યક્ષ મળો હવે જ્ઞાતા રે. શ્રી માધવ મોરારી.
આપી દરશન કરો સુખશાતા રે. શ્રી માધવ મોરારી.
લાગો અદ્રષ્ય છો સર્વસ્થળે વ્યાપી રે. શ્રી માધવ મોરારી.
આપ માયામાં રહી રાચી રે. શ્રી માધવ મોરારી.
હવે તમ દરશન અભિલાષ રે. શ્રી માધવ મોરારી.
હવે માયાનો પટ તોડો રે. શ્રી માધવ મોરારી.
મારા હ્રદયની ગાંઠ છોડો રે. શ્રી માધવ મોરારી.
પ્રભુ દોષ મારા નહિ જોશો રે. શ્રી માધવ મોરારી.
નાથ કરૂણા કરી હવે જોશો રે. શ્રી માધવ મોરારી.
મદ મોહ ક્રોધ તજાવો રે. શ્રી માધવ મોરારી.
એ દુષ્ટોને દૂર કરાવો રે. શ્રી માધવ મોરારી.
સંસાર લાગે મને ખારો રે. શ્રી માધવ મોરારી.
મહા કષ્ટ હવે નિવારો રે. શ્રી માધવ મોરારી.
નામ નિત્ય નિરંજન ધારૂં રે. શ્રી માધવ મોરારી.
સુંદર રસિક છબીપર વારૂં રે. શ્રી માધવ મોરારી.
વ્હાલા શરણાંગતને ઉધારો રે. શ્રી માધવ મોરારી.
હવે તારો કે પ્રભુ મારો રે. શ્રી માધવ મોરારી.
દાસી બાળાનો કર ઝાલો રે. શ્રી માધવ મોરારી.
મારો બેડો પાર ઉતારો રે. શ્રી માધવ મોરારી.

(૨૭)

પદ.

(નાથ કૈસે ગજકો બંધ છોડાયો.) એ રાગ.

માધવ હું તો ભક્તિ કરૂંછું તમારી, પ્રભુ અરજ સુણોને અમારી;
માધવ હું તો ભક્તિ કરૂં છું તમારી. ટેક.

સતસંગ તો પ્રભુ સોંપજો સારો, ને હિંમત આપજો અમને,
ભગસાગરમાં કદિ નહિ ભટકું, તો આવી ભજું વ્હાલા તમને;
માધવ હું તો ભક્તિ કરૂં છું તમારી. ૧

ઉંડા કૂવામાં ઉતાર્યો છે મુજને, મોટી બેડીમાં બંધાણી,
પ્રપંચ જગતમાં મેલી છે મુજને, ત્યાં સાગરને લોઢે લેવાણી;
માધવ હું તો ભક્તિ કરૂં છું તમારી. ૨

લૌકિકમાં માધવ મેલી છે મુજને, અલૌકિક રીત ન જાણું,
શરણે રાખો મારા નાથ શામળિયા, તો માધવ ચરણ ચિત્તમાણું;
માધવ હું તો ભક્તિ કરૂં છું તમારી. ૩

દોષ બાળાના દૂર કરીને, સંકટ સઘળાં કાપો,
શરણે રાખો માધવ પ્યારા હમારા, તો દર્શનનો લાભ આપો;
માધવ હું તો ભક્તિ કરૂં છું તમારી. ૪

(૨૮)

પદ.

રાગ ગરબી.

મારૂં મન મોહ્યું રે શ્રી માધવ ત્રિકમજીને લટકે.
જરકસી પાઘ કેશરીયા વાઘા,
પિતામ્બરને પટકે. મારૂં મન.
મોર મુગટ મકરાકૃતિ કુંડળ,
તિલક ભાલપર ઝબકે. મારૂં મન.
સુંદર નાસિકાને સોહે ગજ મોતિ,
હડપચીએ હીરલો ઝળકે. મારૂં મન.
નવસરો હાર મોતીડાની માળા,
ફુલ ગુંજાની માળા લટકે. મારૂં મન.
બાંયે બાજુબંધ કડાં બિરાજે,
પોંચી વીંટીમાં નંગ ઝબકે. મારૂં મન.
કેડ ઉપર કટી મેખલા બિરાજે,
ચરણમાં ઝાંઝર ઝમકે. મારૂં મન.
સાવરે સોનાનાં વ્હાલે પગ પાન પે'ર્યાં,
નેપુરની ઘુઘરી ઘમકે. મારૂં મન.
શ્રી હસ્તકમળમાં છડી ધરી છે,
ચડયા ચાખડીએ ચટકે. મારૂં મન

બંસી બજાવી વ્હાલે સૌ વશ કીધાં,
વાંસ કેરા એક કટકે. મારૂં મન.
માધવ ત્રિકમજીને શરણે જાતાં,
ઘર ખોયું નહિ ખટકે. મારૂં મન.
માધવ કારણ ત્યાગ ધરીને,
ભસ્મ લગાવી ફરૂં ખલકે. મારૂં મન.
બાળાના સ્વામિ પ્રભુ આશરો તમારો,
દુનિયાથી ચિત્ત ચટકે. મારૂં મન.

---

(૨૯)

પદ.

હાર હાર હાર હાર—એ રાગ.

શામ શામ શામ શામ, મ્હારે ચઢોને વિઠલ વ્હાલ ધરી,
હાથ ગ્રહો હરી, સમય નાવે ફરી. શામ.
આ જંજાળ ઝાળ જગતમાં પડી રહી છું,
ધર્મ કર્મ મર્મ દાન સૌ ભુલી ગઇ છું;
છતાં બાળ ગણી, શાંતિ મુક્ત ભણી. શામ.
કામ ક્રોધાદિ શત્રુ છએ જોર કરી,
કાંતિ શાંતિ છોડાવી મને ભ્રાંતિ ભરી;
દયા ઉર ધરો, સર્વ શત્રુ હરો. શામ.

ચંચળ ચિત્ત વિત્ત હિતનું તજાવી દે છે,
દંભ ડોળ ખોટી ખોળમાં મોટાઇ લે છે;
હાંસલ હણાઈ ગયું, દુઃખ બાકી રહ્યું. શામ.
બંધ કર્મ મર્મ જગતમાં સહુએ જાણે,
વિષને પિયુષ:માની પ્રભુ તોય માણે;
વિવેક કાંઇક જરી, બાકી હરિ હરિ. શામ.
પછી બાળા વિચારીને વિમાને ચડી,
આપ વિણુ કહો શર્ણુ રહે કોને અડી;
ગણી પાર્શમણી, ધાર્યો ધીંગો ધણી. શામ.

---

(૩૦)

પદ.

રાગ દેશ.

કાયા કરમાતાં આ ખુબસુરતી તારી જશે રે,
ધૂળમાં ધૂળ થશે રે. એ ટેક.
શીદ ચામને ચોળી ચોળી, કરવાને સુંવાળી ધોળી;
મથી રહ્યા છે મુરખ, મૂક મમતા બધી રે. કાયા.
સાબુ સુગંધી વસ્તુ ચોળી, પવિત્રતાને દીધી ઝબોળી;
ચરબી ચોળી પવિત્ર શી રીતે થશે રે. કાયા.
પોમેટરમેં ઘરમાં ઘાલ્યું ઝાઝું, હવે પછી શું ગાજું ઝાઝું;
ભ્રષ્ટ ચીજોથી પવિત્રતા કદી ના મળે રે. કાયા.

ન્હાવાની વસ્તુ ક્યાં થોડી, ગૌ છાણ મુત્ર લીઓ જઇ દોડી;
ઘોળી ચોળી ન્હાતાં પવિત્ર થવાય છે રે. કાયા.
વ્યાધિ ઉપાધિ સર્વે ટળશે, યશ આયુષમાં વૃદ્ધિ મળશે;
બાળા કહે દુખ ટળશે, નાથ નિહાળશે રે. કાયા.

---

(૩૧)

રાગ દેશ.

મારા પ્યારા લો સંભાળ, વિરહ દુઃખ ક્યાં કહું રે. ટેક.
મૃગ તૃષ્ણાવત્ તૃષ્ણા મારી, હતી હતી તે ગઇ છે મારી;
મોહ દશામાં મોહી રહી છું જે હતી રે. મારા પ્યારા.
સાચા સાથે સ્નેહજ છોડી, મિથ્યા માયામાં દોડી;
દોડી દોડી મન ગમતું મેં તો કર્યું રે. મારા પ્યારા.
પણ તેમાં મેં સુખ ન જોયું, નૂર બધું મેં મારૂં ખોયું;
ખોયું મુજ સ્વરૂપ ભૂલી અજ્ઞાનમાં રે. મારા પ્યારા.
નાથ કૃપા કાંઈ થઈ છે તારી, એવું સમજી છઊં મોરારી;
ભાન થયું છે પૂર્વ પ્રીતિ જે આપણી રે. મારા પ્યારા.
એક એકની પ્રીતિ કેવી, એક સ્વરૂપે માની લેવી;
હું તમ ફેર કદાપિ કોઇ કળે નહિ રે. મારા પ્યારા.
હજી ફેર ના ભાસે કાંઇ, અંધકાર છે રહ્યો ભરાઈ;
જાશે પ્રીતિ પૂર્ણ થતાં તે આપણી રે. મારા પ્યારા.

પાછી પૂર્વ સમ લહેરો લેશું, એક એકની વાતો કહેશું;
બાળા હાથ ગ્રહોને નાથ દયા ધરી રે. મારા પ્યારા.

---

(૩૧)

લલીત છંદ.

શ્રી હરિ હું તો બાળ રાંકડી, ચરણુ સેવવા તુજ પદે અડી;
નિર્મળી મતિ તું રખાવજે, પવિત્રતા મને તું સજાવજે.
ધર્મમાં રહી આપને ભજું, તમ કૃપા વડે દુર્ગુણો તજું;
પતિત પાવના દાસ ભાવજે, મમ ઉરે સદા તું ટકાવજે.
લક્ષ્મી સહ પ્રભુ ઉરમાં વસો, ક્ષણુ હરિ હવે આપ ના ખસો;
પૂર્ણુ ભાવથી ઉર રાખીએ, ભક્તિ રસ સદા પ્રણુયે ચાખીએ.
અધ અમાપથી વિખુટી આપથી, સમજું છું હવે ગુરૂ પ્રતાપથી;
રૂદન હું કરૂં આંસુડાં લુઓ, કરૂણા દ્રષ્ટિએ નાથજી જુઓ.
તમ વિયોગથી વ્યાકુળી ફરૂ, તમ પદાંબુજે શિર આ ધરૂં;
અરજ બાળાની ઉર ધારજે, પ્રિયતમ પ્રભુ તુંજ તારજે.

---

(૩૩)

પદ.

(નાથ કૈસેં ગજકો બંધ છોડાયો) એ રાગ.

માધવ હું તો દાસી છઉં રે તમારી,લજા રાખોને નાથ અમારી. માધવ.
અજ્ઞતાથી ભવરણુમાં ભટકી, જન્મ યુગોયુગ લીધા;
તોપણુ પાર ન આવ્યો મારો, અકૃત્ય અઢકાં કીધાં. માધવ.

તુજ કૃપાથી મુજ ઉર ઠસીઉં, તુજ વિણ નવ કોઇ બેલી;
માટે કૃપા ઘન કરૂણા કરશો, વાત કરૂં શું વિતેલી. માધવ.
પળ એક યુગ સમ જાય વિયોગે, તેથી બની છઊં ઘેલી;
માયાર્ણવમાં જોઈ ડુબેલી, વા'ર કરો ઝટ વે'લી. માધવ.
ચક્ર લેઇ ધાયા ગજેન્દ્રની વારે, ગ્રુડને નાંખ્યો વિદારી;
તેમજ બાળાની અરજ સ્વિકારી, ભવસિંધુથી લ્યો તારી. માધવ.

---

(૩૪)

પદ.

(હો પ્રિય શાણી સખી, ક્ષત્રિ તનુજ વરવો) એ રાગ

હો પ્રિય પ્રાણપતિ, આપના અમે ઠરીએ;
આપના અમે ઠરીએ, દાસ દરશન નિત્ય કરીએ. હો પ્રિય.
નાથ હું અનાથ બાળ, માધવ તું દિનદયાળ;
શિર વિકરાળ કાળ, તે નિદાન ડરીએ. હો પ્રિય.
લ્યો ઉગારી દુઃખ નિવારી, રંક બિચારી દાસી ધારી;
માધવ નવ રાખો ન્યારી, ચિંતા દૂર કરીએ. હો પ્રિય.
જગથી ડરી ઉર ઠરી, તમને વરી પ્રિતિ કરી;
છાયા રૂપ અબળાને, ન અળગી રાખો જરીએ. હો પ્રિય.
માધવરાય પ્રસન્ન થાય, દાસી ગાય ગુણ સહાય;
બાળા ન્હાય ઉર માંય, કરો કરૂણા તરીએ. હો પ્રિય.

---

(૩૫)

પદ.

રાગ દેશ.

પ્રણમું શિર નામી શ્રી માધવ હું પ્રણયે કરી રે,
દોષ મમ લો હરી રે. પ્રણમું.
માયા તારી દુર્ઘટ ભારી, હું અવિચારી રંક બીચારી;
ગુણ તારા વિસ્તારી, નવ શકું જરી રે. પ્રણમું.
જગકર સ્વામિ હે યશનામી, અંતરજામિ પૂરણ કામિ;
વિરહ વેદના વામી, જાઉ ન વીસરી રે. પ્રણમું.
ભવ દુઃખ કાપો, સુમતી આપો, ભક્તિ સ્થાપો, ગુણ અમાપો;
ટાળો ત્રિવિધિ તાપો, જેથી રહું ઠરી રે. પ્રણમું.
કર્મ દાવાનળ માંહે સળગી, જેથી આપ ચરણમાં વળગી;
હવે ન કરશો અળગી, હું તમને વરી રે. પ્રણમું.
પ્રિતમ એક છે આશ્રય તારો, સાચો તું એકજ મારો;
બાળાને હરિ તારો, કહું હું કરગરી રે. પ્રણમું.

---

(૩૬)

પદ.

રાગ માઢ.

રે હરિ કૃષ્ણજી કાળા, મોરલીવાળા, ને લટકાળા, શામળીયા શિરતાજ,
રે પ્રભુ દિન દયાળા, જન પ્રતિપાળા, કરૂણાવાળા, ધરો અંતરમાં દાઝ.

દુષ્ટ દુશાસને ચીર ખેંચ્યાં, દ્રૌપદિનાં જે વાર,
દુર્યોધન રાજાની સભામાં, સતિએ કીધો પોકાર;
રે સુણી ગંભિર વાણી, દુઃખમય જાણી, સારંગપાણી,
આવ્યા ગરિબ નીવાજ. રે હરિ.
અંતરિક્ષ રહી ચીર પૂર્યાં, નવસેં નવાણું નવીન,
તે રૂક્ષ્મણીના પતિ ચરણમાં, પૂરણ થઇ છું લીન;
રે પ્રભુ વૈકુંઠવાસી, સ્વયં પ્રકાશી, દાસી ઉદાસી,
જાણી પધારો આજ. રે હરિ.
નામ દેવની સેવા સ્વિકારી, પ્રણુયે કર્યું પયપાન,
તે ગોવિંદા વ્હારે ચડજો, બચાવવા મુજ જાન;
રે નહિ સત્વર ધાશો, ખોટજ ખાશો, ખુટલ કહેવાશો,
જાશે તમારી લાજ. રે હરિ.
નિર વિના જેમ મિન તરફડી, તજે પોતાના પ્રાણ,
તેમ વિરહ જવાળે પ્રજળાવી, લેશો શું માધવ દાણ;
રે બાળા સિહોરવાસી, ચરણની દાસી, દરશનની પ્યાસી,
ઉર બની છે અગાજ. રે હરિ.

---

(૩૭)

પદ.

રાગ માઢ

શામ સુંદર તારી, મૂરતિ ન્યારી, જાઉં બલિહારી, પ્યારા માધવરાય. ટેક
ભક્ત ભયહારિં, છો અવતારી, જન હિતકારી, ભક્તોની કરતા સહાય.

મોર મુગટ શિરપર અતિ શોભે, કુંડળ ઝળકે કાન,
કૌસ્તુભ મણિમય હાર કંઠે, હસતું વદન કોટી ભાણુ;
બંસી મુખ શોભે પ્યારી, છે ભુજ ચારી, આયુધ ધારી,
જય જય જાદવરાય. શામ. ૧
નવિન સુરંગી શોભે વાઘા, ઉપરણા અનુકૂળ,
તડિત સરખાં તનપર શોભે, પિતાંબર પટકુળ;
ધન્ય પ્રભુ આનંદકારી, વિશ્વ વિહારી, ગતિ છે ન્યારિ,
જગ્તપતિ જગરાય. શામ. ૨
રત્ન જડેલી ચાખડી પગમાં, મનહર દિવ્ય દરશન;
કૃપા દ્રષ્ટિએ શરણુંગતને, પ્રેમે થાઓ પ્રસન્ન;
છો પ્રભુ દિનદયાળા, છેલ છોગાળા, જન પ્રતિપાળા;
સુરીનર ચિત્તમાં ચ્હાય. શામ. ૩
શરણે આવે સ્તુતિ કરૂં છું, કર જોડીને આજ,
શિષ નમાવી ચરણુ તમારે, માગું છું મહારાજ;
જાણી બાળા તમારી, કુંજ બિહારી, ગિરીવર ધારી.
શરણે રાખો સદાય. શામ. ૪

---

(૩૮)

પદ.

મહિદ્વીપ છંદ.

માધવ મુકુંદ હરિ સર્વોત્તમ સ્વામિ,
મનહર મુખારવિંદ નિરખી વિરામી;

ચરણકમળમાં સદાય પ્રણમું શિરનામી,
વામન નરહરિ રામ કૃષ્ણને નમામી. માધવ.
મચ્છ રૂપે વેદ આણી સોંપ્યા વિધિ હાથે,
કચ્છરૂપે મથન કર્યો સાગર શ્રીનાથે. માધવ.
હણ્યો હિરણાક્ષ ધરી રૂપ વરાહ કેરૂં,
સ્થંભથી પ્રગટયા નૃસિંહ ભક્ત તણા ભેરૂ. માધવ.
હિરણાકશ્યપ સંહારિ પ્રહલાદ તારી,
વામન રૂપે બલીને જાચીયો મોરારી. માધવ.
જમદગ્નિ બાળ ફરશુરામ ફરશી ધારી,
નક્ષત્રિ કરી વસુધા એકવીશ વારી. માધવ.
રવિકુળે શ્રી રઘુપતિ પ્રગટયા અનુજ સાથે,
જાનકિ નિદાન દશાનન હણ્યો હાથે. માધવ.
તારી નારી ગૌતમની શવરીને ઉધારી,
અવધની પ્રજાને મોક્ષ દીધો સુખકારી. માધવ.
કૃષ્ણ રૂપ ધરી અસુર ચક્રથી સંહાર્યા,
અર્ચાદિ સ્વરૂપે વિશ્નુ દેવળો સોહાવ્યાં. માધવ.
ભક્તની સેવા સ્વિકારવા સ્વયં પ્રકાશી,
નાથ હવે તારો મુને ગાય બાળા દાસી. માધવ.

---

(૩૯)

પદ.

બુદ્ધવતારની પ્રાર્થના.

પ્યારા નમાવી પ્રીતે શિષ મારા વ્હાલા નમાવી પ્રીતે શિષ રે,
વિનંતી ઉચરૂં આજ તુંહી. ટેક.
મનુષ્યનું નૂર ગયું, રાજાઓનું શૂર ગયું;
ભૂમિએ વધી પડયો ભાર, વ્હાલા રે. વિનંતી.
રસકસ સહુ ગયો, અન્યાય છે વ્યાપિ રહ્યો;
પીડાય બ્રાહ્મણને ગાય, વ્હાલા રે. વિનંતી.
કર્મ તજ્યાં છે સહુ, ધર્મ થયા છે બહુ;
થાવા બેઠો છે કાળો કેર, વ્હાલા રે. વિનંતી.
આશ્રમનો ભેદ ગયો, અભેદ સહુએ કર્યો;
ભેદ ભરાયો દિલમાં, વ્હાલા રે. વિનંતી
પોતપોતાનું ખેંચે, ધર્મમાંહી વઢી વહેંચે;
ખંડન મંડન બહુ થાય, વ્હાલા રે. વિનંતી.
કેમ કયાં કોને કહેવું, કેમ વરતવું રે;
સૂઝ પડે ના નથી સાન, વ્હાલા રે. વિનંતી.
મનુષ્યનો દેહ પામી, પણ નહીં કાંઈ ફાવી;
નાવ્યો ચોરાશી કેરો પાર, વ્હાલા રે. વિનંતી.
હરિ હવે દયા કરો, પ્રીતિ કાંઇ દિલ ધરો;
જાણી તમારી મને બાળ, વ્હાલા રે. વિનંતી.

જન્મ મરણ ફેરો, સુખ દુઃખ રૂપી ટેરો;
ટાળી ચર્ણે લો બાળા તાત, વ્હાલા રે. વિનંતી.

---

(૪૦)

પદ.

(પધારો પ્રભુ નટવર નંદ લાલા) એ રાગ.

પધારો પ્રભુ માધવ મોરલીવાળા, મુને ઘણા પ્રાણ થકી વ્હાલા;
જાદવરાય શ્રી કૃષ્ણ છોગાળા, પધારો.
માધવપુર ધામ અતિ સારૂં, માધવ પ્રત્યે ચિત્ત ચોટયું મારૂં;
શામળિયાનું શરણ અતિ પ્યારૂં, પધારો.
મોહન મારૂં મન રહ્યું વળગી, સેવા માંહી લાગી મુને લગની;
દયાસિંધુ નવ રાખો અળગી, પધારો.
સુંદિર છબી આપ તણી પ્યારી, અંતર માંહી રાખું હું ઉતારી;
માધવ ત્રીકમરાયની બલીહારી, પધારો.
ચતુર્ભુજ શું કહીએ તમને, દરશન લેવા હોંશ ઘણી અમને;
ચક્ષુ ભરી નિરખું ક્યારે તમને, પધારો.
વિશ્વાસમાં દિન વૃથા જતા, સદા પ્રભુ દિનના સુખદાતા;
રખે દર્શન આપતાં શરમાતા, પધારો.
વિવેકીને વિશેષ શું કહેવું, હરિ રાખે તેમ નિત્યે રહેવું;
શરણ એક શ્રીહરિનું લેવું, પધારો.

સંસારમાં જો મને સરજી, દયા લાવી તાર શ્રી હરજી;
બાળાની ઉર ધરો અરજી, પધારો.
વ્હાલી પુત્રિ જાણી શરણ આપો, ટાળો મારા ત્રિવિધીના તાપો;
જન્મ મરણ ભય સઘ કાપો, પધારો.

---

(૪૧)

પદ.

(પ્રભુ પાલવ પકડીને રહી પ્રેમથી રે) એ રાગ.

માધવ શરણ ગ્રહીને રહી છું સ્નેહથી રે,
વ્હાલા લટકાળા છો છેલ છબીલા શામ;
સ્નેહે અરજ કરે છે બાળા આપને રે. ટેક.
વ્હાલા સંસારનાં દુઃખ સર્વે દૂર કરો રે,
કરૂણાના સાગર દિનના દયાળ. સ્નેહે.
ત્રિવિધિના તાપમાં, તપી રહું દિન રાત;
વ્હારે ચડજો વિઠલા, વીલંબ ન કરશો લગાર.
સાચા માત પિતા છો શ્રી માધવ તમે રે;
પ્રીય પૂજ્ય સહોદર સાચા રૂક્ષ્મણીનાથ. સ્નેહે.
મિન તલસે જેમ જળ વિના, ચંદ્ર વિના ચકોર;
ટોળા વિખુટી મૃગલી, જળધર વિના મોર.
માધવ તમ દર્શન વિણ બાળા બની વ્યાકુળી રે;
જો નહિ સંભારો તો જાશે મારા પ્રાણ. સ્નેહે.

આતુરતા છે અતિ ઘણી, મળવા મન અકળાય;
ક્યારે ચક્ષુ નિરખશે, પ્યારા માધવરાય.
લક્ષ્મીપતિને નેત્રેથી જ્યારે નિરખશું રે;
ત્યારે ટળશે મારાં કોટી જનમનાં પાપ. સ્નેહે.

ધીરજ તો રાખી રહિ, મન ધારી વિશ્વાસ;
જો નહિ મળશો શામળા, જાશે તમારી લાજ.
વિઠ્ઠલ વિશ્વાસ આપીને નહિ ખુટશો રે,
ભક્તવત્સળ બિરદ તમારૂં જાય. સ્નેહે.

પાપો પેલા ભવ તણાં, આડાં આવે આજ;
ચિંતાથી ચિતડું બળે, માધવ આપને કાજ.
કઠણ કળિયુગમાં જન્મ શિદ આપીયો રે,
હવે વાર કરો નહીં કૃષ્ણ નંદકુમાર. સ્નેહે.

પારસમણીને પરસતાં, લોહા કંચન થાય;
કલ્પ વૃક્ષને સેવતાં દારીદ્ર પળાય.
તેમ ચરણકમળ પ્રભુજીનાં સેવતાં રે;
સે'જે ભવસાગર પાર ઉતરાય. સ્નેહે.

ભક્તિ કરૂં છું ભાવથી, સ્નેહ સહિત દિન રાત;
બાળા ગણીને આપની, આવી મળો જગતાત.
મારૂં વહાણ ભવસિંધુથી તારશો રે;
માધવ ત્રિકમ બાળાનો ગ્રહી હાથ. સ્નેહે.

---

(૪૨)

પદ.

(ક્ષત્રિ કલંક કેમ લેગે રે) એ રાગ.

શ્રી માધવ પ્રભુ જગતાત, દ્યો દરશન અતિ પ્યારૂં રે;
વ્હાલા અખંડ બ્રહ્માંડના નાથ, શરણુ ગ્રહ્યું છે તમારૂં રે.
કરગરી કહું છું જોડી હાથ, દ્યો દરશન.
સ્નેહ સ્તુતિ કરૂં છું દિન નાથ, શરણુ.
આપે સુધાર્યા ભકતોનાં કાજ, દ્યો દરશન.
પુર્ણ કરો મનના અભિલાષ, શરણુ.
જગત બધું લાગે મને ઝેર, દ્યો દરશન.
દીન જાણી કરો ઘણી મહેર, શરણુ.
વ્હાલા ચૌદ ભુવનના ભૂપ, દ્યો દરશન.
છો માધવપુર પ્રગટ સ્વરૂપ, શરણુ.
સર્વવ્યાપક પૂરણ બ્રહ્મ, દ્યો દરશન.
જેનો નિગમ ન જાણે મર્મ, શરણુ.
અખિલ વિશ્વ તણા આધાર, દ્યો દરશન.
ભકત આરતિ ભંજનહાર, શરણુ.
અતિ વિચિત્ર કૃતિ છે તમારી, દ્યો દરશન.
તેમાં પોંચે ન મતિ અમારી, શરણુ.
સદા દાસ ગણી કષ્ટ કાપો, દ્યો દરશન.
શુદ્ધ હ્રદય કરી ભકિત સ્થાપો, શરણુ.

આપ આધિન આ જગતનું તંત્ર, ઘો દરશન.
નિત્યે આપ રહો સ્વતંત્ર, શરણુ.
છે આપનો પૌઢ પ્રતાપ, ઘો દરશન.
પ્રીતિથી ભક્તિ ઘો મમ તાત. શરણુ.
આપે કીધા અગણિત ઉપકાર, ઘો દરશન.
નિશ્ચે આપનો સત્ય આધાર. શરણુ.
કહે કરગરી બાળા તમારી, ઘો દરશન.
વે'લા પધારજો માધવ મોરારી, શરણુ.

---

(૪૩)

પદ.

(રાગ સિતાજીના મહિનાનો.)

અહો દિન બંધુ દિનનાથ, દયાળુ માધવ તમે;
છો ભકતવત્સલ ભગવાન, બાળક આપનાં અમે. ૧
અમે જુદાં પડયાં ઘનશામ, પરિતાપ બહુ થાય છે;
અળગાં રહેતાં શ્રી માધવરાય, હૃદય ગભરાય છે. ૨
અપરાધ બાળાના અનેક, દયાળુ ક્ષમા કરો;
દયાવંત દિલના ઉદાર, અમારાં કષ્ટો હરો. ૩
સ્નેહે સ્તુતિ કરૂં સદૈવ, કૃપાળુ કરૂણા કરો;
વ્હાલા વેગે કરવા વાર, ગરૂડે ચડી પરવરો. ૪
નથી જાણુતી ભક્તિની રીત, નવધા પ્રકારની;
જ્ઞાન ધ્યાન ન જાણું જરાય, રીત સેવા શૃંગારની. ૫

એક બાળાની રાખી ટેક, વે'લેરા પધારજો;
નિજ બાળાને દઇ દરશન, ભવસિંધુથી તારજો. ૬

———

(૪૪)

પદ.

શ્રી માધવરાયનો થાળ.

(રાગ લાવણી)

જમો જમો શ્રી માધવરાય. શરમ મમ છોડી;
મારા અંતરના આધાર, કહું કર જોડી.
જમો ઘેબર ગુંજ્યા દુધપાક, જલેબી રૂડી;
માંહું સાકર બુરાદાર, પેંડા ને પુરી.
જમો મગદળ મોતીચુર, ચોરશે ખાજાં;
મહિં માંખણ મીસરી દુધ, ગોરસ છે તાજાં.
તેત્રિશ વાનાનાં શાક, અથાણાં સારાં;
રાઇતાં ભજીઆં ને દહીંવડાં રૂપાળાં.
ખેરા પાપડ ને શેવ, તળી સુંવાળી;
જમો શાક કઢીમાં વડી દીસે રૂપાળી.
જમો મરી મીઠું મજેદાર, ચટણી છે સારી;
મહિં મહા સુગંધીદાર, મુરબ્બા ભારી.

જમો દાળ ભાત ઘૃત સાર, ગંગાજળ ઝારી;
જશોદાના જાયા પ્રાણ, ગોવિંદ વનમાળી.
જમો મુખવાસ બીડલાં પાન, સોપારી સારી;
તમે રાધાજીના કંથ, ગોવિંદ વનમાળી.
કસ્તુરી બરાસ એલચી, લવીંગ તજ સારી;
રત્નજડીત પંખો હાથ, ઢોળું હું વારી.
જમો જમો જગત પ્રતિપાળ, પૂર ભગવાન;
મુજ રંક ઉપર દિન રાત, રહો મહેરબાન.
કહે બાળા નમાવી શિષ, અરજ ઉર ધરજો;
અંત કાળ સમે મહારાજ, સ્હાયત કરજો.

---

(૪૫)

પદ.

(ભક્તોની ભીડ કયા નાખ્યા રે હું તો) એ રાગ.

સગપણ માધવનું સાચું રે,
મારે બીજું સગપણ સંસારમાં કાચું રે. ટેક.
દ્રશ્ય પદારથ નાશવંત દીસે,
મિથ્યા મોહ વિષે નહિ રાચું રે. મારે. ૧
વાસના રહેજો સંસારની મનમાં,
આવાગમન થાય પાછું રે. મારે. ૨

અસહ્ય દુઃખ છે ગર્ભ નિવાસનાં,
હવે શરણુ ગ્રહ્યું છે ખાસું રે. મારે. ૩
બાળાના સ્વામિ છો રસિક માધવરાય,
આપ શરણુ વિણુ અન્ય નહિ જાચું રે. મારે. ૪

---

(૪૬)

પદ.

રાગ ઉપરનો.

લગની માધવ સંગ લાગી રે,
બેની મિથ્યા તૃષ્ણા મૂકી બધી ત્યાગી રે. ટેક.
દુરિજન લોક જેમ ફાવે તેમ બોલે,
ભય ભ્રાંતિ સર્વે દૂર ભાગી રે. બેની. ૧
અનાથના નાથે કૃપા બહુ કીધી,
શુદ્ધ સંસકાર ઉઠયા હવે જાગી રે. બેની. ૨
સેવા સ્મરણુમાં ચિત્ત ચોટયું મારૂં,
ભજું ભાવથી ગોવિંદ ગુણુગ્રાહી રે. બેની. ૩
બાળાના પ્રભુને ભાવથી ભજી લો,
સુખ પામશો અખંડ સુભાગી રે. બેની. ૪

---

(૪૭)

પદ.

(આ પત્ર વાંચજો પ્યારા) એ રાગ.

આ અરજ સુણો પ્રભુ પ્યારા, દિન બંધુ છો માધવ મારા.
લખે અર્જ આપની બાળા, ભકતવત્સલ દિન દયાળા;
હે રૂક્ષ્મણી વર રૂપાળા. દિન બંધુ. ૧
મોર મુગટ શિર પર ધારી, શિરપેચ લટકે અતિ ભારી;
શામ સુંદીર મોરલીવાળા. દિન બંધુ. ૨
કોટી ભાનુ સમી છબી રાજે, નીરખી મેનાજ અતિ લાજે;
શુભ કુંડલ કાને ધાર્યા. દિન બંધુ. ૩
કંઠે કૌસ્તુભ મણિ હાર શોભે, જોઇ વદન મુનિ મન લોભે;
શરણાંગતના પ્રતિપાળા. દિન બંધુ. ૪
શુચિ પિતાંબર અંગ ધારી, ચક્રાદિ આયુધ ભુજ ચારી;
ત્રિગુણાતિત ગુણ અતિ ન્યારા. દિન બંધુ. ૫
બાંહે બાજુબંધ બિરાજે, કડાં વેઢ વીંટીઉ બહુ છાજે;
ભકત હ્રદયમાં વસનારા. દિન બંધુ. ૬
સંભાળ ભકતોની નિત્ય લોછો, નિજ દાસને દરશન દોછો;
દયા લાવી દુઃખ હરનારા. દિન બંધુ. ૭
આપે અનેક ભકત ઉગાર્યા, નિજ હાથથી દૈત્ય સંહાર્યા;
ભકત કાજે વપુ ધરનારા. દિન બંધુ. ૮

પ્રહ્‌લાદ માટે નૃસિંહ રૂપ લીધું, અને અવિચળ પદ કરી દીધું;
અંબરિશની વા'રે ચડનારા. દિન બંધુ. ૯
મિરાંબાઈનું દુઃખ હરી લીધું, વિષ બદલે અમૃત કીધું;
ભકત નૃસિંહનાં કામ કરનારા. દિન બંધુ. ૧૦
લજ્જા દ્રૌપદિની બહુ રાખી, જોતાં કૌરવની સભા આખી;
અંત્રિક્ષથી ચીર પુરનારા. દિન બંધુ. ૧૧
બની શિલા સમ રૂષિ નારી, ચર્ણરજે તે અહલ્યા ઉધારી;
રામ નામથી ભવ તારનારા. દિન બંધુ. ૧૨
કોટી ભકતો તણાં કષ્ટ કાપ્યાં, બાંહ્યગ્રહી અભયપદ આપ્યાં;
વશમી વેળામાં વાર કરનારા. દિન બંધુ. ૧૩
વારંવાર કહું શિર નામી, રૂદે ધરજો રૂક્ષ્મણી સ્વામિ;
પ્રભુ બાળા ઉર વસનારા. દિન બંધુ. ૧૪

---

(૪૮)

પદ.

(હરી ભજન થકી છોટા હોય તે સૌથી મોટા થાય) એ રાગ

હે માધવરાય, કેમ હજુ આ બાળકને તલસાવો;
દયા ઉર ધરી, તન મન કેરા તાપ હરિ બુઝાવો. ટેક.
આપે ભકતો કેરી વ્હાર કરી, સુધન્વાની વિનંતી ઉર ધરી;
તાતી તેલ કડાને શાંત કરી. હે માધવરાય. ૧

દુષ્ટ દુર્યોધને ક્રુર દ્રષ્ટિ કરી, સભા મધ્યે દ્રૌપદિની લજ્જા હરી;
ચિર પુરી ભક્તને શાંત કરી. હે માધવરાય. ૨
વ્હાલે રૂક્ષમણી કેરી વ્હાર કરી, શ્રી હસ્તકમળેથી હરણ કરી;
માધવપુર પધાર્યા પ્રીતે વરી. હે માધવરાય. ૩
આપે ભક્ત પ્રહ્‌લાદની રક્ષા કરી, સ્થંભ ફોડી પ્રકટ્યા નૃસિંહ હરી;
હિરણ્યાકશ્યપ માર્યો હાથે કરી. હે માધવરાય. ૪
ચંદ્રહાસતણી વિપત્તીને હરી, વિષને બદલે વિષ્યાજ વરી;
દુષ્ટબુદ્ધિ પ્રધાન મુખ ધૂળ ધરી. હે માધવરાય. ૫
પાંચ પાંડવને જ્યારે ભીડ પડી, લાખાગ્રહમાં લાય લાગી ઘણી;
તેમાં આપે ઉગાર્યા વૈકુંઠ ધણી. હે માધવરાય. ૬
મહાભારથ યુદ્ધમાં ચિત્ત ધરી, ટીટોડાં બચાવ્યાં વ્હાલ ધરી;
ગજઘંટ ઢાંકીને રક્ષા કરી. હે માધવરાય. ૭
મનરંજન મુરતી ક્યારે મળે, તમ દરશન વિણ આ ચિત્ત બળે;
માધવ પ્રભુ મુને ક્યારે મળે. હે માધવરાય. ૮
નિજ ભક્ત તણી અર્જ ઉર ધરો, અભિલાષા મનની પૂર્ણ કરો;
આપી દર્શન બાળાનાં કષ્ટ હરો. હે માધવરાય. ૯

---

(૪૯)

પદ.

(નમું નમુ ત્રિપુરારિ દેવ હો શંભુ કૈલાસના અધિકારી) એ રાગ.

લેજો લેજો મારી સંભાળ હો, પ્રભુ માધવપુરનાવાસી,
વિશ્વાસે હું રહી છું તમારે, અન્ય આશરો નથી અમારે;

આધિ વ્યાધિ સંસારની ટાળો, હો પ્રભુ માધવપુરનાવાસી,
આજ સુધી અજ્ઞાનપણામાં, મિથ્યા સુખ માન્યું ઘણામાં;
હવે શરણુ ગ્રહ્યું છે તમારૂં, હો પ્રભુ.
ભવસાગરનાં મોજાંમાંહે, વારંવાર અફળાણી હું ત્યાંહે;
તેથી બાંહ્ય ગ્રહી ઉગારી, હો પ્રભુ.
કર્મ જોઈ દુઃખ દેવાં અમને, બાપ ઘટે નહીં એવું તમને;
કૃપાસિંધુ છો દિનદયાળ, હો પ્રભુ.
ત્રિગુણાતિત નહીં તરછોડો, એવી અમારી શું છે ખોડો;
શરણાંગત બિરદ સંભાર, હો પ્રભુ.
સંકટ સર્વે સહ્યાં છે માથે, ભક્તો ઉગારવા શ્રીનાથે;
ભક્તવત્સલ રૂક્ષ્મણીનાથ, હો પ્રભુ.
દેહ પડયાનો ડર નથી મારે, આપ દર્શનની આશ ઉર ભારે;
અર્જ બાળાતણી ઉર ધાર, હો પ્રભુ.

---

(૫૦)

પદ.

(હું તો ન્યારો રહીને ખેલું છે નારાયણા રે) એ રાગ.

પ્યારા આશ્રિત લ્યો સંભાળ બિરદ તમે પાળજો રે. ટેક
નાથ શરણુ હું પડી તમારે, અન્ય આશરો નથી અમારે;
આધિ વ્યાધિ ને ઉપાધિ ટાળજો રે, પ્યારા. ૧

અજ્ઞપણે આશા તૃષ્ણામાં, ભૂલી ભમું હું મૂર્ખપણામાં;
અમુલખ અવસર ખોયો, જગતની ઝાળમાં રે, પ્યારા. ૨
કર્મ અમારાં સામું ન જોશો, રોમરોમ ભર્યા છે દોષો;
દોષો સર્વે ખોશો, પ્રણુત પ્રતિપાળ છો રે, પ્યારા. ૩
આ ભવસાગર માંહિ ફરૂં છું, તમ દરશનની આશ ધરૂં છું;
અધવચ નાથ મને નહિં રખડાવશો રે, પ્યારા. ૪
દિનબંધુ માધવ છો દયાળુ, ભક્તવત્સલ સદા કૃપાળુ;
બાળા કરગ્રહીને પાર ઉતારશો રે, પ્યારા. ૫

---

(૫૧)

પદ.

(રાગ કારી હોરીની રાહ.)

માધવ આવો મંદીરે પધરાવું પધરાવું રે. ટેક.
મોતીએ ચોક પુરાવું પ્રીતે, કુંજનો મંડપ બનાવું,
રત્નજડીત સિંહાસન બેસવા, રૂક્ષ્મણી વરને વધાવું;
શૃંગાર સ્વહસ્તે સજાવું. માધવ. ૧
અત્તર તેલ ફુલેલ લગાવી, ઉષ્નોદકે નવરાવું,
પીળાં પિતામ્બર પે'રવા આપીશ, વાઘા જરીના મંગાવું;
મુગટ મણીજડીત્ર ધરાવું. માધવ. ૨
કેશર ચંદન તિલક કપાળે, કાને કુંડળ ધરાવું,
કંઠે હાર પુષ્પની માળા, ચુન ચુન કળીઉં મંગાવું;
બાંહે બાજુબંધ પે'રાવું. માધવ. ૩

કડાં પોંચી વેઢ વીંટીઉં હાથે, કેડે કંદોરો પે'રાવું,
પાયે તોડા ચાખડી ચડવા, રત્નજડીત્ર હું લાવું;
ભોજન માટે બાજોઠ ઢળાવું. માધવ. ૪
ભાવતાં ભોજન હાથે બનાવી, થાળ ભરી ભરી લાવું,
શાક અથાણાં ચટણી મુરબ્બા, પ્રીતેથી પીરસાવું;
ઝારી જળની ભરી લાવું. માધવ. ૫
તાંબુલ સોપારી બરાસ કસ્તુરી, બીડલાં હાથે બનાવું,
મનમોહન મુખવાસ આરોગો, ધુપ સુગંધી કરાવું;
કપુરતણી આરતિ ઉતારૂં. માધવ. ૬
પોઢવા કાજે પલંગ બીછાવું, વિઝણે વાયુ હું ઢોળું,
બાળાના પ્રભુ સેવા સ્વિકારો, મનમાં ગરવ નહિં લાવું;
વારંવાર શિષ નમાવું. માધવ. ૭

---

(૫૨)

પદ.

(રાગ કાફી હોરીની, તાલ દીપચંદી.)

.ધવ પ્રભુ પ્રીતે પધારો પધારો રે, દયા લાવી સ્નેહ વધારો,
.ારો રે, માધવ પ્રભુ પ્રીતે પધારો. ટેક.
.હ નિહાળી નિહાળી હું થાકી, બિઠુલ કાંઇક વિચારો,
.શન દેતાં દામ નહિ બેસે, ધરણીધર ઉર ધારો;
.થી કાંઇ વાંક અમારો. માધવ પ્રભુ. ૧

હું છું બાળક આપ છો પાળક, ટાળક અઘના ભંડારો,
આપ કૃપાથી ગ્રહ્યો સદ્‌મારગ, કાર્ય સકળ સુધારો;
નથી અન્ય આધાર મારો. માધવ પ્રભુ. ૨

અનેક જનમનાં પાપ જે મારાં, તેને સઘ પ્રજારો,
આપ શરણમાં આવી મળવું, એજ અમારો ઉગારો;
ભવસિંધુ ભાવ ઉતારો. માધવ પ્રભુ. ૩

દયા કરી નિત્ય દરશન દેશો, તાપ ત્રિવિધિ નિવારો,
બાળા બાળક જાણી પોતાની, ત્રિભુવનપતિ હવે તારો;
સફળ કરો આ જન્મારો. માધવ પ્રભુ. ૪

---

(૫૩)

પદ.

(સિતાજીના મહિનાનો રાગ.)

પ્રભુ કારતકે કલેષ અપાર, માધવ પ્રભુ કયાં મળે;
તે છે નોધારાના આધાર, દુઃખડાં કયારે હરે. ૧

પ્રભુ માગશરે મનમાંહિ, પરિતાપ થાય છે;
હવે અળગાં રહેતાં ઘનશામ, હૃદય ગભરાય છે. ૨

પ્રભુ પોષે ન રાખશો રોશ, વે'લેરા પધારજો;
છો ભક્તવત્સલ દિનનાથ, દયા ઉર લાવજો. ૩

પ્રભુ મહા મહિને મહારાજ, કષ્ટ સઘળાં કાપજો;
વ્હાલા વિલંબ ન કરશો લગાર, અભયપદ આપજો. ૪

પ્રભુ ફાગણે ફુલના હાર, ગુંથ્યા તમ કારણે;
પ્રીતે પધારો માધવરાય, જાઉં તમ વારણે. ૫

પ્રભુ ચૈતરે ચતુર્ભુજ, ચતુર થૈ નવ ચૂકશો;
પૂરો મનતણા અભિલાષ, હવે નહિં મૂકશો. ૬

પ્રભુ વૈશાખે વિશ્વાધાર, વે'લેરા પધારજો;
આપ રટણ કરૂં દિનરાત, લજ્જા મારી રાખજો. ૭

પ્રભુ જેઠે રહું વાટ જોઇ, માધવ પ્રભુ મન વિષે;
હું ભટકું ભવાબ્ધિ માંહી, મળો નહિં કઇ રીશે. ૮

પ્રભુ અષાડે અંધકાર, મને નથી સૂઝતું;
વહે નેત્રમાંથી જળ ધાર, હૃદય રહે મુંજતું. ૯

પ્રભુ શ્રાવણે સર્વ વિધાય, સમજ્યા વિના શું ફળે;
હવે મહેર કરો મહારાજ, દાસીની ચિંતા ટળે. ૧૦

પ્રભુ ભાદરવો ભરપૂર, સંસાર સરવે ઉલટયો;
દિનાનાથ હવે હદ થાય, પધારો નથી છૂટકો. ૧૧

પ્રભુ આસોએ ફરૂંછું ઉદાસ, વૈરાગિ ભવવનમાં;
બાળા શરણમાં રાખવા કાજ, વિચારી લો મનમાં. ૧૨

---

(५४)

पद.

(रवी उदय आ घडीए थाशे) ए राग.

રવિ કોટી સમ કાન્તિવાળા, રૂક્ષ્મણી વર રૂપાળા,
દિન દયાળા રે, પધારો પ્રીત કરી. ૧
ચંદ્ર વદન રાકા શશિ જેવું, નિત્ય નિત્ય દરશન દેવું;
સુખ અતિ લેવું રે. પધારો. ૨
મંગળ મુરતિ માધવ તારી, ચિત્તમાં રાખું ઉતારી;
જાઉં બલિહારી રે. પધારો. ૩
બુદ્ધવંત બળવંત બહુનામી, સુંદર વર નહિ ખામી;
કહું શિશ નામી રે. પધારો. ૪
ગુરૂવારે ગિરધર ગુણવાળા, છેલ છબિલા છોગાળા;
નંદના લાલા રે. પધારો. ૫
શુકરવારે રહી વિશ્વાસે, માધવ મળવા આશે;
આવો હુલ્લાસે રે. પધારો. ૬
શનિવારે મળવા હરિ આવો, પટરાણી સંગ લાવો;
હસી બોલાવો રે. પધારો. ૭
સાતે વાર રચીને બાળા, કહે છે મોરલીવાળા;
છો મરમાળા રે. પધારો. ૮

(૫૫)

પદ.

(ઓધવજીના સદેશાનો રાગ).

પડવે પંથ નિહાળી હું થાકી ગઇ,
માધવને મન દયા ન આવે લેશ જો;
તન મન ધન સોંપ્યાં છે મેં તો શામને,
શિદ તલસાવો અધિકો થાવા કલેષ જો. ૧

બીજે નાઠ્યા બેલી વીર બળ રામના,
રોકાયા કાંઇ રૂક્મણી કેરે ધામ જો;
પરવશ થયા પ્રભુજી પટરાણી તણે,
કાં ભકતોનાં કરવા રૂડાં કામ જો. ૨

ત્રિજે તરછોડયાની ટેવ મટી નહીં,
બાળાપણમાં કરેલ એવાં કામ જો;
ગોપિ જન તરછોડી મથુરાં ચાલીયા,
રોતાં મૂકયાં નંદ જશોદા માત જો. ૩

ચોથે ચતુર્ભુજ ચતુર થૈને ચુકીયા,
નારી થઇને નાચેલ ગોપી સાથ જો;
ચોરી બહુ માંખણની કરતા માવજી,
ખવાડતાં કાંઇ માંકડાંને ધરી હાથ જો. ૪

પાંચમે પર્વત તોળ્યો વ્રજ ગિરિરાજને,

બચાવ્યાં કાંઇ ગોકુળ સહિત ગોવાળજો;
વ્રજ વિનતાને રાસ થકી સુખ આપીયાં,
દાવાનળથી ઉગાર્યા ગ્વાલ બાળ જો. ૫
છઠ્ઠે યમલાર્જુન વૃક્ષ હાથે પાડીયા,
ભકત કારણે બંધાયા જદુનાથ જો;
નળ કુબર મણિગ્રિવને ઉધારીયા,
જમુનાજીથી કાઢયો કાળીનાગ જો. ૬
સાતમે સર્વ સખા સંગે લઇ ચાલીયા,
મધુપુરીમાં મામા કંસને ઘેર જો;
અક્રુરના અભિલાપ જમુનામાં પૂરીયા,
આવી મથુરાં કીધી લીલા લે'ર જો. ૭
આઠમે વસ્ત્ર લઇને પરીયટ મારીઓ,
માળીને દીધાં મનગમતાં વરદાન જો;
ચંદન લઈ કુબજાનું અંગ શોભાવીયું,
ધનુષ ભાંગીને માર્યા કંસના દાસ જો. ૮
નોમે હાથી મારી મલ સંહારીયા,
મામા કંસના પ્રાણ હર્યા તતકાળ જો;
કાળાગ્રહથી માતપિતા છોડાવીયાં,
પછી પધાર્યા ગુરૂ સાંદિપને દ્વાર જો. ૯
દશમે વિદ્યા ચોદ ભણ્યા મન ભાવતી,
ચોસઠ દિનમાં કરીયાં ગુરૂનાં કામ જો;

મૃતક પુત્ર જીવાડી ગુરૂને આપીયો,
આશિષ લઈ પરવરિયા મથુરા ગામ જો. ૧૦

એકાદશિએ આનંદ થાવા વ્રજને,
સંદેશો કે'વરાવ્યો ઉદ્ધવ સાથ જો;
પ્રેમ લક્ષણા ભક્તિ ગોપી જન તણી,
જાણી ઉદ્ધવનો ગર્વ ગળ્યો સાક્ષાત્ જો. ૧૧

બારશિએ ઘેર્યું મથુરાં ગામને,
જબર મચાવ્યો જરાસંઘે ત્યાં જંગ જો;
મારી હરાવી લુંટી લીધો રાયને,
કાળયવન ત્યાં આવ્યો નારદ સંગ જો. ૧૨

તેરશે નગર વસાવ્યું એકજ રાતમાં,
લઇ મથુરાંને મૂક્યું દ્વારકાં ધામ જો;
કાળ યવનનો કાળ કરાવી ચાલીયા,
મુચુકુંદ દ્રષ્ટિએ બાળી કરાવ્યો ખાખ જો. ૧૩

ચૌદશે જાદવરાજ દ્વારકાં સ્થાપિઉં,
વૈકુંઠ સરખું રહેવા કીધું ધામ જો;
ભુ ભાર હરવા અનેક દુષ્ટો મારીયા,
પાંડવ સરખા ભક્તનાં કરીયાં કામ જો. ૧૪

પુનમે પત્ર લઈ વિપ્ર એક આવીયો,
કુંદનપુરથી લખ્યું છે રાયની બાળ જો;

તન મન ધનથી વરીછું તમને વિઠ્ઠલા,
વેગે લેજો દાસી તણી સંભાળ જો. ૧૫
રથ જોડાવી પરવરીયા પરભાતમાં,
હસ્ત ગ્રહી જઇ હરી રાજ કન્યાય જો;
દાઢી મુછ વાઢી ભીમકના તન તણી,
પછી પધાર્યા માધવપુરની માંહે જો. ૧૬
રૂક્ષમણી પરણ્યા માધવને પ્રેમથી,
માધવપુરમાં વસીયા દિન દયાળ જો;
કરગરી હું ક છું તમને ત્રિકમા,
વેગે લેજો બાળાની સંભાળ જો. ૧૭

---

(૫૬)

પદ.

(ડરમાં તું દિલ સાથ છોકરા ડરમા તું) એ રાગ.

સહાય કરો જગનાથ, માધવપ્રભુ સહાય કરો જગનાથ;
તમે અનાથના છો નાથ, માધવ પ્રભુ સહાય કરો જગનાથ. ટેક.
ભક્તોને તાર્યા, દૈત્યો સંહાર્યા, દાવાગ્નિથી ગ્વાલ ઉગાર્યા,
ગોપી જનોનાં કાર્ય સુધાર્યા, ગોકુળમાં ગોવચ્છ ચરાવ્યાં;
ગોવરધન તોળ્યો હાથ, માધવ પ્રભુ. ૧
તમે દયાળુ, તમે કૃપાળુ; ભક્તવત્સલ છો દિનદયાળુ,
ચંદ્રવદન શોભે છે રૂપાળું, પ્રીતિથકી નિત્યે નિહાળું;

હસવું બોલવું છે મરમાળું,
શંખ ચક્રાદિ આયુધો સાથ. માધવ પ્રભુ. ૨
મામાએ તેડાવ્યા, મથુરાં આવ્યા, નગ્રજનોના મનમાં ભાવ્યા,
પ્રીતેથી પૂર જને વધાવ્યા, વસ્ત્ર આપી ગ્વાલ બાળ શોભાવ્યા;
ધનુષ તોડી રખવાળ હઠાવ્યા,
દાસી કુબજા કીધી સનાથ. માધવ પ્રભુ. ૩
વેગે પધારો, કાર્ય સુધારો; એવો છે અભિલાષ અમારો,
બાળાની વિનંતી ઉર ધારો, દર્શન આપી ભવસિંધુથી તારો;
આપ વિના નથી આધાર મારો,
સહુ જુઠો છે સંસાર. માધવ પ્રભુ ૪

---

(૫૭)

પદ.

(સુંદીર શામળીયા) એ રાગ

માધવરાય છો પ્રાણ હમારા, કાળજ્યાં કોર્યા કામણગારા;
ક્યાં દુખ કહું હવે મારાં, માધવ ક્યાં મળશો. ક્યાં દુખ. ૧
ગોવરધન તોળ્યો ગિરધારી, વ્રજનો સાથ લીધો ઉગારી;
ઇંદ્રનો ગર્વ ઉતારી, માધવ ક્યાં મળશો. ક્યાં દુઃખ. ૨
દાવાનળ પ્રગટ્યો તો જ્યારે, ગાયું ગોવાળ ઉગાર્યા ત્યારે;
પાન કર્યું વ્રજરાયે, માધવ ક્યાં મળશો. ક્યાં દુઃખ. ૩
વનરાવનમાં રાસ રમાડયાં, વ્રજ વિનતાને લાડ લડાવ્યાં;
અતિશય સુખડાં આપ્યાં, માધવ ક્યાં મળશો. ક્યાં દુઃખ. ૪

મહિ વેચવા અમે જાતાં જ્યારે, દાણુ માટે પ્રભુ આવતા ત્યારે;
ઝગડો મચાવતા ભારે, માધવ ક્યાં મળશો. ક્યાં દુઃખ. ૫
નાથ મંદિર પધારતા મારે, દધિ માંખણ લૂંટાવતા ભારે;
કહેતાં માતાને અમે ત્યારે, માધવ ક્યાં મળશો. ક્યાં દુઃખ. ૬
અક્રુર તેડવા આવ્યા જ્યારે, રથે બેસી પધાર્યા ત્યારે;
વિજોગે તપાવ્યાં ભારે, માધવ ક્યાં મળશો. ક્યાં દુઃખ. ૭
મથુરાં પધાર્યા મોહન મોરારી, કુબજાએ વશ કીધા વનમાળી;
બાળાને મારોમાં રીબાવી, માધવ ક્યાં મળશો. ક્યાં દુઃખ. ૮

---

(૫૮)

પદ.

(રાગ ધનાશ્રી)

બાળાનું દુઃખ નિવારો, માધવપ્રભુ બાળાનું દુઃખ નિવારો; એ ટેક.
ભક્તિ અને ગુરૂ વાક્યમાં શ્રદ્ધા, પ્રીતિ સ્નેહ વધારો. માધવપ્રભુ.
દુર્વ્યસન ક્રોધાદિક દોષો, સુમતિ આપી વિદારો. માધવપ્રભુ.
પંથ મતાદિક દુરમતિ ટાળી, ભજનમાં પ્રેમ વધારો. માધવપ્રભુ.
બોધ અંકુશ પ્રભુ કર ધારી, ભ્રષ્ટ મતિને સુધારો. માધવપ્રભુ.
જગતરૂપી જ્વાળાગ્નિથી, બાંહ્ય ગ્રહીને તારો. માધવપ્રભુ.
દ્વૈતપણું મારૂં દૂર કરાવો, અદ્વૈતને ઓળખાવો. માધવપ્રભુ.
તાપે તન મન નિત્ય તપે છે, શરણાંગત પાળક તારો. માધવપ્રભુ.
છે ભગવાન મને ભય ભારે, આપ વિના નહિ આરો. માધવપ્રભુ.
શો અપરાધ થયો છે સ્વામિ, બાળાને બુડતી તારો. માધવપ્રભુ.

(૫૯)

પદ.

(હાંરે રથ ફેરો ગોકુળ રથવાળા) એ રાગ.

હાંરે હું તો માધવ દરશનની પ્યાસી,
દરશન આપો માધવપુરના વાસી રે. હું તો માધવ.

હાંરે મન માન્યું માધવ તમ સંગે,
હાંરે મને મોહનાં બાણુ વાગ્યાં અંગે;
હાંરે રાખો શરણુમાં નિત્ય સંગે રે. હું તો માધવ.

હાંરે મારો પ્રેમ વધ્યો કેમ અટકે,
હાંરે મારૂં આપચરણુ ચિત્ત ભટકે;
હાંરે સંસારથી ચિત્તડું અટકે રે. હું તો માધવ.

હાંરે મેં તો અમૃત પ્યાલો પીધો,
હાંરે ગુરૂ મધુસુદનજીએ દીધો;
હાંરે મારો સુખમય જન્મ કરી લીધો રે. હું તો માધવ.

હાંરે વ્હાલા અરજી ઉપર ધારો,
હાંરે પ્રભુ બાળાનાં કષ્ટો નિવારો;
હાંરે મને કૃપા કરી હવે તારો રે. હું તો માધવ.

(૬૦)

પદ.

રાગ ઉપરનો.

હાંરે હવે માધવની લગની લાગી,
ભયભ્રાન્તી ભવની ભાંગી રે.   હવે માધવની.
હાંરે વ્હાલાની રસિક છબી પરવારી,
હાંરે મેં તો અંતરમાં લીધી ઉતારી;
હાંરે માધવ દરશનથી જાઉં બલિહારી રે. હવે માધવની.
હાંરે હું તો જાણુતી સંસાર સુખકારી,
હાંરે એ તો અતિશય થયો દુઃખકારી;
હાંરે દુઃખમય ભડકા થાય ભારી રે.   હવે માધવની.
હાંરે દુરિજન દુનિયામાં દુઃખકારી,
હાંરે એ તો ભજનમાં ભંગ પાડે ભારી;
હાંરે નાંખે વિઘ્ન અંતરમાં બાળે ભારી રે. હવે માધવની.
હાંરે દુરિજન સંગ દૂર કરાવો,
હાંરે આપચરણમાં સ્નેહ ધરાવો;
હાંરે પ્રભુ જગ્તની જવાળથી બચાવો રે. હવે માધવની.
હાંરે ભલે દુનિયાં ફાવે તેમ બોલે,
હાંરે બાળા ગણે ને ભજનની તોલે;
હાંરે વ્હાલો અંતરના પડદા ખોલે રે. હવે માધવની.

(૬૧)

પદ.

રાગ (નૃસિંહ મહેતાના કિર્તનનો).

વ્હારે ચડ માધવ મારા દિલડાના વાસી રે,
મનહર મૂકોમાં વિસારી રે. ટેક.
અનેક રૂપ અંગે ધારી, ભકતો માટે મોરારી;
અબળાપર દયા કાં ન લાવો રે. વ્હારે ચડો. ૧
હૃદય મુજ બળે ભારી, દરશન વિના ગીરધારી;
વિઠ્ઠલ વ્હારે ચડી આવો રે. વ્હારે ચડો. ૨
આપના ચરણમાંહિ, ચિત્તડું રહ્યું ભરાઈ;
દરશન દઈને દિલ રિઝાવો રે. વ્હારે ચડો. ૩
ભૂધર મળશો જ્યારે, શાંતિ ચિત્ત થાશે ત્યારે;
કાળના ભયથી મૂકાવો રે. વ્હારે ચડો. ૪
જુઠડાનો સંગ છોડી, વૃત્તિ તવ ચરણે જોડી;
સમરથ ધણી માથે ધાર્યો રે. વ્હારે ચડો. ૫
ફરૂંછું જોગિને વેશે, શોક ધરૂં ન લેશે;
પ્રેમની ભક્તિ કરાવો રે. વ્હારે ચડો. ૬
કરજોડી કહે બાળા, સહાય કરો કૃપાળા;
દુરિજન દૂર હઠાવો રે. વ્હારે ચડો. ૭

(૬૨)

પદ.

(રાગ—નૃસિંહ મહેતાના ભજનનો)

થઈ બડભાગી બેની ભક્તિરસ ભાવે રે,
માધવ ભજનમાં મચેલી રે. ટેક.
લોકડીયાંની લાજ છોડી, માધવ સંગે પ્રીતિ જોડી;
માયાનો પડદો ઠેલી રે. થઇ. ૧
દુરિજન એમ કે'શે, ફરે કેમ આવે વેષે;
મારે મન આનંદ સાહેલી રે. થઇ. ૨
મિરાં સમ રંગ લાગ્યો, ભવ ભય સર્વે ભાંગ્યો;
ભક્તિના છંદમાં છકેલી રે. થઇ. ૩
પ્રભુ મા'રા ચડશે વ્હારે, એજ ઇચ્છા અમારે;
બાળાના માધવ બેલી રે. થઇ. ૪

---

(૬૩)

પદ.

(રાગ ઉપરનો.)

કૃપાસિંધુ કૃષ્ણ પ્યારા, માધવ મોરારી રે;
બાળાને બાંહ્ય ગ્રહી તારો રે. ટેક.
સંસારી ભય ભારી, તેથી પ્રભુ લેજો તારી;
ભૂધર ભયથી ઉગારો રે. કૃપાસિંધુ. ૧

માળા કર ધરી નિત્યે, નામ તમ જપું પ્રીતે;
વ્હાલા વેગેથી પધારો રે. કૃપાસિંધુ. ૨
હવે હદ થાય વ્હાલા, સતાવોછો શું ઠાલા;
બિરદ તમારૂં વિચારો રે. કૃપાસિંધુ. ૩
તમારાં જે થઇને રહેતાં, દુઃખ તેનાં હરી લેતા;
એવડો શું છે વાંક મારો રે. કૃપાસિંધુ. ૪
કહે બાળા કરજોડી, રૂક્ષ્મણી વર આવો દોડી;
આધાર એક છે તમારો રે. કૃપાસિંધુ. ૫

---

(૬૪)

પદ.

(રાગ ગરબી.)

મને લગની લાગી માધવ નામની રે,
હું તો નથી સંસારીયાંના કામની રે. મને. ટેક.
હું તો ઘેલી ફરૂંછું માધવ કારણે,
કોટી ઉપાયે મળો ન શા કારણુ રે. મને. ૧
લક્ષ્મી પતિને ભજીને લા'વો લીજીએ,
મુખે માધવ ભજન નિત કીજીએ રે. મને. ૨
પ્રભુનાં ચરણ સેવાથી આનદ છે,
સ્નેહે માધવ ભજે છે તેને ધન્ય છે રે. મને. ૩

રંગ લાગ્યો હૃદયે કેમ નીસરે,
હવે વ્હાલો વિસાર્યા ન વિસરે રે. મને. ૪
તન મન ધનથી પ્રભુને ચાહીએ,
બાળા કહે નિત મોતીડે વધાવિએ રે. મને. ૫

---

(૬૫)

પદ.

(રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે.) એ રાગ.

ભજન કર ભાવથી જીવ સુભાગી રે,
સેવી નારાયણ થા બડભાગી. ભજન. ટેક.
આવ્યો અવસર વેગે વહી જાશે રે,
આયુષરૂપિ દ્રવ્ય કાળ ખાશે રે;
મિથ્યા સુખમાં તું હાથે હણાશે. ભજન. ૧
સ્થિર કરી નથી આંહી રે'વાનું રે,
નિશ્ચે જાણજે જરૂર જવાનું રે;
ભજન વિના ચોરાશી ફરવાનું. ભજન. ૨
ઉત્તમ દેહ દીધો છે તને નાથે રે,
સુકૃત કરીશ તે આવશે સાથે રે;
અમૃત મૂકી શીદ વિષ પીએ હાથે. ભજન. ૩
મિથ્યા શિદ કરે છે મારૂં મારૂં રે,

તારે હાથ નથી કાયાનું કારભારૂં રે;
તન ધન યૌવન જરૂર જનારૂં. ભજન. ૪
ભક્તિ વિના સર્વે ભયકારી રે,
એક માધવ સદા સુખકારી રે;
બાળાની ઘાત દિલમાં લે ધારી. ભજન. ૫

---

(૬૬)

પદ.

(રાગ લાવણી.)

માધવરાય સર્વથી શ્રેષ્ટ, સદા સુખ કરતા;
આ અખિલ બ્રહ્માંડના નાથ, ભુવનના ભરતા. ૧
આ દુઃખ દરિયા સંસારથી, કોણ ઉગારે;
એક આપતણો આધાર, ખરો છે મારે. ૨
સૌ જુઠો જગત જંજાળ, કાચી છે કાયા;
તેમાં હરખ શોક હજાર, પ્રભુની માયા. ૩
આ કઠણ કળીયુગમાંથી, પ્રભુજી છોડાવો;
મને નથી ગમતો સંસાર, નાથ હવે આવો. ૪
ક્રોધાદિક શત્રુ, મળી નિત દુઃખ દેછે;
ત્રિવિધિ કેરા તાપથી, અંગ તપે છે. ૫
આ અસાર બધો સંસાર, સાર નહિ દેખું;
આપ શરણ વિના આધાર, અન્ય નહિ પેખું. ૬

ભવ દુઃખભંજન ભગવાન, મ્હારે ઝટ આવો;
નિજ બાળાની ગ્રહી બાંહ્ય, પ્રભુજી બચાવો. ૭

---

(૬૭)

પદ.

(રાગ અનિરૂધ્ધજીની ઘોડલી.)

માધવવરની ચુંદડી મેં તો ઓઢી છે આનંદ સાથ.
માધવરની ચુંદડી. ટેક.
ભક્તિ સરૂપિ ચુંદડી, સૃષ્ટિમાં સુખ કરનાર;
જે જે જનોએ ઓઢી સાચવી રે,
તે તે ઉતર્યા ભવસિંધુ પાર. માધવવરની. ૧
પીંડ સરૂપિ ક્ષેત્રમાં, શમતા હળ જોડયાં સાર;
જ્ઞાન વૈરાગ્ય બે બળદીયા રે,
સુરતા દોરીએ બાંધ્યા છે સાર. માધવવરની. ૨
કામ ક્રોધાદિ જાળાં ઝાંખરાં, મૂળથી કાઢ્યાં બા'ર;
શમદમાદિ ખાતર પૂરીયાં રે,
ક્ષેત્ર બન્યું છે ફળ દેનાર. માધવવરની. ૩
સદ્‌ગુરૂએ બીજ વાવીયાં, સત્‌સંગ જળ સિંચ્યું સાર;
ઉત્તમ છોડ ત્યારે ઉગીયા રે,
આનંદ ફળ તણો નહિં પાર. માધવવરની. ૪
પ્રભુ કૃપાના પ્રકાશથી, ક્ષેત્ર પાકયું છે ભલી ભાત;

સત્સંગી સાથે મળી રે,
નામરૂપિ કાપુસ વિણ્યું સાથ. માધવવરની. ૫

વિધિ નિષેધ કર્મોતણો ત્યાં, ચરખો લીધો હાથ;
અંતઃકરણે રૂ ખેંચીઉ રે,
કાંત્યું સંકલ્પ રેંટીયા સાથ. માધવવરની. ૬

વૃત્તિના તાર તેમાં નિકળ્યા, આપ્યા મન વાણીકર હાથ;
સંસ્કારની શાળે ચડી રે,
ચુંદડી વણી છે બુદ્ધિએ સાર. માધવવરની, ૭

વ્રત જપ માળા કર ધરી, સેવા સમરણની બાંધી ભાત;
શ્રવણ મનન નિદિધ્યાસના રે,
બુટા પાડયા છે નવનવી જાત. માધવવરની. ૮

કથા કિર્તન રસ રંગમાં, રંગી ચુંદડી મારે હાથ;
ધ્યાન ધારણાને છાંયે સૂકવી રે,
ચુંદડીની શોભા તણો નહિ પાર. માધવવરની. ૯

મુહુર્ત શુભ સંસ્કારનું, મળીઉં છે નિજ ઇચ્છાય;
ગુરૂએ સ્વસ્તિ વાચન કરી રે,
ચુંદડી ઓઢાડી લઇ કરમાંય, માધવવરની. ૧૦

ચુંદડી ઓઢી શરણે ગઈ હું, અંતરજામિની પાસ;
હિનતાથી કર જોડીયા રે,
ત્યારે કીધી ચરણની દાસ. માધવવરની. ૧૧

દાસ થઇ ચરણે રહી, ત્યારે ટળીયા ત્રિવિધિના તાપ;
માયાની જાળ તોડી સહુ રે,
હું તો ફરૂં છું આનંદ સાથ. માધવવરની. ૧૨
તેવી ઉત્તમ ભક્તિ ચુંદડી, જે ઓઢે નર કે નાર;
યમના ભયથી છુટશે રે,
ફરી નહિ આવે ગર્ભ મોઝાર. માધવવરની. ૧૩
સંવત ઓગણીશ અડસઠે, માસ કાતક કૃષ્ણ પક્ષ સાર;
તિથિ એકાદશિ ગુરૂવાસરે રે,
ગાઇ ચુંદડી હર્ષ અપાર. માધવવરની. ૧૪
ગાય શિખે સ્નેહે સાંભળે, તેનાં પાતિક પ્રલે થાય;
રૂક્ષ્મણીવર રીઝે ઘણું રે,
બાળા હરખી માધવ ગુણ ગાય. માધવવરની. ૧૫

---

(૯૮)

પદ.

(રાગ સિંહાનો કનરો.)

ધન્ય ધન્ય ધન્ય રે માધવપુરવાસી,
ચરણકમળની હું છું દાસી. ટેક.
શામ સ્વરૂપે આપ બિરાજો,
ભક્તવત્સળ સદા સુખ રાશી. ધન્ય. ૧
શંખ ચક્રાદિ આયુધ ભુજ ચારી,
અખંડ અનાદિ છો માયા વિલાસી. ધન્ય. ૨

મુજ પિતા પ્રતાપે દરશન કીધાં,
આનંદ પામી બની છું હુલાસી. ધન્ય. ૩
ઘડી ઘડી પળ પળ ધ્યાન તમારૂં,
નિત્યે આપ દરશનની પ્યાસી. ધન્ય. ૪
નાથ નિરંતર શરણુમાં રાખો,
દાસી બાળાને ન કરશો નિરાશી. ધન્ય. ૫

---

(૬૯)

પદ.

(રાગ ઉપરના.)

કર ગ્રહો માધવ આજ અમારો,
શરણે રાખી બાળાને ઉગારો. ટેક.
સંસાર સુખ વિસારી મૂક્યાં,
આશ્રય એક મેં લીધો તમારો. કર. ૧
અપરાધ મારા અનેક જનમના,
દયા દિલ ધરી સર્વે વિસારો. કર. ૨
પ્રેમની ભક્તિ આપો મુજને,
કામ ક્રોધાદિ શત્રુઓ સંહારો. કર. ૩
હું છું બાળક આપ છો પાળક,
દર્શન દઈ મારો જન્મ સુધારો. કર. ૪
વિનતી બાળાની ઉરમાં ધારી,
કૃપાવંત હવે વેલા પધારો. કર. ૫

---

(૭૦)

પદ.

(રાગ ઉપરનો.)

માધવ દર્શનથી હું બલિહારી,
ચરણ સેવાથી દુઃખ વિસારી. ટેક.
રૂક્ષ્મણી સાથે આપ બિરાજો,
નિજ ભક્તોનાં કષ્ટ નિવારી. માધવ. ૧
ચક્ર સુદર્શન કરમાં ધારી,
દુષ્ટોનો નાશ કરો છો મોરારી. માધવ. ૨
શામ શરીરે પિતામ્બર ધારી,
દર્શન નિત્ય આપો સુખકારી. માધવ. ૩
અમૃત પ્યાલા ગુરૂજીએ પાયા,
દુઃખમય જગતથી લીધી ઉગારી. માધવ. ૪
મનહર સુરતિ માધવની નિરખી,
તન મન તાપ ગયા દુઃખકારી. માધવ. ૫
ક્રોધાદિક શત્રુઓ દૂર કરાવી,
આપ ભજનમાં રાખો સુખકારી. માધવ. ૬
બાળા કહે આનંદ ઉર મારે,
નિત્ય ચરણમાં નમું શિષ ધારી. માધવ. ૭

(૭૧)

પદ.

(જેણેને ગોવિંદા રામ તમને વિસાર્યા.) એ રાગ.

માધવ મુકુંદ મારી વારે રે આવો,
વારે આવી રંક બાળાને નિભાવો. ટેક.
સંસાર સાગર માંહી તપું છું,
વિશ્વાસ રાખી માધવ નામ જપું છું. માધવ. ૧
મોહ મમતાદિ શત્રુઓ મળ્યા ભારી,
દયા લાવી દિલમાં લેજો ઉગારી. માધવ. ૨
જન્મ ધરી ધરી હવે હું તો હારી,
આપ વિના બીજું કોણ શકે તારી. માધવ. ૩
ભકતવત્સલ પ્રભુ દિનદયાળા,
દર્શન આપી બચાવી લો બાળા. માધવ. ૪

---

(૭૨)

પદ.

(રાગ ઉપરનો.)

માધવ શરણમાં જે જન આવ્યા,
પોતાના ગણી પ્રભુએ તેને બચાવ્યા. માધવ. ટેક
વિપ્ર સુદામો શરણમાં રે આવ્યો,
દારિદ્ર કાપી પ્રભુએ સતત્ નિભાવ્યો. માધવ. ૧

ભક્ત નરસૈનાં અનેક કામ કીધાં,
ધ્રુ પ્રહ્‌લાદનાં કષ્ટ હરી લીધાં. માધવ. ૨
સુધન્વા તેલ કડાથી ઉગાર્યો,
ગજની વ્હારે ચડી ઝુડને સંહાર્યો. માધવ. ૩
બાઇ મીરાંને શરણુમાં રે લીધાં,
દ્રૌપદિ લજ્જા રાખી ચીર પુરી દીધાં. માધવ. ૪
તન મન ધન સોંપી ભક્તિ ચહી છે,
વિશ્વાસ રાખી બાળા શરણુ રહી છે. માધવ. ૫

---

(૭૩)

પદ.

(રાગ ઉપરનો.)

જન્મ ધરી માધવ શરણુ ન લીધું,
અમૃત ઢોળી ઝેર હળાહળ પીધું. જન્મ. ટેક.
માત તાત ગુરૂ સેવા ન કીધી,
પારશ તજી પત્થર પોઠ શિર લીધી. જન્મ ૧
દયા દિનતા દિલમાં નવ રાખી,
પર નિંદા કરી ખોઈ જીંદગી આખી. જન્મ. ૨
ધન સુત દારા મારાં મારાં કીધાં,
જમના ભાર માથે વોરીને લીધા. જન્મ. ૩

જન્મ ધરી હરી ભક્તિ ન કમાણો,
મનુષ્ય નહિ તે જનની પેટ પાણો. જન્મ. ૪
મમતા તજી હજી માધવ ગુણ ગાશે,
બાળા કહે તે જન વૈકુંઠ જાશે. જન્મ. ૫

(૭૪)

પદ.

નમું બલિહારી નમું બલિહારી,
શ્રી માધવરાય મહારાજા બંકડાને ઘણી ખમા.
વા'લો માધવપુર બિરાજે છે, બળભદ્ર સાથે ગાજે છે,
રૂક્ષ્મણી સાથ બિરાજે છે;
નમું બલિહારી નમું બલિહારી, શ્રી માધવરાય મહારાજા.
વા'લાને તેલ ફુલેલે મર્દન કરે, ઉષ્ણોદક જળથી સ્નાન કરે,
વા'લાને કાનજીભાઇ શૃંગાર ધરે,નમું બલિહારી નમું. શ્રી માધવ.
વા'લાને ચંદન ચોકી પર થાળ સજે,
પ્રભુ મન ગમતાં ત્યાં ભોજન કરે,
મુખવાસમાં બાસઠ પાન ધરે, નમું બલિહારી નમું. શ્રી માધવ.
નરશીભાઇ આરતિ ઉતારે છે, વૈષ્ણવને દરશન આપે છે,
અંતરના પડદા કાપે છે, નમું બલિહારી નમું. શ્રી માધવ.
હરે વા'લો દુવારકાંથી પધારીયા, સાથે ગરૂડજીને લાવીયા,
બાળાને મન બહુ ભાવીયા, નમું બલિહારી નમું. શ્રી માધવ.

(૭૫)

પદ.

(વૈદરભી વનમા વલવલે.) એ રાગ.

રે મારા માધવને રટો, અન્ય કરો ઉચ્ચાર,
ન ધરો પરિગ્રહનું, તેથી ઉતરો ભવપાર. ૧
સ્વરૂપ વ્યાપક પ્રભુ, સૃષ્ટિના રે આધાર:
ધેષ્ટાન સર્વનું એજ છે, દિનના છે દયાળ. મન રે મારા. ૨
કાશ સ્થંભ વિણ રાખીયું, રવિ શશિ સૃજનાર;
ં પ્રકાશી પોતે સદા, અખંડ શક્તિ અપાર. મન રે મારા. ૩
ળ સુક્ષ્મ કારણ વિષે, વ્યાપિ રહ્યા અખંડ;
.ટ રૂપથી વસાવીયું, લોક ચૌદે બ્રહ્માંડ. મન રે મારા. ૪
દ્ભુત માયા એહની, જીવને વશ કરનાર;
પ રૂપથી કર્યા જુજવા, અંતે સત્ય સૃજનાર. મન રે મારા. ૫
ી શક્તિ જાણી ઇશની, ભજો ભાવે કિરતાર;
મળ નામના જાપથી, થાયે બેડો પાર. મન રે મારા. ૬
થ્યા માયાના પ્રપંચમાં, ભરમે ભૂલ્યો તું જીવ;
ન ભય તારે શિરપરે, કેમ થાએ હવે શિવ. મન રે મારા. ૭
રૂં મારૂં તું કોને કહે, જો વિચારીને મન;
ત તાત ભગનિ ભ્રાત તે, સહાય કરે નહિ ધન. મન રે મારા. ૮
વે છોડીને ચાલવું, એકલાં યમ વાટ;
નરણી આદે યાતના, યમ મારશે થપાટ. મન રે મારા. ૯

જે જે હશે અહીં તાહરૂં, તે તે રે'શે ત્યાંય;
કરેલ કર્મો આવી નડે, કરે કોણ સહાય. મન રે મારા. ૧૦
મનુષ્ય જન્મ હવે નહીં મળે, ફરી ફરી અવસર આજ;
હેતે હરિગુણ ગાઈ લે, ભવ તરવાને કાજ. મન રે મારા. ૧૧
ઉત્તમ અવસર જાય છે, ઘડી ઘડી ફરે શિર કાળ;
એવું સમજી મન માહરા, ભજી લે કૃષ્ણગોપાળ. મન રે મારા. ૧૨
સદ્‌ગુરૂ વચન સંભારીને, માધવ રટો વારંવાર;
અંતે બાળાને ઉગારવા, આવશે માધવ મોરાર. મન રે મારા. ૧૩

---

(૭૬)

પદ.

(જનુની જીવો રે ગોપીચંદની) એ રાગ.

ધિઃક્ ધિઃક્ જીવ્યું સંસારમાં,
સમર્યા ન માધવરાયજી;
અવસર આવ્યો એળે જશે,
ધરો રૂદિયામાં ધ્યાનજી. ધિઃક્ ધિઃક્. ૧
ખોટો છે ખેલ સંસારનો,
આતસબાજીનો રંગજી;
ફીટી જશે ક્ષણ એકમાં,
જેવો પતંગી રંગજી. ધિઃક્ ધિઃક્. ૨

પતિ પુત્ર સહોદર સહુ,
માત તાત ને ભ્રાતજી;
રણુ સંબંધે આવી મળ્યાં,
મન વિચારો વાતજી. ધિઃક્ ધિઃક્. ૩

લેણું દેણું જ્યારે ખુટશે,
તે ચાલશે છોડી સાથજી;
વાદળ છાંયા સમ જાણવું,
અંતે નહિ આવે કામજી. ધિઃક્ ધિઃક્. ૪

સ્થિરતા કરીને સ્નેહે ભજો,
રૂદે કમળમાં રામજી;
મનુષ્યા દેહ દુર્લભ દેવને,
પ્રભુએ આપ્યો છે આજજી. ધિઃક્ ધિઃક્. ૫

હિરો આવ્યો નિજ હાથમાં,
મૂર્ખે ગુમાવ્યો ગણી કાચજી:
અંતરયામી અંતર વસે,
બા'ર શોધવા શું જાયજી. ધિઃક્ ધિઃક્. ૬

ભૂલો પડયો ભવસાગરે,
ગોથાં અજ્ઞાને ખાયજી,
સદ્‌ગુરૂ ચરણુ ન સેવીયાં,
દિનતા નહિ દિલમાંયજી. ધિઃક્ ધિ.ક્. ૭

દાન ધ્યાન ભક્તિવડે,
છે તરવાનો ઉપાયજી;
નિર્મળ નારાયણ નામને,
જુગતે જપી લે જાપજી. ધિક્ ધિક્. ૮
દેહ તણું ફળ એહ છે,
ભાવે ભજ માધવરાયજી;
અન્ય સાધન સંસારનાં,
અંતે નહીં આવે કામજી. ધિક્ ધિક્. ૯
ભક્તિ કરો મન ભાવથી,
જેમ લોભીને વ્હાલું ધનજી;
જીવ સાટે જર સાચવે,
જેમ કરીને જતનજી. ધિક્ ધિક્. ૧૦
કાળ ઝપાટો જ્યારે મારશે,
પકડી પાડે ક્ષણમાંયજી;
હજી ચેતીને જો ચાલશો,
પ્રભુ કરશે સહાયજી. ધિક્ ધિક્. ૧૧
પ્રેમ નિર્મળ બાંધો તમે,
માધવરાયને સંગજી;
આનંદ સાગર ઉલટયો,
બાળા ઉર લાગ્યો રંગજી. ધિક્ ધિક્. ૧૨

———

(૭૭)

પદ.

કિર્તન.

(હરિવર સંકટ હરતા) એ રાગ.

માધવ મનમાં વસીયા, રૂક્ષ્મણીના વર રસીયા રે. માધવ.
સાહેલી મારી માધવ ત્રિકમ છે રૂપાળા,
શરણાંગતના પ્રતિપાળા રે. માધવ. ૧
સાહેલી મારી દરશનથી દુખડાં જાએ,
આનંદ મનમાં મસ થાએ રે. માધવ. ૨
સાહેલી મારી હું તો થઇ હું બડભાગી,
નિત્ય રહું માધવ અનુરાગિ રે. માધવ. ૩
સાહેલી મારી ચાલો માધવપુર જઇએ,
વ્હાલો નિરખી સુખ લઇએ રે. માધવ. ૪
સાહેલી મારી સંસારીનો સંગ મેલી,
બાળા બની આનંદ ઘેલી રે. માધવ. ૫

---

(૭૮)

પદ.

કિર્તન.

(રાગ ઉપરનો.)

મનહર માધવરાયા, સુરિવર મુનિજને જશ ગાયા રે. મનહર.
પ્રભુજી મારા ચૌદ ભુવનના છો સ્વામિ,
ઘટ ઘટમાં રહ્યા પ્રકાશી રે. મનહર. ૧

પ્રભુજી મારા મથુરાં જન્મી ગોકુળ આવ્યા,
નંદજશોમતિ મન ભાવ્યા રે. મનહર. ૨
પ્રભુજી મારા જાદવકુળે જન્મ ધારી,
ભૂભાર હર્યો મોરારી રે. મનહર. ૩
પ્રભુજી મારા વ્રજમાં વસી લીલા કીધી,
ગોપીજન કૃતારથ કીધી રે. મનહર. ૪
પ્રભુજી મારા કંસાદિ હતા દુઃખકારી,
સુખ દીધાં દુષ્ટ સંહારી રે. મનહર. ૫
પ્રભુજી મારા દ્વારકાં સાગર મધ્યે વાસ્યું,
મથુરાંવાસીને અચરજ ભાસ્યું રે. મનહર. ૬
પ્રભુજી મારા કુંદનપુર રાજાની બાળા,
હરણ કીધી દિન દયાળા રે. મનહર. ૭
પ્રભુજી મારા માધવપુરના થયા વાસી,
બાળા નિરખીને હુલાસી રે. મનહર. ૮

---

(૭૯)

પદ.

(શ્રીપતિ સુંદિર શાણા ગોવિંદ ગીરધારી રે.) એ રાગ.

મનહર મોહન પ્યારા માધવરાયા રે,
વર્ણવે વેદ પુરાણે જશ ગાયા રે. ટેક.

સંસારની બાજી સારી રચી સુરરાયા રે,
અનેક જીવો તેમાં મોહથી બંધાયા રે. મનહર.
ઝાંઝવાનાં જળ જોઇ મૃગો જેમ દોડયાં રે,
જળ તો ન પીધું પણ પ્રાણ અંતે છોડયાં રે. મનહર.
તેમ સંસારનાં સુખ સર્વ સમજાયાં રે,
હારી હારીને હવે તમ શરણમાં આવ્યાં રે. મનહર.
કૃપા અનહદ મારા ગુરૂજીએ કીધી રે,
મધુસુદન મહારાજે બુડતાં બચાવી લીધી રે. મનહર.
અસારમાંથી સાર શોધી સત્ય સમજાવ્યું રે,
સદાશિવે કૃપા કરી મે'તા નરસૈને બતાવ્યું રે. મનહર.
ગુરૂ વચન ગ્રહણ કરી, તમ શરણ લીધું રે,
મુજ પિતાના પ્રતાપે, દર્શન આપનું કીધું રે. મનહર.
શરણાગત વત્સલ, રૂક્મણી વર રૂપાળા રે,
બાનાની પત રાખી, બચાવી લેજો બાળા રે. મનહર.

---

(૮૦)

પદ.

(ગિરધારી ગુણવંત રે, લેજો ખબર અમારી.) એ રાગ.

અરજ સુણો ઘનશામ રે, માધવપુરવાસી,
દિન તણા પ્રતિપાળ રે, માધવ છો હુલાસી. ટેક.
શરણ રહી છું નાથ તમારે, સંસારનો ભય નથી અમારે;

.પ દરશનની અભિલાષ રે, નેત્ર ચાતક પ્યાસી. અરજ.
ાશ્રિતને અકળાવો નમાવા, હર્ષ ધરી હરિ આવો નિભાવા;
.કતની રાખજો ટેક રે, દુરિજન ન કરે હાંસી. અરજ.
.ન કર્મ વચને ભજું નિત પ્યારા, તો પણ પ્રભુ રહો કેમ ન્યારા;
ારણાંગત બિરદ સંભારી રે, નહિ કરો નિરાશી. અરજ.
ાળવંત સાથે બળશું અમારૂં, કરગરી દિન વચન હું ઉચારૂં;
ાળા મન થાવા આનંદ રે, પ્રગટો પૂર્ણ પ્રકાશી. અરજ.

---

(૮૧)

પદ.

ભુજંગી છંદ.

ભજું ભાવથી રૂક્મણિ નાથ નિત્યે,
રહું ચર્ણમાં શિશ નામી સુપ્રિતે;
સદા આપ છો દિનબંધુ દયાળા,
ગણી કિંકરીને બચાવી લો બાળા. ૧
સદા મોહના સિંધુમાંહિ પડી છું,
જગત જાળના લોઢમાં આથડી છું;
ત્રિવિધ તાપથી તારજો નંદલાલા,
ગણી કિંકરીને બચાવી લો બાળા. ૨
નથી જાણતી સત્ય સાધન કેવાં,
રીઝો જે થકી આપ દેવાધિ દેવા;

બાનાની પતે આવજો કાન કાળા,
ગણી કિંકરીને બચાવી લો બાળા. ૩
નહિ માર્ગ જાણ્યો રૂષિ મુનિઓનો,
પૂરા પ્રેમિ ભક્તો યોગિ જ્ઞાનિઓનો.
તથાપિ ગ્રહ્યો આશરો વ્રજ બાળા,
ગણી કિંકરીને બચાવી લો બાળા. ૪

---

(૮૨)

પદ.

હરિગિત છંદ.

અસાર આ સંસારમાં જીવ શિદને ભૂલ્યો ભમે,
ભમતો ફરે શું ભૂલમાં, જઈ માધવને શરણે નમે;
નિશ્ચે જગત જંજાળમાં, આયુષ્ય ચાલ્યું જાય છે,
શમ દમ તણા સાધન વિના, આ જન્મ મિથ્યા થાય છે. ૧

લક્ષ્મી રમણનું નામ લેતાં, લાજ શાને લાવીએ,
હરિ ભક્તિને શુભ યુક્તિથી, નિજ બુદ્ધિને શોભાવીએ;
દુઃખ દે બધાંને આધિ વ્યાધિ, ઉપાધિઓ બહુ અંગમાં,
રાત્રિ દિવસ દુઃખ થાય છે, દુરિજન તણા કુસંગમાં. ૨

ધાર્યું ન મનનું થાય, જીવિત જાય છૂટિ છેકમાં,
નિજનાં કરેલાં કર્મથી, અથડાય ખાણ અનેકમાં;

ઉડી જશે આ પ્રાણ પોપટ, દેહ પિંજર માંહિથી,
સંબંધ સહુનો તૂટશે, અંતે ખરેખર આંહિથી.

ધન ધામ વૈભવ, પુત્ર મિત્ર કલત્રથી છૂટા થશો,
દ્રષ્ટિ કરી વિચાર મન, સંસાર સાર નથી કશો;
સાચી સગાઈ ન કોઇની, સંસાર સ્વપ્નારૂપ છે,
સુખ માન્યું મિથ્યા ભ્રમથી, પણ અંતમાં દુઃખરૂપ છે.

પાણી તણાં મોજાં વિષે, ઓવાળ ભેળો થાય છે,
થાય છે તેમ જાય પળમાં, સ્થિર ના રહેવાય છે;
સંબંધ જેનો જેટલો, સહવાસ રહે પણ તેટલો,
સમજાય નહિ આગળ થકી, કહો કોણ કોને કેટલો.

જીવતર સફળ કરવા સદા, ઉદ્યમ કરો સુવિચારમાં,
કલ્યાણના સાધન સહુ, શોધી લીયો સંસારમાં;
ચિંતા નકામી નવ કરો, મદ માનને મેલી દઈ,
માધવ પ્રભુ ભાવે ભજો, તન મન થકી સેવક થઇ.

ચાલો સદા સદ્ ધર્મથી, શુદ્ધ કર્મથી શુભ આચરો,
માયા તણો આ ફંદ મૂકી, શુભ પંથે સહુ પરવરો;
મૂકી જગત જંજાળ, સઘળા શોકને તો પરહરો,
બાળા કહે કરજોડીને સહુ, ઈશમાં આશ્રય ધરો.

(૮૩)

પદ.

(ગરૂડ ચડી આવજો ગિરિધારી.) એ રાગ.

મન મોહન માધવપુરવાસી,
શામ સુંદિર છો સુખરાશી;
ભકતવત્સલ સ્વયં પ્રકાશી,
મારી વ્હારે આવજો શ્રી મોરારી. ટેક.

સંસાર સાગર મહા મોહ ભરીઓ,
કામ ક્રોધ મદ દુઃખનો દરીઓ;
તેમાં જીવ કયાંઈ નવ ઠરીઓ,
મારી વ્હારે આવજો શ્રી મોરારી. ૧

હું તો લાભ જોઈને લલચાણી,
માયા લોઢમાં સ્થિર ન ઠેરાણી;
હવે પસ્તાઉંછું મિથ્યા જાણી,
મારી વ્હારે આવજો શ્રી મોરારી. ૨

ઝાકળ બિંદુને મોતીડાં જાણી,
લેવા દોડે જેમ મુરખ પ્રાણી;
પછી પસ્તાય હસવું ને હાની,
મારી વ્હારે આવજો શ્રી મોરારી. ૩

તેવી માયામાં હું પણ ભૂલી,
સુખ કાયમ જાણી મન ફુલી;

કાળ કૃત્યથી ગઇ હવે ડુલી,
મારી વ્હારે આવજો શ્રી મોરારી. ૪
એવું જાણી શરણુ તમ લીધું,
સદ્ગુરૂની દયાથી કારજ સિધ્યું;
વિષ વારી ઢોળીને અમૃત પીધું,
મારી વ્હારે આવજો શ્રી મોરારી. ૫
મધુસુદન ગુરૂએ કૃપા કીધી,
આવાગમનથી ઉગારી લીધી;
મોક્ષ બારી બતાવી દીધી,
મારી વ્હારે આવજો શ્રી મોરારી. ૬
હૃષિ કેશ શ્રી કૃષ્ણ કૃપાળા,
દરશન આપો શ્રી દિનદયાળા;
કર જોડી કરગરે દિન બાળા,
મારી વ્હારે આવજો શ્રી મોરારી. ૭

---

(૮૪)

પદ.

(ધન્ય જોગે હરિ ગુણ ગાયા સંસારીયામાં.) એ રાગ.

ભજ મન તું માધવરાયા, હેતે કરી ભજ મન તું માધવરાયા
જેણે ચૌદ બ્રહ્માંડ નિપાયા, હેતે કરી ભજ મન તું માધવરાયા
સુરિવર મુનિજન ધ્યાન ધરે નિત્ય,
નારદ સનકાદિકે ગુણ ગાયા, હેતે. ૧

ભક્તને કારણે અવતાર ધરે છે,
બહુ બળવંત પ્રભુની માયા. હેતે. ૨
નામના પ્રતાપે અધમ ઉધરીયા,
યમદૂતને દૂર હઠાવ્યા. હેતે. ૩
બાળા કહે પ્રભુ દિનના દયાળુ,
ભકિત ભાવેથી દિલ હરખાયા. હેતે. ૪

---

(૮૫)

છપ્પો.

ધિઃકૂ જન્મ્યો સંસાર, દયા દિનપર નવ કીધી,
ધિકૂ જન્મ્યો સંસાર, અકીર્તિ શિર પર લીધી;
ધિઃકૂ જન્મ્યો સંસાર, પરાર્થે કામ ન કરીયું,
ધિઃકૂ જન્મ્યો સંસાર, દિલે હરિ નામ ન ધરીયું;
ધિઃકૂ જન્મ્યો સંસારમાં, જાણ્યા નહિ જગ તાતને,
બાળા કહે શિદ જનમીયો, ભારે મારી માતને.

---

(૮૬)

પદ.

છપ્પો..

ધન્ય તેનો અવતાર, હેતે મુખ હરિ ગુણ ગાયા,
ધન્ય તેનો અવતાર, પરાર્થે કષ્ટિ કાયા;
ધન્ય તેનો અવતાર, હમેશાં સતસંગ કીધો,

ધન્ય તેનો અવતાર, મોક્ષપથ જાણી લીધો;
ધન્ય તેના અવતારને, ધર્મનીતિ હૃદયે ધરી,
બાળા કહે ધન્ય મનુષ્યતે, રાજી કીધા શ્રીહરિ.

---

(૮૭)

પદ.

રાગ મારૂ.

માધવ સત્ય તણા છો બેલી, વાલા વાર કરો હવે વેલી;
હું તો જન્મ મરણુ નહીં જાચું, માધવશરણુ ગ્રહ્યું છે મેં ખાસું.
મનમાન્યું માધવ તમ સંગે, તુજ મોહ વધ્યો મુજ અંગે;
અહો દિનબંધુ દિનાનાથ, સ્નેહે સ્તુતિ કરૂં જોડી હાથ.
વ્હાલા અખિલ બ્રંહ્માડના ભૂપ, પ્રભુ આપ છો પ્રગટ સ્વરૂપ;
ભક્તવત્સલ શ્રી ભગવાન, પ્રભુ સેવક કૃપા નિધાન.
મારા કોટીક છે અવગુણ, પ્રભુ તમો તો છો રે નિપુણ;
મારા અપરાધ સર્વે વિસારી, ચડો વિઠ્ઠલ વ્હારે મારી.
પ્રભુ વિયોગ વિરહ દુઃખ પામું, કૃપા દ્રષ્ટે જુઓ મમ સામું;
વ્હાલા હું નથી દુઃખની ધીર, મારી વિપત સમેના છો વિર.
પ્રભુ મન અપરાધ ન લાવો, તમે અનાથ બન્ધુ કહાવો;
જાણી કિંકરીનાં કષ્ટ કાપો, આપ શરણ સેવામાંહી સ્થાપો.
તાત જગ્ત બધું મુને ઝેર, જાણી પ્રભુ કરો ઘણી મહેરે;
મારી દુરમતિ દૂર હઠાવો, આપ સ્મરણમાં સ્નેહ ધરાવો.

તમે અનેક દૈત્યો સંહાર્યા, તમે અનેક ભક્તો ઉધાર્યા;
વ્હાલા ગ્રહથી ગજને મૂકાવ્યો, તો હું ઉપર રોશ શો આવ્યો.
હરિ હાલો હવે હદ થાય, તુજ બાળાની કરવા સહાય;
શરણાંગતનાં કામ કીધાં, તમે રૂક્ષ્મણીને હરી લીધાં.
રૂક્ષ્મૈયાની વાઢી છે દાઢી, કાપી કેશને મેલ્યો છે કાઢી;
મારા મનતણી અભિલાષ, પ્યારા પૂરશો છોરે નિરાશ.
માધવ નામ નિરંતર સાચું, અંતરમાં અહો નિશ રાચ્યું;
ગણી રાંકડી બાળા તમારી, લેજો શામળા અરજ સ્વિકારી.

---

(૮૮)

(રાધા વિવાહનો રાગ કલ્યાણ)

શ્રી માધવરાય પ્રભુ, પ્રણમું છું વિભુ;
અરજ સુણી બાળાની, સંભાળ લો પ્રભુ. ટેક.
જે દિવસથી મનહર મુરતિ મેં નિરખી જગરાય;
તે છબી નિરખવા નિત્યે, ચિત્તડું પ્રીતે ચ્હાય;
હવે કૃપા કરો, દિલ દયા ધરો;
આપ વિણ છે નહીં, અન્ય આશરો. ૧
શરણ ગ્રહ્યું છે મેં શામળીયા, તું સાચો કિરતાર,
ચાતકને પ્રભુ શું તલસાવો, મે'ર કરો શ્રી મોરાર;
દયા હવે કરો, સૌ દુખડાં હરો,
દોષ મારા દુર કરી, અર્જ ઉર ધરો. ૨

હું આધિન છું નાથ તમારે, પ્રાણ તણા આધાર,
વિશ્વપતિ મુજ સહાય કરો, હવે શિદ લગાડો વાર;
સ્વયં પ્રકાશિ છો, વિભુ વિલાસી છો,
કિંકરી ગણી મને, ઉગારનાર છો. ૩
નાથ જગતથી હું હારી છું, દેખું અતિ ઉત્પાત,
દુરિજનીયાં સૌ દુર કરી, પ્રભુ વ્હારે ચડો જગ તાત;
હવે ક્ષમા કરો, મારૂં દુઃખ દિલ ધરો,
આપથી વિમુખ સંગ દૂર સૌ કરો. ૪
કામ ક્રોધાદિ શત્રુ સર્વે, જે ચોટયા ચિત્ત સાથ,
એ દુષ્ટોને દૂર કરાવી, લજ્જા રાખો નાથ;
આપ ભક્તિને ચહું, ષટ સંપત્તિ ગ્રહું,
દિનાનાથ આપના, શરણમાં રહું. ૫
હું છું પુત્રિ તાત તમારી, જગદિશ્વર જગતાત.
ત્રિકમજી શું તરછોડો છો, દરશન દો સાક્ષાત;
મારી અલ્પ છે મતિ, વિચિત્ર તમ કૃતિ,
માધવ પ્રભુ આપ વિના, ક્યાંઇ નહિ ગતિ. ૬
હું છું બાળક આપ છો પાળક, શરણે રાખો શામ,
અંતરજામિ વસો અંતરમાં, બાળા ઉરમાં વાસ;
માત તાત ભ્રાત, સહુ માહરા તમે,
માધવ ત્રિકમરાય વિના, અન્ય નવ ગમે. ૭

(૮૯)

પદ.

ભજન.

(હવે મુને હરિ નામથી નેહ લાગ્યો) એ રાગ.

નક્કી હવે માધવશું મન લાગ્યું,
જૂઠું સગપણ સંસારીનું હવે ત્યાગ્યું રે. નક્કી.
કાયા ને માયા મેં તો જુઠાં કરી માનીયાં ને,
મિથ્યા મોહમાં શું ફસાવું;
કાળાનો ઝપાટો લાગશે જ્યારે ભાઈ,
ત્યારે પડશે પસ્તાવું રે. નક્કી.
સ્વારથિયાં સરવે મળે છે સંસારમાં ને,
કષ્ટ વખતે કામ ન આવે;
માથે પડે ત્યારે ભોગવે પોતે ભાઈ,
સાથે સગું કોઈ ન આવે રે. નક્કી.
ધામ ધરા સર્વે પડયાં રહે પૃથ્વીમાં,
લાખોની ભલે હોય માયા;
લેણદેણ પૂરી થાતાં ચાલવું એકલા ભાઇ,
ભલે હોય રંક કે રાયા રે. નક્કી.
એમ વિચારી ભકતો ભજી લ્યો માધવરાયા,
બાળાના પ્રભુ લે બચાવી;
ભક્તની વારે આવશે રૂક્ષ્મણી વર પ્રીતે,
જમ ભયથી દેશે મુકાવી રે. નક્કી.

(૯૦)

પદ.

ઠુમરી લાવણી.

(શ્રી ગોવરધન ધર તેરો ધ્યાન ધરત) એ રાહ.

શ્રીમાધવરાય મુરલીધર મોહન દરશન દીજીએ શામળીયા પ્યારે. શ્રી.

ચંદ્ર બદન સોહત અતિ સુંદિર (૨)
શામ સ્વરૂપ કાલી બાદલીયાં. વાલા. શ્રી.
ગઉઆં ચરાઈ બનમેં બિઠલ (૨)
કાંધ ધરી કાળી કામળીયાં. વાલા. શ્રી.
રૈન અંધારી બ્રિજમેં પધારી (૨)
મધુરી બજાવત બાંસલીયા. વાલા. શ્રી.
બાળા બલિહારી યાચત ગિરિધારી (૨)
આપ પધારી કીજે હાંસલીયાં. વાલા. શ્રી.

(૯૧)

પદ.

(સિતાજીના કાગળનો રાગ)

સ્વસ્ત શ્રી માધવપુર સોહામણું, જહાં બિરાજે બ્રહ્માંડનાથ,
રૂક્ષ્મણિની સાથ, શરણુ રાખો શામળા. ટેક
મનહર મુરતિ નિરખી જ્યારે આપની, તે દિવસથી થઇ છું હુ હુલાસ,
ફરી નિરખવા આશ, શરણુ રાખો શામળા. ૧

સ્વાંતિ જળ વિના ચાતક તૃષિત રહે, અવર જળથી તૃપ્તિ નવ થાય,
તૃષા ન બુઝાય, શરણુ રાખો શામળા. ૨
સ્નેહે ચંદ્રને ચકોર નિરખે, અન્ય સ્થળે દ્રષ્ટિ નવ જાય,
ભલે દેહ પડી જાય, શરણુ રાખો શામળા. ૩
જ્યારે સૂર્ય ઉદય થાય સૃષ્ટિમાં, ત્યારે જળમાં કમળ હરખાય,
રહે આનંદ માંય, શરણુ રાખો શામળા. ૪
જળ વિના મિન જેમ તરફડે, તેમ આપ વિના હું આજ,
મળવાને મહારાજ, શરણુ રાખો શામળા. ૫
દરશન વિના હૃદય ગભરાય છે, હવે દયા કરોને મહારાજ,
ભક્ત શિરતાજ, શરણુ રાખો શામળા. ૬
મારી ધીરજ હવે રહેતી નથી, ઝટ આવી મળો જદુરાય,
હવે હદ થાય, શરણુ રાખો શામળા. ૭
સૃષ્ટિ માંહિ ફરૂં મન વ્યાકુળિ, આપ દરશન વિના હમેશ,
ક્યારે મળે રમેશ, શરણુ રાખો શામળા. ૮
એક ઘડી જુગ જેવી જાય છે, મને થાય છે તર્કો અનેક,
રહે નહિ ટેક, શરણુ રાખો શામળા. ૯
હવે વિલંબ કરો નહિ વિઠ્ઠલા, વહેલા ગરૂડે થાઓ અસ્વાર,
કરવા મારી ઉદ્ધાર, શરણુ રાખો શામળા. ૧૦
દિન બાળક છું પ્રભુ આપની, મારા દોષ તણો નથી પાર,
માફ કરો આવાર, શરણુ રાખો શામળા. ૧૧

રહું વિશ્વાસે માધવ આપને, હવે મારો કે ઉગારો નાથ,
કહું જોડી હાથ, શરણ રાખો શામળા. ૧૨
તમ કૃપા વિના કયાંઇ નવ ઠરૂં, નિત ડરૂં છું મનડામાંય,
રખે દુઃસંગ થાય, શરણ રાખો શામળા. ૧૩
હવે વિલંબ કરો નહિ તાતજી, નિજ બાળાની ગ્રહોને બાંય,
સદા સુખ થાય, શરણ રાખો શામળા. ૧૪

---

(૯૨)

પદ.

(જાુઠુ જાુઠું જગત ખરૂ જાણુના રે) એ રાગ

નિરખો નેહ ધરી નરનારી માધવરાયને રે,
માધવરાયને રે, ત્રિકમરાયને રે. નિરખો.
માધવપુરવાસી સદા ઉલાસી, મુરતિ ખાસી મનમાં ભાસી,
સ્વયંપ્રકાશી, માયા વિલાસી, સેવો ચિત્તમાં ચ્હાઇને રે. નિરખો.
રત્નજડિત્ર શિર મુગટવાળા, દિનદયાળા બહુ રૂપાળા,
મરમાળા બળવાળા, બળભદ્ર ભાઇને રે. નિરખો.
છબી નિરખવા, દરશન કરવા, આવે શંકર ધ્યાનમાં ધરવા,
સ્તુતિ કરવા સૌ દુઃખ હરવા, માગે સુરપતિ સહાયને રે. નિરખો.
ભવસિંધુ તરવા, ચિત્તડું ઠરવા, યમદુતના ભયથી નહીં ડરવા,
આવાગમનનો ફેરો ટળવા, બાળા બલિહારી માધવરાયને રે. નિરખો.

---

(૯૩)

પદ.

ભજન.

(બલિહારી રસીયા ગિરધારી) એ રાગ

મનહર મોરારી સુખકારી, નંદલાલ હો તજી અમને,
માધવપુરવાસી આમ ન કીજીએજી. ટેક.

દરશન કરીને મારૂં મનડું હેરાણું છે (૨)
ત્યારથી થઇ છું સુખકારી સુખકારી, નંદલાલ હો તજી અમને,
માધવપુરવાસી આમ ન કીજીએજી. ૧

વિશ્વાસે રહીને વ્હાલા વાટડી જોઉંછું નિત્યે (૨)
સંસારના સુખને વિસારી, વિસારી, નંદલાલ હો તજી અમને,
માધવપુરવાસી આમ ન કીજીએજી. ૨

ભક્તની વ્હારે વે'લા આવજો શામળીયાજી (૨)
આપ વિના બની હું દુઃખિયારી દુઃખિયારી, નંદલાલ હો તજી અમને,
માધવપુરવાસી આમ ન કીજીએજી. ૩

સેવા સ્મરણ ધ્યાન નિત્યે ધરૂંછું વ્હાલા (૨)
તોપણ મળો ન મોરારી મોરારી, નંદલાલ હો તજી અમને,
માધવપુરવાસી આમ ન કીજીએજી. ૪

અવગુણ એવા મારા, અઘટિત ભાશ્યા તમને (૨)
શું કારણ મૂકોછો વિસારી, વિસારી, નંદલાલ હો તજી અમને,
માધવપુરવાસી આમ ન કીજીએજી. ૫

આપ વિનાનું હવે શરણુ કોનું છે મારે (૨)
બાળા મન વશ્યા ગિરધારી ગિરધારી, નંદલાલ હો તજી અમને,
માધવપુરવાસી આમ ન કીજીએજી. ૬

---

(૯૪)

પદ.

રાગ ગરબી.

(કાના કયારની કહું છું નથી માનતો જો) એ રાગ.

મેં તો શરણુ ગ્રહ્યું છે માધવરાયનું જો,
માધવરાયનું શ્રી ત્રિકમરાયનું જો. ટેક.
એની મોહ સંસારનો ગયો ગળી જો,
હું તો પ્રભુચરણુમાં પ્રીતે ભળી જો. મેં તો. ૧
મેં તો શત્રુ મારાને સંહારીયા જો,
કામ ક્રોધ મોહ આદિ સૌ મારીયા જો, મેં તો. ૨
સંચિત કર્મો ટળ્યાં પ્રભુ શરણુ ગ્રહ્યું જો,
હવે પ્રારબ્ધવશાત દેહમાં રહું જો. મેં તો. ૩
હવે અન્ય નથી આશ મારા ઉરમાં જો,
સરવ વાસના મૂકી વે'તા પૂરમાં જો. મેં તો. ૪
વા'લો વ્હારે ચડીને વે'લા આવશે જો,
બિરદ નિજનું વિચારી બચાવશે જો. મેં તો. ૫

ભકત કારણે ભુતળમાં અવતરે જો,
ભકત દુઃખ હરવા ગરૂડે સંચરે જો. મેં તો. ૬
અંબરિષ રાય માટે અંત્રિક્ષે આવીયા જો,
ચક્ર મુકી રૂષિ દુર્વાસા સંતાપીયા જો. મેં તો. ૭
કપટી કૌરવોથી પાંડવો ઉગારીયા જો,
લાખા ગ્રહઆદિ કષ્ટથી મુકાવીયા જો. મેં તો. ૮
એવા અનેક ભકતો પ્રભુના થયા જો,
ભવસાગર તરીને ચરણમાં રહ્યા જો. મેં તો. ૯
દિન બાળા માધવને શરણે ગઇ જો,
જગત જાળ તોડી દાસ પ્રભુની થઈ જો. મેં તો. ૧૦

---

(૯૫)

પદ.

(બીગરી કોન સુધારે નાથ વિના) એ રાગ.

મનુષ્ય જન્મ પામીને પ્રાણી, ભજી લો માધવરાઇ રે,
સ્વારથનાં સગપણ સૌ છોડી, કરી લો સાચી કમાઈ રે. ટેક.
ધન સુત દારા કામ ન આવે, સમજી લો મન ભાઇ રે;
કાળ અચાનક પકડી પાડે, મનની રહે મનમાંઇ રે. મનુષ્ય.
અવસર જો એળે આ જાશે, પછી રહેશો પસ્તાઈ રે;
કરો પરમારથ દિન જન ઉપર, રાજી થશે જગરાઈ રે. મનુષ્ય

પ્રેમ ભક્તિરસ જે જન જાણે, તે સુખીયા જગમાંઈ રે;
ભક્તિ છે ભવસાગર તરવા, વેદ પુરાણે ગાઈ રે. મનુષ્ય.
બાળાના પ્રભુજીને ભજતાં, સૌથી થાશે સવાઈ રે;
આવાગમનની ચિંતા ટળશે, શરણુ ગ્રહો સુખદાઇ રે. મનુષ્ય.

---

(૮૬)

પદ.

રાગ ઉપરનો.

આદ્યાક્ષરી અંતરલાપિકા.

મારે મન વસીયા શ્રી માધવઃ
ધર્મ સ્વરૂપ વ્રતધારી રે.—ટેક
વશ વર્તે જેને દેવ દાનવ,
કિર્તી પુરાણે વિસ્તારી રે;
રસનાથી રટત નિરંતર,
તન મનથી ત્રિપુરારિ રે. મારે. ૧
નટવર બંસિધર નંદલાલે,
માર્યા દનુજ દુ:ખકારી રે;
લાયક ભકત જાણી વ્રજબાળા,
બાળ લીલા કીધી ગિરધારી રે. મારે. ૨
લાડ લડાવે જશોમતિ પ્રીતે,
કૃષ્ણ સ્વરૂપ નિહાળી રે;

તપ સાધન વ્રત હરિ પદ પુજા,
શિળ સંતોષ સુખકારી રે. મારે. ૩

હોંશ ધરી હૈયામાં નિશદિન,
રહો શરણુ નરનારી રે,
વારે ચડશે વિઠ્ઠલ વનમાળી,
શિખ માની લેજો મારી. મારે. ૪

---

(૯૭)

(દશા આ શી થઈ મારી) એ રાગ.

જગતના નાથને નિત્યે, ભજીલે ભાવથી પ્રીતે. ટેક.

સારાસાર સંસારમાં, સમજી લે ધરી સ્નેહ,
વિવેકી થા વિશ્વમાં, તેં ક્યાંથી ધરીઓ દેહ;
ગુરૂનું જ્ઞાન ગ્રહી ચિત્તે, ભજીલે ભાવથી પ્રીતે ૧

માતાના ઉદર વિષે, રક્ષા કોણુ કરનાર,
પોષણુ ત્યાં કોણે કર્યું, પૂરણુ ધરીને પ્યાર;
તેને તું જાણીને નિત, ભજીલે ભાવથી પ્રીતે. ૨

સમરથ છે તે સર્વદા, લક્ષ્મીવર જગનાથ,
શિવ બ્રહ્મા સેવે સદા, દેવો થઇ રહ્યા દાસ;
તેને ભજતાં સહુ ભય વિતે, ભજીલે ભાવથી પ્રીતે. ૩

બાળા કહે બહુ નામીનિ, ભક્તિ કરે જન જેહ,
તે નરને જમ ભય નહિ, ધરવી નહિ ફરી દેહ;
તેવા જન તે આ જગ જીતે, ભજીલે ભાવથી પ્રીતે. ૪

---

(૯૮)

પદ.

(ગોકળીઉં નાનું ગામડીઉં) એ રાગ.

અંતરજામિ આવો હવે સાચા બેલી શામ (૨)
ભક્તોના પુરણ કામ. અંતરજામી. ટેક.

માધવરાયા, દેવકીના જાયા,
માયાના વિલાસી, બ્રજવાસી ઘનશામ. અંતરજામી.

સદા સતસંગે, રહું ઉછરંગે,
ભક્તિના પ્રસંગે, નિત્ય રાખો નિજ ધામ. અંતરજામી.

કુંજ બિહારી, ગિરિવરધારી,
બંસી બહુ પ્યારી, વશ કીધી વ્રજભામ. અંતરજામી.

પ્રીતે પધારી, કરો સુખકારી,
બાળા બલિહારી, ભાવે ભજે તમ નામ. અંતરજામી.

(૯૯)

પદ.

(ગંગારામ ગંગારામ રામકૃષ્ણ ક) એ રાગ.

જીભલડી તું વારે વારે, માધવ ભજી લે;
માધવ ભજી લે, તું ત્રિકમ ભજી લે. જીભલડી. ટેક.
કુથલી કરવાની ટેવ પડી તારે,
મનમાં વિચારી લવારી છોડી દે. જીભલડી. ૧
જો તું નિહાળી આ સૌ સંસારી,
જન્મી જગતમાં ચાલ્યાં જાય છે. જીભલડી. ૨
દયા ને દિનતા રાખી અંતરમાં,
સત્ય શ્રદ્ધાથી નામ જપી લે. જીભલડી. ૩
બાળા કહે ઝટ રટ હવે રસના,
રામકૃષ્ણ વિના બીજું નહીં કે. જીભલડી. ૪

---

(૧૦૦)

પદ.

(ઉતારો ભવપાર રાધાના સ્વામી) એ રાગ.

સહાય કરો જગનાથ, માધવ પ્રભુ સહાય કરો જગનાથ;
ઝાલી રંકનો હાથ, માધવ પ્રભુ. ટેક.
આધિ વ્યાધિથી હું મુંઝાણી,

હવે કરો મમ વાર. માધવ.

કામ ક્રોધ મદ લોભ દમે છે,

હૈયામાં નવ રહે હામ. માધવ.

સંસાર જાળમાં અળગું છું વ્હાલા,

સપડાઇ સંસારી સાથ. માધવ.

પુન્યપર વારી પાપજ વેર્યું,

લેવાયું નહિ તુજ નામ. માધવ.

કાલી ઘેલી છું બાળા તમારી,

નહીં તરછોડો તાત. માધવ.

બાળા બાળક જાણી પોતાની,

હૃદયે વસો ઘનશામ. માધવ.

---

(૧૦૧)

પદ.

ગરબી ઢાળ.

(ઓધવજીના સંદેશાનો રાગ.)

મનુષા જન્મ ધરીને લ્હાવો લીજીએ,

ભાવ ધરીને ભજીએ માધવરાય જો;

આવાગમનની ઉપાધિને ટાળવા,

રાધાવરને રટીએ રૂદયા માંય જો. મનુષા. ૧

જુઠી બાજી જગની સરવે જાણવી,
સ્નેહ થકી સૌ માયામાં બંધાય જો;
જેમ પતંગીઉં દીવે પડવા જાય છે,
તેમ સૌ કાળના મુખમાં જીવ સમાય જો. મનુષા. ૨

કુટુંબ કબીલો સગાં સહોદર આપણાં,
અંત વખત નહીં આવે એકે કામ જો;
આવ્યાં તેમ જાવું છે સૌને એકલાં,
સાચો બેલી સૃષ્ટિ સરજનહાર જો. મનુષા. ૩

મનુષા જન્મ અતિ દુર્લભ છે દેવને,
જીવને મોક્ષ થવાનું દ્વાર ગણાય જો;
વારંવાર અવસર તો આવો નહીં મળે,
લક્ષચોરાશી ફેરા જીવને થાય જો. મનુષા. ૪

શમ દમાદિ સાધન નિતે સાચવો,
કામ ક્રોધાદિ સંહારવા ભલી ભાત જો;
દાન દયા દિનતા દિલમાં ધરો ભાવથી,
દાસ થઇ માધવને ભજ સાક્ષાત જો. મનુષા. ૫

પ્રેમતણી ભક્તિથી પ્રભુને પૂજતાં,
રાજી થાશે રૂક્ષ્મણી કેરો નાથ જો;
બાળાના પ્રભુને ભજતાં ભાવથી,
અંત સમયમાં આવે ગે'શે હાથ જો. મનુષા. ૬

———

(૧૦૨)

પદ.

(જળ ભરવા દીયોને જમુના તણાં તીર) એ રાગ.

મેં તો શરણુ ગ્રહ્યું છે માધવરાયનું જો,
ભક્તવત્સલ ભજુંછું ત્રિકમરાય, માણુરાજ. મેં તો
ભક્તિસમ લાભ બીજો નહિ ભાળીયો રે,
જેથી ભવસિંધુ પાર ઉતરાય, માણુરાજ. મેં તો.
તન મન ધન સોંપ્યાં મેં તો શામને રે,
મારા અંતરમાં આનંદ ન માય, માણુરાજ. મેં તો.
જેવી મીરાંને ભક્તિ આપી પ્રેમની રે,
તેવી અમને આપો શ્રી માધવરાય, માણુરાજ. મેં તો.
અનાથના નાથ બિરદ તમે પાળજો રે,
આપ દર્શન નિત્ય બાળા ચિત્ત ચ્હાય, માણુરાજ. મેં તો.

---

(૧૦૩)

પદ.

ભૈરવી ત્રિતાળ.

મન ક્યું ભટકત અભિમાની, હો દો દિનકા મિજમાની. મન ક્યું.
અજબ ખેલ દેખી દુનિયાકો, ક્યું ભયા હે મસ્તાની. મન ક્યું.
ચંચળ પ્રતિકું બશકર અપને, ગુરૂ ગમસેં બન જ્ઞાનિ. મન ક્યું.

સાર અસાર સમજ બિબેકે, બન રહે નિરમાની. મન કર્યું.
બાળા કહે ન બન તું દિવાના, ભજ માધવ મન માની. મન કર્યું.

---

(૧૦૪)

પદ.

બાંધું ફૂલ હિંડોળો પ્યારા, પધરાવું મનમોહન મારા,
રૂક્ષ્મણીવર રૂપાળા, આવો ઝુલવા રે;
મન ગમતા માધવરાય આવો ઝુલવા રે. ટેક.
ફુલ સુગંધી આજ મંગાવું, હાર ગજરા પ્રભુ કાજ ગુંથાવું;
અત્તર સુગંધી ચંદન પ્રભુજીને શોભવા રે. મન ગમતા. ૧
બિડલાં બાસઠ પાન બનાવું, કેશર કસ્તુરી માંહિ નંખાવું,
લવીંગ સોપારી આપું, પ્રભુ મુખ ઓપવા રે. મન ગમતા. ૨
રત્ન જડિત્ર કર વિંઝણો ઝાલું, શિત સુગંધી મંદ વાયુ ચલાવું;
પધારો પ્રીતમ બાળા ઉર આનંદ આપવા રે. મન ગમતા. ૩

---

(૧૦૫)

પદ.

(માતા જશોદા ઝુલાવે પુત્ર પારણે) એ રાગ.

માધવ ત્રિકમજી ઝુલોને સોના પારણે,
ઝુલો ઝુલોને ઝુલાવું સુંદિર શામ. માધવ.

વ્હાલા સાવરે સોનાનું છે પારણું,
રત્ન ડાંડી પારણીયા માંચ. માધવ.
ઝાઝે હીરલે તે પાચા જડાવીયા,
કોળીંડે મોતીડાની હાર. માધવ.
વિદુર મણિનું ઝુમખડું બંધાવીઉં,
રેશમ પાટી પારણીયા માંચ. માધવ.
હંસ પોપટ પારણીયે બહુ શોભતા,
મોરવાયે કળાયેલ મોર. માધવ.
મખમલ ગાદી પથરાવી તમ કારણે,
ગાલ મશુરીયાં પોઢવા કાજ. માધવ.
ખુશબો અત્તર સુગંધી છંટાવીયાં,
ફુલડાં વેરાવ્યાં પારણીયા માંચ. માધવ.
રત્ન જડીત્ર વીંઝણે ઢોળું વાવલા,
શિશનામી લાગું લળી લળી પાચ. માધવ.
સરખી સાહેલી મળીને ઝુલાવશું,
રેશમ દોરી લેશું હાથની માંચ. માધવ.
મારા ત્રિવિધિના તાપ નિવારજો,
જગત જવાળાથી બચાવો બાળા તાત. માધવ.

———

(૧૦૬)

પદ.

(લે લાગી રે લે લાગી રામ સીતા) એ રાગ.

પ્રીત બાંધી રે પ્રીત બાંધી,
મેં તો માધવ ત્રિકમ શું પ્રીત બાંધી;
ટાળી અવિદ્યાની ઉપાધી,
મેં તો માધવ ત્રિકમ શું પ્રીત બાંધી. ટેક.

પ્રેમ થકી નિત પૂજું પ્રભુને,
હર્ષ ધરી રહું હુલાસી. મેં તો. ૧

દુરિજનિયાં ભલે ફાવે તેમ બોલે,
આનંદ મારે મન દિન રાતિ. મેં તો. ૨

ભક્તિ કરૂં નિત્ય ભાવ ધરીને,
સમતા સાથે સત્સંગ સાંધી. મેં તો. ૩

બાળા કહે જેણે ભજ્યા નહિ ભૂધરને,
તેણે લાખોની ખોટ ખાધી. મેં તો. ૪

(૧૦૭)

પદ.

આરતિ

જય દેવ જય દેવ.

જય માધવરાયા, પ્રભુ જય ત્રિકમરાયા,
આપ તણી છે છાંયા, (૨) જગ જગના રાયા. જયદેવ જયદેવ.

અધમ ઉધ્ધારણ ઈશ, છો અંતરજામિ, પ્રભુ છો.
મુજ ખામી સો વિસરી (૨) તારો બહુ નામિ. જયદેવ જયદેવ.

હું છું દિન અભાગી, સુકર્મ સો ત્યાગી, પ્રભુ સુકર્મ.
આવી તમારે શરણે (૨) માગું છું માફી જયદેવ જયદેવ.

કામી છું લોભી છું, ક્રોધિ છું મદમાં, પ્રભુ ક્રોધિ.
હે હરિ ઓ હરિ ઝાલો (૨) હું છું અધવચમાં. જયદેવ જયદેવ.

આ સંસાર અસાર મેં જાણ્યો આજે, પ્રભુ મેં જાણ્યો.
દુઃખ તણા ડુંગર અહી, (૨) ગડગડીને ગાજે. જયદેવ જયદેવ.

વિવેક ને વૈરાગ્ય, સંપત્તિ સર્વે, પ્રભુ સંપત્તિ સર્વે.
પ્રેરો પ્રભુજી અમને, (૨) રહીએ બહુ હર્ષે. જયદેવ જયદેવ.

આપ છો દિન દયાળ, બાળા દીન જાણી, પ્રભુ બાળા.
તારી લ્યો ત્રિકમજી (૨) ઉર દયા આણી. જયદેવ જયદેવ.

(૧૦૮)

પદ.

(બાઈ ઘેલી મુને કીધી શ્રી નંદજીના લાલે) એ રાગ.

બાઇ ઘેલી મુને કીધી શ્રી માધવરાયે,
કોરી કાળજાં મારી નેન બાણે. બાઇ.

કપટી કાનુડે કામણ કીધાં, મારાં ચિત્તડાં ચોરીને લીધાં;
દરશન આપી હવે અળગાં કીધાં. બાઇ.

પ્રભુની રસીક છબીપર વારી, વ્હાલે મધુરી મોરલી બજાવી;
શુણી શબ્દને શુદ્ધ વિસારી. બાઇ.

પ્રીત લાગી માધવ તમ સાથે, મેં તો તન મન સોંપ્યા શામ હાથે;
શિદ તલસાવો છઊં અનાથે. બાઇ.

દરશન આપીને દિલડું રીઝાવો, અધિકો કલેષ શિદને કરાવો;
બાળાને વણમોતે કેમ મારો. બાઈ.

---

(૧૦૯)

પદ.

(ઉતારો આરતિ શ્રી કૃષ્ણ ઘેર આવ્યા) એ રાગ.

માધવ કિરતનની માળા મેં પૂરણ કીધી,
હર્ષ ધરી મન શ્રી વર પ્રભુને, આજે અરપણ કીધી રે. માધવ. ૧

જન્મ સુધરવા, ભવ દુઃખ હરવા, સુકૃત ઠરવા;
પ્રેમની ભક્તિ માગી લીધી રે. માધવ. ૨

ભક્તિ ભાવે, સદા નિભાવે, ગુણ જે ગાવે;
પામે મુકિત સીધી રે. માધવ. ૩

હરિ ગુણ ગાઉં, ઉર હરખાઉ, પ્રભુ ચિત ચાઉં;
અન્ય ઉપાધી ટાળી દીધી રે. માધવ. ૪

પ્રભુ ઇચ્છાએ, ગુરૂ કૃપાએ, માધવરાયે;
બાળા નિજ દાસી કીધી રે. માધવ. ૫

---

(૧૧૦)

પદ.

રાગ કાફી.

અમપર આજ કર્યો છે અનંત ઉપકાર. ટેક.

અનંતપ્રસાદે અનંત કૃપાએ, જાણ્યો મેં જગનો સાર. અમપર.
માધવ ભજનમાં પ્રીતી જોડાવી, તારી મને ભવ પાર. અમપર.
શુદ્ધ સંસ્કારે શુદ્ધ વિચારે, સતસંગ દીધો સાર. અમપર.
માયા જાળ તોડાવી મનથી, બાળા બચાવી આવાર. અમપર.

---

(૧૧૧)

પદ.

કાફી. હોરી તાલ દીપચંદી.

આથી વધુ ઉપકાર ગણાય શું, ગણાય શું. આથી વધુ. ટેક.

ઈશ સ્તવનમાં ચિત્ત વળગ્યું રહે, અન્ય ન થાયજ આશા,
સ્તુતિ તણા શુભ શબ્દ વિચારો, શ્રી માધવ મન રાચ્યા;
અનુની દયાથી પ્રકાશ્યા, આથી વધુ ઉપકાર. ૧

આપ કૃપાથી દરશન કરીયાં, માધવનાં મેં જ્યારે,
સ્ફુરણા અંતરમાં ઉપજી તે, પૂરણ થઈ આવારે;
ગણું અનુ આપ કૃપા રે, આથી વધુ ઉપકાર. ૨

ધન ધાન્યાદિ દેવાવાળા, દેવ ઘણાએ દીઠા,
પણ અનુ અવિનાશી સુખ દેતા, શ્રીવરથી સહુ હેઠા;
હૃદયમાં જે છે બેઠા, આથી વધુ ઉપકાર. ૩

શુભ ઉપદેશ દઇને મારા, અંતરમાં એ ઉતારી,
ભવસિંધુના નાવિક મળતાં, બુડતી બાળા તારી;
ખરે ભવ ભયથી ઉગારી, આથી વધુ ઉપકાર. ૪

સદ્‌ઉપદેશ દીએ છે સહુએ, પ્રભુ પરાયણ થાવા,
પણ તમ સમ દીઠા નથી કોઇ, અનન્યાશ્રમિ આવા;
ઘણા જો એમ બનાવ્યા, આથી વધુ ઉપકાર. ૫

પ્રપન્ન થઇ જે પ્રપન્નવું સુખ, તે વર્ણો છો નિત્યે,

અમ જેવાં અજ્ઞાની જનને, સમજાવો છો પ્રીતે;
શ્રુતિ સ્મૃતિ શાસ્ત્રની રીતે, આથી વધુ ઉપકાર. ૬

જીવન પ્રભુ અરથે અરપીને, ખટપટ સઘળી છોડી,
સ્વારથ ભોગ દીધો છે મોટો, કિર્ત્તનમાં ચિત્ત ચોડી;
સદા શ્રીપર મન જોડી, આથી વધુ ઉપકાર. ૭

બાળા કહે બુદ્ધિ બળ આપ્યું, અનુએ એમજ માનું,
શ્રી માધવ કૃપાથી અનુએ, મમ દુઃખ સર્વે નિવાર્યું;
જીવન મુજ સે'જ સુધાર્યું, આથી વધુ ઉપકાર. ૮

---

(૧૧૨)

પદ.

ગુરૂ સ્તુતિ.

લલિત છંદ.

સરવ સૃષ્ટિમાં ભટકી તો ખરી, ગુરૂ ચરણવિના ક્યાંઇ નવ ઠરી;
દુઃખ ગુરૂ હરો સુખ સ્થાપજો, પ્રેમ ભાવના ઉર આણજો.
ગુરૂ દયાવિના સુખ ના જડે, ગુરૂ કૃપા કરે તો હરિ મળે;
આપ એક છો મધુસુદન મણિ, જન્મ મર્ણનાં દુઃખ લો હરી.
સરવ દેવથી અધિક છો ગુરૂ, ઝટ દયા કરો ચરણમાં પડું;
ધન ધરા સહુ દુર હું કરૂં, કાળપાશથી અહર્નિશ ડરૂં.
મધુસુદન ગુરૂ પ્રણમું હે પ્રભુ, ચરણ રાખજો દાસને વિભુ;

અરજ એટલી ઉર આણજો, પ્રણતને સદા ભક્તિ આપજો.
જ્ઞાનિ છો ગુરૂ દિન દયાળ રે, દુઃખ હરી લીયો પતિત પાળ રે;
સરવદા મને સુમતિ આપજો, અરજ બાળાની ઉર રાખજો.

---

(૧૧૩)

પદ.

આરતિ.

જય શંકર સ્વામિ, ગુરૂ જય શંકર સ્વામિ;
સચ્ચીદાનંદ સ્વરૂપી, અખંડ અવિનાશી. જય શંકર.
મધુસુદના નંદ ગુરૂદેવ, ચિદ્દઘન સ્વરૂપે, ગુરૂ (૨)
જ્ઞાન ગંભિર ગોતિતા (૨) સાક્ષાત બ્રહ્મ રૂપે. જય શંકર.
વૈરાટ ક્ષેત્ર નિવાસ, વૈરાટમાં વસિયા, ગુરૂ (૨)
જ્યોતિર્મઠના જ્યોતિ, (૨) પ્રગટયા ગુર્જરમાં. જય શંકર.
ગહન ગતિ ગુરૂદેવ, સચરાચર વ્યાપ્યા, ગુરૂ (૨)
સૂર અસૂર મુની સર્વે, (૨) ગુરૂ ચરણે વિરામ્યા. જય શંકર.
અજ્ઞાન ઉદધિ સંસાર, જીવ સૌ ઝંપલાયા, ગુરૂ (૨)
કૃપા કરી ગુરૂદેવે, (૨) બાંહ્ય ગ્રહી તાર્યા. જય શંકર.
ગુરૂ વિના સૌ જીવ, જે સંસારે ફરતા, ગુરૂ (૨)
સ્થાવર જંગમ અવતાર, (૨) લક્ષ ચોરાશી ધરતા. જય શંકર.
દયાસિંધુ ગુણ ભંડાર, ગુરૂ સમ કોઇ નાવે, ગુરૂ (૨)

બાળા ગુરૂ ચરણુની દાસ, (૨) નિશદિન ગુણ ગાવે; જય શંકર.
સંવત નવ દશ અડસઠ, સાલ માઘ માસે કહીએ, ગુરૂ (૨)
તિથિ નવમી રવિવાર (૨) ગુરૂ આરતિ ચિત્ત દઇએ.
લાભ અતિ લઇએ. જય શંકર.

---

(૧૧૪)

શ્રી ગુરૂ કૈલાસવાસી થયા તેના શોક સાગરનું પદ.

શંકર વસ્યા રે કૈલાસમાં—એ રાગ.

ગુરૂ વસ્યા રે કૈલાસમાં,
કર્યો આનંદપુર વાસ રે, ગુરૂ વસ્યા રે કૈલાસમાં.
શંકર સ્વામિ પોતે પ્રગટીયા,
કર્યો વૈરાટપુર વાસ (૨)
ભરતખંડ ઉદ્ધારવા,
ધર્યો દંડ કરમાંય રે. ગુરૂ વસ્યા રે. ૧
મહા રૂદ્ર તો ઘણા કર્યા,
ચારે વેદની ધુન થાય (૨)
વિશ્નુ બ્રહ્માદિક સંતોષિયા,
તેત્રિશ ક્રોડ દેવતાય રે. ગુરૂ વસ્યા રે. ૨
નવ દ્વારા ઇંદ્રિયો વશ કરી,
નિરંજન નિરાકાર (૨)

દિક્ષા દીધી નર નારને,
જાણી પોતાના બાળ રે. ગુરૂ વશ્યા રે. ૩
શરણે આવ્યા તેને તારીયા,
કર્યો જીવનો ઉદ્ધાર (૨)
ભકતો ઉપર કરૂણા કરી,
એવા દિનના દયાળ રે. ગુરૂ વશ્યા રે. ૪

અલૌકિક મુરતિ ગુરૂ દેવની,
જ્ઞાન ગુણના ભંડાર (૨)
ઈશ્વરને આપે ઓળખાવીયા,
મધુસુદન મહારાજ રે. ગુરૂ વશ્યા રે. ૫

સાલ છાસઠ શ્રાવણ માસમાં,
શુકલ ચોથ મંગળવાર (૨)
શોક થયો સર્વ શિષ્યને,
નયણે નિર ન સમાય રે. ગુરૂ વશ્યા રે. ૬

મધુસુદન દરશન વિના,
પ્રગટે રોમ રોમ જવાળ (૨)
એવા ગુરૂના વિજોગથી,
ભટકું સૃષ્ટિની માંહિ રે. ગુરૂ વશ્યા રે. ૭
ભારે ભેદ ગુરૂ દેવનો;
કોઇએ કળ્યો નવ જાય (૨)

ગુરૂ મહિમા અપાર છે,
નિગમ નિરંતર ગાય રે. ગુરૂ વશ્યા રે. ૮

બાળા દરશન વિના વ્યાકુળી,
આઠે પહોર ઉદાસ (૨)
શોકમય થઇ ગાઉ સદા,
ધરી અંતરમાં પ્યાસ રે. ગુરૂ વશ્યા રે. ૯

સમાપ્ત.